પૂ. આ. વિજયલક્ષ્મણસૂરિ જૈન ગ્રંથમાળા ગ્રંથ ૧૧ :

# મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનધારા

પ્રો. ડૉ. વાડીલાલ જીવાભાઈ ચોકશી. એમ. એ. પીએચ. ડી.

પ્રકાશક

શ્રી આત્મકમલલબ્ધિસૂરિશ્વરજી જૈન જ્ઞાનમંદિર,

૬, જ્ઞાનમંદિર રોડ, દાદર બી. બી., મુંબઈ-૨૮

પૂ. આ. વિજયલક્ષ્મણસૂરિ જૈન ગ્રંથમાળા ગ્રંથ ૧૧ઃ

# મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનધારા

(મધ્યકાલીન જૈન ગુજરાતી સાહિત્ય : સંક્ષિપ્ત વિહંગાવલોકન)
(પ. પૂ. આચાર્ય વિજયલબ્ધિસૂરિ સંક્ષિપ્ત જીવનપરિચય સહિત)

**પ્રો. ડૉ. વાડીલાલ જીવાભાઈ ચોકશી, એમ. એ. પીએચ. ડી.**
(ભૂતપૂર્વ પ્રાકૃતના પ્રોફેસર– ગુજરાત કૉલેજ, પાટણ કૉલેજ; ગુજરાતીના પ્રોફેસર–ખંભાત કૉલેજ, ડાકોર કૉલેજ, તલોદ કૉલેજ અને ચીખલી કૉલેજ.)

**પ્રાપ્તિસ્થાન :**

(૧) ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ-૧.
(૨) પ્રો. ડૉ. વાડીલાલ જીવાભાઈ ચોકશી, ૨૭, જૈનનગર, પાલડી, અમદાવાદ–૭
(૩) નવભારત સાહિત્ય મંદિર, ૧૬૨, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ ૪૦૦ ૦૦૨

Madhykalin Gujarati Sahityman Jaindhara : by Dr. V. J. Chokshi Published by Shri A. K. L. Jain Jnanmandir' 6, Jnanmandir Road, Dadar Bombay 4000028 1979. Rs. 5.

આમુખ
અધ્યાપક કેશવરામ કા. શાસ્ત્રી
મહામહિમોપાધ્યાય, વિદ્યાવાચસ્પતિ.

© વી. જે. ચોકશી

પ્રત ૧૦૦૦

પ્રથમ આવૃત્તિ : જુલાઈ ૧૯૭

મૂલ્ય : રૂા. ૫-૦૦
મુદ્રક :


શારદા મુદ્રણાલય, પાનકોર નાકા,
અમદાવાદ-૩૮૦ ૦૦૧

પ્રકાશક :
શ્રી આત્મકમલલબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર, ૬, જ્ઞાનમંદિર રોડ,
દાદર, બી. બી., મુંબઈ ૨૮.

# અર્પણ

શાશનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ, કવિકુલકિરીટ

## આચાર્ય વિજયલબ્ધિસૂરીશ્વરજીને



## અનુક્રમણિકા


| | | પૃ. |
|---|---|---|
| ૧. | આમુખ | ૫ |
| ૨. | પ્રાસંગિક | ૬–૮ |
| ૩. | પ્રાસ્તાવિક | ૯–૧૦ |
| | | પૃ. |
| ૪. | શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી – સંક્ષિપ્ત જીવનપરિચય | ૧–૫૧ |
| ૫. | મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનધારા (સંક્ષિપ્ત વિહંગાવલોકન) | |
| | (૧) સમગ્ર મધ્યકાલીન સાહિત્યધારામાં જૈન-સાહિત્યધારા | ૫૩–૭૫ |
| | (૨) જૈનધારામાંથી ગુજરાતી ભાષાસાહિત્યનો આરંભ : તેની અગત્ય. | ૭૬–૭૯ |
| | (૩) અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં આચાર્ય-વિજયલબ્ધિસૂરિ તથા આચાર્ય વિજયકીર્તિચંદ્ર-સૂરિનો ફાળો. | ૮૦ |
| ૬. | 'ઋષભદાસ–એક અધ્યયન' ગ્રંથમાં અગત્યનો સુધારો | ૮૧–૮૨ |
| ૭. | શુદ્ધિપત્રક | ૮૩–૮૪ |

# આમુખ

ડૉ. વાડીલાલ જીવાભાઈ ચોકસી દ્વારા લખાયેલ 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનધારા' એ વિષયની પુસ્તિકાના પ્રકાશનને હું આવકારૂં છું. ડૉ. ચોકસીએ બારમી સદીથી લઈ ઓગણીસમી સદીના મધ્યકાલ સુધીની જૈન સાહિત્યધારાનો આ પુસ્તિકામાં અત્યંત મિતાક્ષરીમાં સરળ પરિચય આપ્યો છે, જે આ વિષયમાં પ્રવેશ કરવા ધારતા જિજ્ઞાસુઓને ખૂબ જ માર્ગદર્શક થઈ પડશે એનો મને વિશ્વાસ છે. ડૉ. ચોકસીનો આ વિષયનો અભ્યાસ ઊંડો છે. એમનો ડૉકટરેટનો વિષય પણ આજ હતો એટલે ૭૦૦–૭૫૦ વર્ષોનું ચિત્ર એમની આંખ સામે ખડું છે. આને કારણે મહત્ત્વનાં સીમાચિહ્નો તરફ અંગુલિનિર્દેશ કરવામાં એમને સફળતા મળી છે.

આવા અનેક પ્રયત્ન એમને હાથે થતા રહે અને એમના વિશાળ જ્ઞાનનો જિજ્ઞાસુઓને લાભ મળ્યા કરે એવી મંગળ ભાવના.

મધુવન એલિસબ્રિજ,
અમદાવાદ–૩૮૦૦૦૬
તા. ૨૬–૫–૭૯

કેશવરામ કા. શાસ્ત્રી

# પ્રાસંગિક

પ્રો. શ્રી વાડીલાલ જીવાભાઈ ચોકસી M. A. Ph. D. એ થોડા સમય પહેલા જ "કવિ ઋષભદાસ" ગ્રન્થ પ્રગટ કરી સાહિત્ય જગતમાં સારી ખ્યાતિ મેળવી છે. ગ્રન્થપ્રકાશનવિધિનો ભવ્ય સમારંભ પણ મારી નિશ્રામાં બોરીવલી – ગીતાંજલીનગરમાં પુરવઠામંત્રી (મહારાષ્ટ્ર રાજ્ય) શ્રી હસમુખ ઉપાધ્યાયના હસ્તે યશસ્વી રીતે ઉજવાયો હતો.

પ્રો. શ્રી વાડીભાઈને – એમણે લખેલા ગ્રન્થો પ્રગટ કરવા મેં પ્રોત્સાહન આપ્યું એથી ટૂંકા ગાળામાં સત્વરે તેમણે બીજું પુસ્તક "મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનધારા" પણ તૈયાર કર્યું.

આ બીજો ગ્રન્થ એમણે, મારા તથા એમના સૌના ઉપકારી, બહુશ્રુત વ્યાખ્યાન વાચસ્પતિ- સ્વ. પૂ. આચાર્યદેવ વિજયલબ્ધિ-સૂરીશ્વરજી મહારાજને સમર્પણ કરી સાચે જ કૃતજ્ઞતા પ્રગટ કરી છે. તેઓશ્રીના જીવનનો વિશિષ્ટ સંક્ષિપ્ત જીવનપરિચય તેમણે "શાસન-પ્રભાવક સૂરિદેવ" ગ્રન્થમાંથી તારવી ઠીક ઠીક પૃષ્ઠોમાં રજૂ કર્યો છે. પરમ ગુરુદેવ – જૈન તથા જૈનેતર જગતના- જાણીતા- માનીતા અજાતશત્રુ હતા. સાહિત્યજગતમાં પ્રશંસાપાત્ર આદર પામે તેવી તેમની કૃતિઓ છે. ગદ્ય-પદ્યમાં અનેક ગ્રન્થોનું તેઓશ્રીએ સર્જન કર્યું છે, અને સાહિત્યજગતમાં તે ઉપયોગી અને ઉપકારક પૂરવાર થયું છે, કારણકે તે બાળભોગ્ય, લોકભોગ્ય અને વિદ્દદ્ભોગ્ય છે. પ્રો. શ્રી વાડીલાલભાઈએ- આવી એક વિરલ મહાવિભૂતિને ગ્રન્થ સમર્પણ કરવાની અણમોલ તક ઝડપી લીધી તે ઉચિત જ કર્યું છે.

ત્રીજો ગ્રન્થ પણ તેઓ તૈયાર કરી રહ્યા છે, જે દક્ષિણ-દેશોદ્ધારક સ્વ. પૂ.પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી

મહારાજને સમર્પણ કરવાનું તેમણે નિર્ધાર્યું છે. પૂ. ગુરુદેવના પ્રભાવક પ્રવચનોની– પ્રો. શ્રી વાડીભાઈ ઉપર ઊંડી છાપ પડી છે અને તેથી જ એ ગ્રન્થ એઓશ્રીને સમર્પિત કરી યત્કિંચિત્ ઋણ ફેડવાની અમૂલી તક એમને સાંપડશે એ વિચારથી એમનું હૃદય આનંદ વિભોર બને છે.

પ્રસ્તુત પુસ્તિકાના લેખનમાં લેખકે કેવો અને કેટલો પુરુષાર્થ ખેડયો છે, તેનો આમ જનતાને ખ્યાલ ન આવે એ સ્વાભાવિક છે. એની કદર તો વિદ્વાનો જ કરી શકે. માટે જ એક સુભાષિતમાં કહ્યું છે કે—

''વિદ્વાન્ એવ હિ જાનાતિ વિદ્વજ્જનપરિશ્રમમ્।
ન હિ વન્ધ્યા વિજાનાતિ ગુર્વીપ્રસવવેદનાં ॥

('વિદ્વાનોનો પરિશ્રમ વિદ્વાનો જ જાણી શકે, મહા પ્રસવવેદનાનો ખ્યાલ વંધ્યાને ન જ આવી શકે.)'

અપેક્ષાએ આ પુસ્તિકા સામાન્ય જનતાને કદાચ જરા ગંભીર લાગશે. કારણકે પુસ્તકનો વિષય અને દૃષ્ટિ સાહિત્યિક અને ઐતિહાસિક છે. પણ સાહિત્યકારોને અને ઇતિહાસવિદોને તો આ ગ્રન્થ આશિર્વાદરૂપ નિવડશે એ હકીકત છે.

પ્રો. વાડીલાલભાઈએ આપણા જૈન કવિઓ સંબંધી અજૈનો પર પ્રકાશ નાખવાનું શરૂ કર્યું છે એ બહુ જ ખુશીની વાત છે. વાસ્તવમાં ગુજરાતી સાહિત્યની તો સર્વ જૈન કવિઓ- લેખકોએ સર્વાધિક સેવા કરી છે. પણ હજુ સુધી તેનું જોઈએ તેવું મૂલ્યાંકન થયું નથી. પ્રો. વાડીભાઈએ એ દિશામાં યોગ્ય પગરણ માંડયુ છે તે ખરેખર પ્રશંસાપાત્ર છે.

પ્રાચીન મહાપુરુષોએ ગદ્ય–પદ્ય–સાહિત્યનું સર્જન કરવામાં કેવો ભગીરથ પુરુષાર્થ કર્યો છે, તેમણે કેવા ભવ્ય અને દિવ્ય ગ્રન્થો આપણી સમક્ષ મૂકી અનહદ ઉપકાર કર્યો છે, તેનો આ પુસ્તિકા વાંચવાથી ખ્યાલ આવે છે અને સાચે એ દિવ્ય વિભૂતિઓ પ્રત્યે અહોભાવ ઉત્પન્ન થયા વગર રહેતો નથી.

ગ્રન્થલેખક પ્રો. શ્રી વાડીભાઈ જૂની પેઢીના ધર્મચૂસ્ત, શાસ્ત્ર અને સિદ્ધાંતને વફાદાર, સરળ અને નિખાલસ હૃદયના છે. દેવ-ગુરુ અને ધર્મ પ્રત્યે અનહદ આસ્થા ધરાવનારા છે. એટલે જ તેમને એ વિભૂતિઓ પ્રત્યે અહોભાવ છે. "કેટલાક અનભિજ્ઞો પૂર્વકવિઓના રાસોને જૂનવાણી સમજી આપણા પૂજ્ય પુરુષોની અવગણના કરી પાપના ભાગીદાર બને છે. બાકી વાડીલાલભાઈ સહિત ગુજરાતી સાહિત્યના પ્રખર અને સંનિષ્ઠ વિદ્વાનો તો એ સુંદર રાસો, પ્રબંધો અને આખ્યાનો આદિની ભૂરી ભૂરી પ્રશંસા કરે છે અને તેમણે તે રાસોનું સુંદર મૂલ્યાંકન પણ કર્યું છે.

એક કાળ હતો કે જ્યારે – મોટા – મોટા પંડિત સાધુપુરુષોએ અબુધજનોને ધર્મના માર્ગે આણવા અનેક – વિધ રાસાઓની રચના કરી છે. લેખકે – એ કાવ્ય યુગ ક્યારથી શરુ થયો અને મધ્યાન્હના સૂર્યની જેમ ક્યારે એ ટોચે આવ્યો તે ટૂંકમાં સુંદર રીતે સમજાવ્યું છે. મધ્યાકાળમાં જૈન સાધુપુરુષોએ–મહાપુરુષોએ દુહા, છપ્પા, સજઝાયો, કાવ્યો, સ્તવનો, રાસાઓ, પ્રબંધો, આખ્યાનો, કથાઓ, પદો વ. વિવિધલક્ષી સાહિત્યનું સર્જન કર્યું હતું, તેમ જૈનેતરોમાં શ્રી નરસિંહ મહેતા, મીરાબાઈ, સંત તુલસીદાસ વગેરે અનેક જૈનેતર સંતોએ પણ વિવિધ સાહિત્યસર્જન કરી લોકપ્રવાહમાં વહેતુ કર્યું હતું.

લેખકશ્રીએ – આ ગ્રન્થમાં આવી તેમ જ જિજ્ઞાસુઓની તૃષાને તૃપ્ત કરે તેવી બીજી વિવિધ બાબતો સાંકળી લીધી છે. કેટકેટલા પુસ્તકો – ગ્રન્થોનું દોહન – મનન અને તારવણી કરી હોય ત્યારે આવા ગ્રન્થો નિર્માણ થાય!

પરિપક્વ વયે પણ લેખકની જ્ઞાનરુચિ, જ્ઞાનપિપાસા અને કંઈક કરી છૂટવાની તમન્ના ખરેખર અભિનંદનને પાત્ર છે.

ભવિષ્યમાં પણ તેઓ આવું સુંદર સાહિત્ય સર્જતા રહે અને પુણ્ય ને યશના ભાગી બને એ જ એક અભિલાષા.

બોરીવલી — શ્રી લબ્ધિલક્ષ્મણસુરિશિશુ

તા. ૧૬–૬–૭૯ — કીર્તિચંદ્રસુરિ

# પ્રાસ્તાવિક

વિશાળ રીતે જોતાં સમગ્ર ગુજરાતી સાહિત્યના સામાન્ય સમય મર્યાદાવાળા ત્રણ મુખ્ય વિભાગ પાડી શકાય. (૧) જૂનું અથવા પ્રાગ્નરસિંહ ગુજરાતી સાહિત્ય ઈ.સ. બારમા શતકથી ચૌદમા શતક આસપાસ. (૨) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યઃ પંદરમા શતકથી ઓગણીસમા શતકના પૂર્વાર્ધની આસપાસ. (૩) અર્વાચીન ગુજરાતી સાહિત્યઃ ઓગણીસમા શતકના પૂર્વાર્ધની આસપાસ પછીનું.

પરંતુ ઇતિહાસની દૃષ્ટિએ ગુજરાતી સાહિત્યના મુખ્ય બે વિભાગ પાડવામાં આવે છે. (૧) મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય (હેમચંદ્રાચાર્ય પછીથી તે દયારામ સુધીનું— ઈ.સ. બારમા શતકથી તે ઈ.સ. ૧૮૫૦ સુધીનું (૨) અર્વાચીન ગુજરાતી સાહિત્ય ઈ.સ. ૧૮૫૧થી આજદિન સુધીનું.

આમ ઐતિહાસિક દૃષ્ટિએ બારમા શતકથી માંડી ઈ.સ. ૧૮૫૦ સુધીના સમગ્ર મધ્યકાલીન યુગમાં મધ્યકાલીન ગુજરાતી ભાષાનું વિશિષ્ટ સાહિત્ય સર્જાયું. ત્યારબાદ ઈ. સ. ઓગણીસમા શતકના પૂર્વાર્ધની આસપાસ ગુજરાતી સાહિત્યે પોતાનું આર્વાચીન સ્વરુપ (જેમાં ગદ્યસાહિત્ય ઘણો અગત્યનો ભાગભજવે છે તે) ધારણ કરવા માંડયુ.

આ ગ્રંથમાં એ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યપ્રવાહમાં તેની જૈનધારાનુ (યાને મધ્યકાલીન જૈન ગુજરાતી સાહિત્યનું) વિહંગાવલોકન ખૂબ જ સંક્ષિપ્તમાં કરવામાં આવ્યું છે, જેથી સાહિત્યના અભ્યાસીઓ તેમ જ જિજ્ઞાસુઓને તે જૈનધારાનો ખ્યાલ ટૂંકમાં જ ત્વરાથી આવી શકે. આશા છે કે વિદ્વાનો અને તજજ્ઞો તેને યોગ્ય આવકાર આપશે.

સાથે સાથે અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં આચાર્ય વિજયલબ્ધિસૂરિ અને આચાર્ય વિજયકીર્તિચંદ્રસૂરીના ગણનાપાત્ર ફાળાની પણ અંતે નોંધ લેવી ઉચિત માની છે.

વિશેષમાં ઉલ્લેખ કરવાનો કે પોતાના સેંકડો ભાવવાહી, જ્ઞાનસભર, હૃદયવેધક અને અલંકારીક ઊર્મિકાવ્યો – સ્તવનો, સઝ્ઝાયો, પૂજાઓ અને સ્તુતિઓ આદિનું ઊર્મિસભર સાહિત્ય રચી અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં એક ગણનાપાત્ર કવિ તરીકે પોતાનું માનભર્યું અને મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરનાર કવિકુલકિરીટ આચાર્ય વિજયલબ્ધિસૂરિશ્વરજીને આ ગ્રંથ અર્પણ કરવામાં આવ્યો છે. સાથે સાથે આ ગ્રંથના આરંભે એ મહાપુરુષનો સંક્ષિપ્ત જીવનપરિચય પણ પ્રથમ ૫૧ પાનામાં આપવામાં આવ્યો છે. મધ્યકાળના સર્વ જૈન કવિઓના સાહિત્યના સંક્ષિપ્ત સિંહાવલોકનનો આ ગ્રંથ લબ્ધિસૂરિ જેવા એક સમર્થ અર્વાચીન ગુજરાતી કવિને અર્પણ કરવામાં આવ્યો છે એ સર્વ રીતે સમુચિત જ છે એટલું જ નહિ પણ તેમની કિંમતી સાહિત્યસેવાને તે એક અંજલિ સમાન છે.

૨૭, જૈનનગર, પાલડી
અમદાવાદ–૭

**વી. જે. ચોકશી.**

# શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી –સંક્ષિપ્ત જીવન પરિચય

### જન્મ.

કવિકુલ–કિરીટ વ્યાખ્યાન–વાચસ્પતિ શાસનપ્રભાવક સૂરિદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજનો જન્મ ગુજરાતના મહેસાણા જિલ્લામાં કડીથી ૧૩ માઈલ દૂર આવેલા બાલશાસન નામના ગામમાં દશાશ્રીમાલી જૈન જ્ઞાતીય ધર્માનુરાગી શેઠ પિતાબંર ઉગરચંદના ધર્મપત્ની મોતીબેનની કુક્ષીથી ઈ. સ. ૧૮૮૪માં પોષવદ ૧૨ ના રોજ થયો હતો. તેમનું નામ લાલચંદ રાખવામાં આવ્યું હતું. ખોડીદાસ નામે તેમના મોટાભાઈ હતા – જાણે કે બાલવયમાં જ તેમને (જૈન) શાસનની પ્રાપ્તિ થવાની હતી એટલે તેઓ 'બાલશાસન' ગામમાં જ જન્મ્યા એ પણ કેવો મિષ્ટ યોગાનુયોગ છે!

### બાલ્યાવસ્થા અને વિદ્યાભ્યાસ

પુત્રવત્સલ પિતા અને મમતાળુ માતાની ગોદમાંથી ઉછરતા લાલચંદ કંઈક મોટા થયા, ત્યારે પોતાની કાલીઘેલી બોલીથી સહુને આનંદ આપવા લાગ્યા અને પોતાના વડીલબંધુ ખોડીદાસ વગેરે સાથે બાલસહજ ક્રીડાઓ કરીને ઘરને ભર્યું ભર્યું રાખવા લાગ્યા.

માતા જ્યારે જિનમંદિરે જતી, ત્યારે લાડીલા લાલચંદને સાથે લઈ જતી અને તેમના કદલીકોમલ બે હસ્તો ભેગા કરીને પ્રભુને ‘જે જે’ કરાવતી. પછી તે પાટલા પર ચોખાનો સાથીઓ, ત્રણ ઢગલીઓ અને ચંદ્રકળાની આકૃતિ કરતી, ત્યારે આ લાલચંદ તેના સામું ટગર ટગર જોયા કરતા અને તેના પર પાઈ, પૈસા, બદામ કે દેવને કંઈ ચડતું તેના સામી મીટ માંડતા. તે વખતે તેમનાં મનમાં કેવા વિચાર ઉઠતા હશે, તે કહેવાનું અમારે માટે શક્ય નથી, પણ અનુમાનથી અમે જણાવીએ છીએ કે આ બધું જોઈને તેમને એક પ્રકારનો હર્ષ થતો હશે અને ‘હું પણ પ્રભુ સમક્ષ આવી સ્વસ્તિકાદિ રચના ક્યારે કરીશ?’ એવો મનોરથ ઉઠતો હશે. અલબત્ત, એ વખતે એ મનોરથ વ્યક્ત કરવાનું તેમનું વાણીસામર્થ્ય નહિ હોય, પણ ભાવરૂપે એ મનોરથ તેમના ચિત્તપ્રદેશમાં વિહરણ કરતો હશે અને તેના પર પોતાની કુમકુમ પગલીઓ પાડતો હશે.

અઢી વર્ષની ઉંમરે તેમણે માતાપિતા સાથે ભોંયણી તીર્થની યાત્રા કરી હશે.

બાલશાસન ગામ ભોયાણી તીર્થના રસ્તા પર આવેલું હતું એટલે ત્યાં નિર્ગ્રંથ સાધુ–સાધ્વીઓનું આગમન ઘણીવાર થતું. પીતાંબર શેઠ અને મોતી બહેન સાધુ–સાધ્વીઓનાં ભક્ત હતાં, તેથી આવા પ્રસંગે તેઓ તેમને વંદન કરવા, સુખશાતાની પૃચ્છા કરવા તથા ગોચરીનો લાભ આપવા વિનંતિ કરવા જતાં. નાનકડા લાલચંદ એ વખતે ચાલવાની હઠ પકડતા અને તેમની આંગળી પકડીને સાથે જતા તથા માતાપિતાની માફક પોતે પણ એ સાધુ–સાધ્વીઓને મસ્તક નમાવતા.

લાલચંદ જ્યારે નવ વર્ષની ઉંમરના હતા, ત્યારે પિતાંબર શેઠ બિમાર પડયા અને કાળની કુટિલ કરામતે તેમને સહુની વચ્ચેથી એકાએક ઉપાડી લીધા. મોતીબહેન પર વૈધવ્યનું વાદળ તૂટી પડયું

અને ખોડીદાસ તથા લાલચંદ આંખમાંથી ચોધાર આંસુ સારવા લાગ્યા. કુટુંબીજનોએ આશ્વાસન આપીને એ આંસુ લૂછયા અને મોતીબહેનને છાતી કઠણ કરીને કામ લેવાની સલાહ આપી. મોતીબહેન સમજુ હતા અને હવે ગમે તેવો કલ્પાંત કરવા છતાં પતિનું મુખ-દર્શન ફરી થવાનું નથી એ જાણતા હતા, એટલે તેમણે મનને વાળ્યું અને તેને ધર્મના રસ્તે વિશેષ ચડાવ્યું.

તે વખતે બાલશાસનમાં નિશાળ ખૂલી ન હતી, એટલે લાલ-ચંદ કક્કો, બારાખડી, આંક વગેરે પોતાના પિતાની પાસેથી શીખ્યા હતા. પછી ગામમાં દોલતરામ નામના એક ઉત્સાહી ગૃહસ્થ આવ્યા અને તેમણે છોકરાઓ ભણાવવાનું કામ શરૂ કર્યું. લાલચંદે તેમની પાસે માત્ર આઠ મહિનામાં ત્રણ ગુજરાતી જેટલો અભ્યાસ કરી લીધો. આ વખતે તેમની ઉંમર અગિયાર વર્ષની હતી. વિનય અને બુદ્ધિ-ચાતુર્યથી શિક્ષકને આનંદ ઉપજાવી રહેલા લાલચંદ વિદ્યાભ્યાસમાં આગળ વધી રહ્યા હતા, તે વખતે તેમને એક સ્વપ્ન આવ્યું કે તીર્થંકર ભગવંત સમવસરણમાં બિરાજી રહ્યા છે અને અમૃતથી પણ મીઠી વાણી વડે ભવ્યજનોને ઉપદેશ આપી રહ્યા છે. હું તેમની સાનિધ્યમાં બેઠો છું અને તેમનું વંદન–પૂજન–સ્તવન કરી રહ્યો છું. આ સ્વપ્ન વિશિષ્ટ સંકેતરૂપ હતું, એમ ભાવી ઘટનાએ પૂરવાર કરી આપ્યું છે.

ઈ. સ. ૧૮૯૪માં શ્રીમદ્ આત્મારામજી મહારાજના ભાવી પટ્ટા-લંકાર નિઃસ્પૃહચૂડામણિ શ્રીમદ્ કમલવિજયજી મહારાજે ભોયણીજી તીર્થની યાત્રા કર્યા બાદ બાલશાસન ગામને પાવન કર્યું. સંઘે તેમનો ભારે સત્કાર કર્યો અને થોડા દિવસ સ્થિરતા કરવાની વિનંતિ કરી. એ વિનંતિનો સ્વીકાર કરીને તેઓ અહીં સ્થિર થયા અને પ્રતિ-દિન વૈરાગ્યરસભીની વાણીનો પ્રવાહ વહેવડાવવા લાગ્યા. ગામ લોકો શ્રદ્ધા અને ભક્તિપૂર્વક તેનું પાન કરવા લાગ્યા, તેમાં લાલચંદ

પણ સામેલ હતા. મહાપુરુષોની વાણી અમોઘ હોય છે, એટલે તેની અસર થયા વિના રહેતી નથી. તેમાં જે આત્માઓ ભવભીરુ હોય છે, અને જેમનો ભવાંત નજીક હોય છે, તેમને એ વાણીની ખૂબ જ અસર થાય છે. લાલચંદને આ વાણીએ ખૂબ અસર કરી અને તેઓ આ મહાપુરુષના અતિ પ્રભાવશાળી વ્યક્તિત્વથી ખૂબ જ આકર્ષિત થયા. પછી તો એકલા જઈને પણ તેમના દર્શન–સમાગમનો લાભ લેવા લાગ્યા. આ સંતસમાગમનાં પરિણામે સંસારની અસારતા મનમાં વસી અને વૈરાગ્યનાં બીજ વવાયાં. ખરેખર! થોડા વખતનો સંતસમાગમ પણ અદ્‌ભૂત કામ કરી જાય છે. સંત તુલસીદાસજીએ ઠીક જ કહ્યું છે કે—

**આધિસેં આધિ ઘડી. આધિસેં પુનિ આધ;**
**તુલસી સંગત સાધુકી, કટે કોટિ અપરાધ.**

લાલચંદની આ મનોભાવના નિહાળી શ્રીમદ્ કમલવિજયજી મહારાજને ઘણો આનંદ થયો. તેમણે લાલચંદને પોતાનો વિદ્યાભ્યાસ વધારવાની સૂચના કરી અને એક મંગલ પ્રભાતે ત્યાંથી વિહાર કર્યો.

લાલચંદને વિશેષ ભણવાની ઇચ્છા હતી, પણ બાલશાસનમાં એ બની શકે તેમ ન હતું. માતા મોતીબહેનનો મત તો એવો જ હતો કે 'વધારે ભણીને શું કામ છે?' તેથી આખરે એવો નિર્ણય કરવામાં આવ્યો કે વિશેષ વિદ્યાભ્યાસ માટે લાલચંદને માણસા—તેની ફોઈ દલસીબહેનને ત્યાં મોકલવો.

આ રીતે લાલચંદ બાલશાસન છોડી માણસામાં આવ્યા અને ત્યાંની સરકારી શાળામાં દાખલ થઈ વિશેષ વિદ્યાભ્યાસ કરવા લાગ્યા. જ્યાં ખંત અને ઉદ્યમ હોય ત્યાં પ્રગતિ થતાં શી વાર? દલસીબહેન પણ તેમના વિદ્યાભ્યાસની ખૂબ કાળજી રાખતા અને બાકીના સમયમાં તેમનું ધાર્મિક જ્ઞાન વધે તેવા પ્રયત્નો કરતા. દલસીબહેનનું પોતાનું જીવન ઘણું ધર્મપરાયણ હતું, એટણે લાલચંદ પર તેનો પ્રભાવ

ખૂબ પડયો અને તેઓ ધાર્મિક વિષયમાં પણ સારી પ્રગતિ કરવા લાગ્યા.

શાળાઓમાં રજા પડતી કે તહેવારોની છૂટી મળતી, ત્યારે લાલચંદ બાલશાસન જતા અને માતાને મળી આવતા. માતા તેમને સાજાનરવા જોઈને તથા વિદ્યાભ્યાસમાં આગળ ધપતા જાણીને ઘણા રાજી થતા અને તેમના મસ્તક તથા પીઠ પર વાત્સલ્યભર્યો હાથ ફેરવતા. આ જગતમાં માતા જેવું વાત્સલ્ય બીજુ કોણ દર્શાવી શકે છે?

## વૈરાગ્યના બીજ

ઈ. સ. ૧૯૦૦માં પૂ. આત્મારામજી મહારાજના પંજાબી શિષ્ય ઉદ્યોતવિજયજી મહારાજે માણસામાં ચાતુર્માસ કર્યું. તેમના સત્સંગે લાલચંદના હૃદયક્ષેત્રમાં પડેલાં વૈરાગ્યબીજોને નવપલ્લવિત કર્યાં. હવે લાલચંદને સંસારના સર્વ સંબંધો મિથ્યા ભાસવા લાગ્યા અને તેમાં બંધાઈ રહેવું એ એક પ્રકારની કાયરતા લગી. 'જો સંસારત્યાગ એ જીવનનો કલ્યાણકારી પ્રશસ્ત માર્ગ છે, તો તેને આજથી જ ગ્રહણ કેમ ન કરવો? પરંતુ મમતાળુ માતા મને છૂટો પડવા દેશે ખરી? અને વ્હાલસોયો ભાઈ, કાકા, કાકી વગેરે શું કહેશે? વળી આ ફોઈ તો મને આંખની કીકી જેવો માને છે અને શાળાએથી થોડો મોડો આવ્યો હોઉં તો પણ ઊંચી-નીચી થઈ જાય છે, તે મારો વિયોગ જરા પણ સહન કરી શકશે નહિ. તો મારે શું કરવું? અરેખર! સમસ્યા ઘણી વિકટ છે!'

આ મનોમંથનમાં ચાતુર્માસ વ્યતીત થયું અને પૂજ્ય ઉદ્યોત-વિજયજી મહારાજ વિહાર કરીને વડાલી પધાર્યા. તે વખતે લાલચંદનું મનોમંથન પૂર્ણ થયું અને તેઓ સંસારનો ત્યાગ કરવાના મક્કમ નિર્ણય પર આવી ગયા. આથી તેઓ એકાએક વડાલી પહોંચ્યા અને પોતાને દીક્ષા દેવાની વિનંતિ કરી. પરંતુ તેમની દીક્ષાની આ વિનંતિ સફળ થાય તે પહેલાં તેમના ફોઈ તથા બીજા સંબંધીઓ

વડાલીમાં હાજર થઈ ગયા અને ખૂબ દબાણ કરી તેમને પાછા લઈ આવ્યા. એક વાર પાંજરામાંથી છૂટી ગયેલું પક્ષી પકડાઈ જાય અને ફરી પાંજરામાં પૂરાઈ જાય, એને આપણે કુદરતના કોઈ અગમ્ય સંકેત સિવાય બીજું શું કહી શકીએ?

લાલચંદ પોતાનો અભ્યાસ પૂર્વવત્ કરવા લાગ્યા, પરંતુ તેમને લાગેલો વૈરાગ્યનો રંગ જરા પણ ઉપટયો નહિ. વધારે સ્પષ્ટ કહીએ તો એ દિનપ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યો અને તેની અસર તેમના આહારવિહાર વગેરે પર સ્પષ્ટપણે જણાવા લાગી. વડીલ ભ્રાતા શ્રી નંદિવર્ધનના આગ્રહથી ભગવાન મહાવીરે બે વર્ષનો વિશેષ ગૃહવાસ સ્વીકાર્યો હતો, પણ તે દરમિયાન તેમનું જીવન ઉત્કટ વૈરાગ્યમય રહ્યું હતું, તેના જેવી જ આ સ્થિતિ હતી.

લાલચંદે બીજી બે વાર પૂજ્ય ઉદ્યોતવિજયજી મહારાજ પાસે દીક્ષા લેવાના પ્રયત્ન કર્યા, પણ સગાંવહાલાંઓની મોહગ્રસ્ત દશાએ તેને સફળ થવા દીધા નહિ.

## દીક્ષા

સં. ૧૯૫૨ના જેઠ વદિ સાતમને રોજ સ્વનામધન્ય શ્રી આત્મારામજી મહારાજ કાલધર્મ પામતાં જૈન જગતનો એક જ્વલંત સિતારો ખરી પડયો હતો અને સમસ્ત સંઘ શોકસાગરમાં ડુબી ગયો હતો. નિઃસ્પૃહચૂડામણિ શ્રી કમલવિજયજી મહારાજ તેમનું સ્થાન સાચવી શકે એવા હતા અને સમુદાયના સર્વ સાધુઓની નજર તેમના પર ઠરી હતી, પરંતુ તેઓ આચાર્યપદનો સ્વીકાર કરવાની ના પાડતા હતા. આવા મહાન જવાબદારીભર્યાં પદ માટે મારી યોગ્યતા નથી, એ તેમનો જવાબ હતો. પરંતુ સંઘના અતિ આગ્રહને લીધે છેવટે તેમને એ પદ સ્વીકારવું પડયું. ઈ. સ. ૧૯૦૧ના માહ સુદિ પૂનમને રોજ પાટણના શ્રી સંઘે ખૂબ ધામધૂમપૂર્વક વિશાળ મુનિમંડળ તથા જનસમુદાય સમક્ષ તેમને આચાર્યપદ

અર્પણ કર્યું અને સ્વર્ગસ્થ પૂજ્ય આત્મારામજી મહારાજના પટ્ટધર તરીકે જાહેર કર્યા. તે દિવસથી તેઓ શ્રી વિજયકમલસૂરીશ્વરજી તરીકે આ જગતમાં પ્રસિદ્ધ થયા. આ પ્રસંગે મુનિ શ્રી વીરવિજયજીને ઉપાધ્યાયપદ અને મુનિ શ્રી કાંતિવિજયજીને પ્રવર્તકપદ આપવામાં આવ્યું હતું.

ઈ. સ ૧૯૦૧નું ચાતુર્માસ પાટણમાં વ્યતીત કરી ગ્રામાનુગ્રામ વિહાર કરતાં તેઓશ્રી માણસા પધાર્યા. સંઘે તેમનું ઉમળકાભેર સુંદર સ્વાગત કર્યું અને ચાતુર્માસ માટે આગ્રહભરી વિનંતિ કરી. માણસાનું ભાગ્ય જોરદાર એટલે એ વિનંતિનો સ્વીકાર થયો.

ઈ. સ. ૧૯૦૨નું ચાતુર્માસ માણસામાં થયું. આ ચાતુર્માસમાં પૂજ્ય આચાર્યશ્રીની અમૃતવર્ષિણી ભવ્ય દેશનાથી ઘણો ઉપકાર થવા પામ્યો. જીવદયા, જ્ઞાનોદ્ધાર, દીનોદ્ધાર વગેરેનાં અનેક સુકૃત્યો થયાં, તેમજ ભવ્યાત્માઓની ભવભ્રમણભીતિ સારા પ્રમાણમાં ભાંગી. તેમના સમાગમથી લાલચંદનાં હૃદયમાં વિકસી રહેલી વૈરાગ્યવેલડીને પુષ્પો આવ્યાં અને તેઓ ફરી સંયમ લેવા કટિબદ્ધ થયા. તેમણે આચાર્યશ્રીને કહ્યું: 'પ્રભો, છેલ્લા બે વર્ષથી દીક્ષા માટે તલસી રહ્યો છું, પણ મારી ભાવના પૂર્ણ થતી નથી. પૂજ્ય ઉદ્યોતવિજયજી મહારાજ પાસે દીક્ષા લેવા માટે હું ત્રણ વાર ગયો અને ત્રણે વાર મારાં સગાંવહાલાંઓ મને બળજબરીથી પાછા લઈ આવ્યા. હવે આપ મને કોઈ સારા ક્ષેત્રમાં ગુપચુપ દીક્ષા આપો તો સાધુવેશમાં હું તેમને સારી રીતે સમજાવી શકીશ અને તેઓ પણ ધાર્મિક વૃત્તિના હોવાથી દીક્ષા લીધા પછી વધારે જોર અજમાવશે નહિ.'

સૂરીશ્વરજીએ સર્વ સંયોગો ધ્યાનમાં લઈ તેમને આશ્વાસન આપ્યું અને હવે થોડા વખતમાં જ તમારી ભાવના પૂર્ણ થશે એમ જણાવ્યું. આથી લાલચંદને ઘણો આનંદ થયો અને તેઓ એ શુભ દિવસની પ્રતીક્ષા કરવા લાગ્યા.

ચાતુર્માસ પછી સૂરીશ્વરજીએ વિહાર કર્યો અને બોરૂ પધાર્યા.

આ ક્ષેત્રને યોગ્ય જાણી તેમણે મુમુક્ષુ લાલચંદને સંદેશો મોકલ્યો કે 'તમારી દીક્ષાનું મુહૂર્ત કાર્તિક વદિ ૬નું છે.'

આ સંદેશો મળતાં જ લાલચંદ અતિ હર્ષમાં આવી ગયા અને બોરૂ પહોંચી જવા તત્પર થયા. કાર્તિક વદી પાંચમની રાત્રિએ ચાર વાગે તેમણે ગૃહત્યાગ કર્યો. આ તેમનું મહાભિનિષ્ક્રમણ હતું અને તે ઇતિહાસનાં પૃષ્ઠો પર સુવર્ણાક્ષરે લખાવા માટે સર્જાયેલું હતું.

એક શીઘ્રગતિવાળા ઊંટ પર સ્વાર થઈ તેઓ છઠ્ઠની સવારે બોરૂ પહોંચ્યા અને સૂરીશ્વરજીનાં ચરણોમાં પડ્યા. તેમને મંગલ-મુહૂર્તે બોરૂના સંઘ સમક્ષ ભાગવતી દીક્ષા આપવામાં આવી અને તેમનું શુભ નામ મુનિશ્રી લબ્ધિવિજયજી રાખવામાં આવ્યું.

સવારે લાલચંદને ન જોતાં તપાસ ચાલી, પણ ક્યાંય પત્તો લાગ્યો નહિ, એટલે ફોઈ વગેરેએ માન્યું કે જરૂર તે આપણને હાથ તાળી આપી દીક્ષા લેવા માટે છટકી ગયો હશે! હાલ પૂજ્ય ઉદ્યોતવિજયજી મહારાજ તો આટલામાં વિચરતા નથી, પણ શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજ બોરૂમાં બિરાજે છે અને લાલચંદને તેમનો પરિચય પણ ગાઢ હતો, એટલે તે જરૂર બોરૂ ગયો હોવો જોઈએ. આવું અનુમાન કરી ઘણાં સગાંવહાલાં સાથે તેઓ બોરૂ આવ્યા.

પલવાર ઉપાશ્રયનું વાતાવરણ સંક્ષુબ્ધ બન્યું અને બોરૂની જનતા એકત્ર થઈ ગઈ. નૂતન મુનિને તેમના ધર્મકાર્યમાં વિઘ્ન ન થાય એ જોવાનો તેનો ઉદ્દેશ હતો.

જ્યારે સર્વ સગાંવહાલાંએ હૃદયનો ઉભરો ઠાલવી દીધો, ત્યારે સૂરીશ્વરજીએ કહ્યું કે, 'તમારે લબ્ધિવિજયને સમજાવવો હોય તો સમજાવી શકો છો, પણ તેની સંયમસાધનાને ખલેલ કરવાના ઈરાદાથી હાથ ન લગાડવો. કેટલાક વખતથી તેની દીક્ષા લેવાની

ભાવના હતી અને તે માટે તમારી રજા પણ માગી જ હતી. હવે દીક્ષા લીધા પછી અંતરાય કરવાથી શે ફાયદો? એ કલ્યાણના માર્ગે વિચરે છે, કાંઈ ખોટું તો કરતો નથી, તો પછી ધાંધલ-ધમાલ કરવાને બદલે આશીર્વાદ કેમ આપતા નથી?'

મુનિશ્રી લબ્ધિવિજયજી સાથે વાર્તાલાપ થયો, તેમાં તેમણે સંસારની અસારતા સચોટ શબ્દોમાં વ્યક્ત કરી અને પોતાને જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી જે રત્નત્રયી પ્રાપ્ત થઈ છે, તે માટે આનંદ પામવાનો અનુરોધ કર્યો.

સગાંવહાલાં આખરે તો લાલચંદના કલ્યાણકામી જ હતાં, એટલે તેઓ આ વચનોથી શાંત પડ્યા અને અવિવેક-અવિનયની ક્ષમા માગી, સર્વ મુનિમંડલને વંદના કરી, પોતાનાં સ્થાને સીધાવ્યા.

સૂરીશ્વરજી બોરૂથી વિહાર કરી, તારંગા તીર્થની યાત્રા કરી સસ્વાગત ઊંઝા પધાર્યા. તે વખતે ત્યાં ઉપાધ્યાય શ્રી વીરવિજયજી મહારાજ, પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ તથા શાંતમૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજ વગેરે વિશાળ પરિવાર સાથે બિરાજમાન હતા. તેમણે સૂરીશ્વરજીનું ઉચિત સ્વાગત કર્યું અને શ્રી સંઘમાં અપૂર્વ આનંદ ફેલાયો.

ઈ. સ. ૧૯૦૩ના રોજ માહ સુદિ ૫ એટલે વસંતપંચમીને દશ સાધુઓને ધામધૂમથી વડી દીક્ષા આપવામાં આવી, તેમાં નૂતન મુનિશ્રી લબ્ધિવિજયજી પણ સામેલ હતા.

## શાસ્ત્રાભ્યાસ અને સંયમસાધના

દીક્ષા લીધા પછી બે વર્ષ મુનિશ્રી લબ્ધિવિજયજી ગુરુદેવ સાથે ગુજરાતમાં રહ્યા. તેમાં સને ૧૯૦૩નું પ્રથમ ચાતુર્માસ ઈડર-માં થયું અને સને ૧૯૦૪નું બીજું ચાતુર્માસ વડોદરામાં થયું. તે દરમિયાન તેમણે શાસ્ત્રાભ્યાસમાં સુંદર પ્રગતિ કરી અને સંયમસાધનાને સતેજ બનાવી.

ઈડરનાં ચાતુર્માસમાં ગુરૂદેવની અમોઘ દેશનાથી પાઠશાળા તથા પાંજરાપોળની સ્થાપના થઈ અને કિલ્લા પરનાં પ્રાચીન ભવ્ય જિનાલયનો જીર્ણોદ્ધાર કરવાનું નક્કી થયું. આ શાસનપ્રભાવક સુંદર કાર્યોએ મુનિશ્રી લબ્ધિવિજયજીને અવનવી પ્રેરણાઓ આપી જ હશે.

તેઓશ્રી એ વાત બરાબર સમજ્યા હતા કે સાગરને તરવાનો મુખ્ય આધાર જેમ ઉત્તમ પ્રકારનું વહાણ છે, તેમ સંયમ સાધનામાં પાર ઉતરવાનો મુખ્ય આધાર ઉત્તમ પ્રકારના ગુરૂ છે. આવા ગુરુની પ્રાપ્તિ સહેલી નથી, પરંતુ પૂર્વના પ્રબળ પુણ્યોદયે પોતાને આવા ગુરુ મળી ગયા હતા. હવે આ ગુરુની કૃપા પ્રાપ્ત કરવી અને પોતાની સંયમસાધનાને સફળ બનાવવી એ પોતાનું પ્રથમ કર્તવ્ય હતું. આથી તેઓશ્રી ગુરુદેવનો યથાર્થ વિનય કરતા, ગુરુદેવ પ્રત્યે ઉચ્ચ કોટિની અંતરંગ ભક્તિ રાખતા અને ગુરુદેવને પોતાના તારણહાર માની તેમનું અત્યંત બહુમાન કરતા.

ગુરુદેવ પણ પોતાનાં આ શિષ્યરત્નની નિરંતર કલ્યાણકામના કરતા અને તે જ્ઞાન અને ક્રિયા ઉભયમાં કુશળ કેવી રીતે બને તેની ખેવના રાખતા.

મુનિશ્રી લબ્ધિવિજયજીને પ્રથમ આવશ્યક સૂત્રો અને પ્રકરણોનો અભ્યાસ શરૂ કરવામાં આવ્યો હતો અને તે ઈડરના ચાતુર્માસમાં ચાલુ હતો.

વડોદરાના ચાતુર્માસમાં પ્રકરણોનો અભ્યાસ પૂરો થયો હતો અને શાસ્ત્રોનો અભ્યાસ ચાલુ કરવામાં આવ્યો હતો. આ સિવાય તેઓશ્રી ઈતર દર્શનના અન્ય ગ્રંથોનું અવલોકન પણ કરતા હતા અને પોતાની તીવ્ર બુદ્ધિને વધારે તીવ્ર બનાવતા હતા. શાસ્ત્રાધ્યયન આગળ પણ ઘણા વર્ષ ચાલુ રહ્યું હતું.

વડોદરાનાં ચાતુર્માસમાં તેઓશ્રી પ્રકરણગ્રંથોના પરમ અભ્યાસી

તથા દ્રવ્યાનુયોગના સારા અનુભવી શ્રી ગોકુળભાઈના પરિચયમાં આવ્યા હતા અને તેમની સાથેની તત્ત્વચર્ચાઓ જ્ઞાનાર્જનમાં ઉપયોગી નીવડી હતી. ત્યાંથી ભરૂચ પધારતા શ્રદ્ધાસંપન્ન તત્ત્વાભ્યાસી શ્રી અનોપચંદભાઈ પૂજ્ય ગુરુદેવ પાસે વારંવાર આવતા અને અનેક વિષયોની સૂક્ષ્મતલસ્પર્શી ચર્ચાઓ કરતા. આ ચર્ચાઓનાં શ્રવણમનનથી ઘણો લાભ થયો હતો અને તેઓશ્રીનાં શાસ્ત્રીય જ્ઞાનને ઓપ ચડયો હતો.

માત્ર અઢી–ત્રણ વર્ષના દીક્ષાપર્યાયમાં તેઓશ્રીએ જ્ઞાન અને સંયમમાં જે પ્રગતિ કરી હતી તે જોઈને શ્રી અનોપચંદભાઈ ખૂબ પ્રભાવિત થયા હતા અને તેમણે ગુરુદેવને વિનંતિ કરતાં તેઓશ્રીને પહેલી જ વાર વ્યાખ્યાનપીઠ પર બેસાડવામાં આવ્યા હતા. આ પીઠને શોભાવવાનું કામ સહેલું નથી! તેમાં શાસ્ત્રનાં ઊંડાં જ્ઞાન ઉપરાંત વસ્તુને રજૂ કરવાની સુંદર શૈલી જોઈએ છે અને તે સાથે શબ્દછટા તથા માનસશાસ્ત્રનું જ્ઞાન પણ જરૂરી છે. જે વક્તા શ્રોતાઓનો મનોભાવ સમજ્યા વિના બોલવાનું ચાલુ રાખે છે, તેનું વ્યાખ્યાન કદી પણ પ્રભાવ પાડી શકતું નથી. પરંતુ મુનિશ્રી લબ્ધિવિજયમાં શાસ્ત્રનું ઊંડું જ્ઞાન, સુંદર પ્રતિપાદનશક્તિ, મનોહર શબ્દછટા તથા શ્રોતાઓનો મનોભાવ જાણવાની શક્તિ સારા પ્રમાણમાં હતી એટલે તેઓશ્રી વ્યાખ્યાનપીઠને શોભાવી શક્યા હતા.

## માલવ-બંગાલયાત્રા

ભરૂચથી પૂજ્ય ગુરુદેવે માલવભૂમિ ભણી વિહાર કર્યો.

સૂરીશ્વરજીના પગલાંથી રતલામ પાવન થયું અને ત્યાં ધાર્મિક પ્રવૃત્તિઓ ધમધમી ઊઠી. મેઘનું આગમન થાય અને મયૂરસમૂહ નાચવા ન માંડે એ કેમ બને? અહીં મુનિશ્રી લબ્ધિવિજયજીની વક્તૃત્વકળા અનેરી આભાથી ચમકી ઉઠી અને ધર્મપ્રેમી શેઠ મિશ્રી-

મજ્ઞજી વગેરે તેમના પ્રશંસક બન્યા.

અહીં પૂજ્ય ગુરુદેવ શ્રી વિજયકમળસૂરીશ્વરજી મ.ની પીયૂષ-વાણીનું પાન કરતાં લુણિયા શેઠ ડુંગરશીભાઈને માંડવગઢનો સંઘ કાઢવાની ભાવના થઈ.

લુણિયા શેઠે વિનંતિ કરતાં સૂરીશ્વરજી પોતાના શિષ્ય સમુદાય સાથે સંઘમાં પધાર્યા અને તેમણે ભવ્ય લોકોપકાર સાથે ઉજ્જૈન, મક્ષીજી, માંડવગઢ વગેરે તીર્થોની યાત્રા કરી.

ઈ. સ. ૧૯૦૫નું ચાતુર્માસ પૂજ્ય ગુરુદેવની સાથે મહીદપુરમાં થયું, તે જ્ઞાન–ધ્યાનના અભ્યાસ માટે તથા સંઘના અભ્યુદય માટે ઉપકારી નીવડયું. તેઓશ્રીએ ઈડરમાં પૂર્વાર્ધ સારસ્વતનો પ્રારંભ કર્યો હતો, તે અત્રે પૂર્ણ થયો હતો અને ચંદ્રિકાના ઉત્તરાર્ધ ૧૦ ગણ સુધી પહોંચ્યા હતા.

ચાતુર્માસ પૂર્ણ થયે ગુરુદેવનો વિહાર બંગાળ ભણી થયો. આ વિહાર ઘણો કઠિન હતો, કારણ કે રસ્તામાં જૈનવસ્તીવાળા ગામો બહુ ઓછાં આવતાં હતાં અને સ્થાનિક પ્રજા જૈન સાધુઓના આચારથી અજાણ હતી. આથી વડોદરાનિવાસી કોઠારી જમનાદાસ તથા ઘીયા ગરબડદાસ વગેરે સંઘ કાઢી તેમની સાથે રહ્યા હતા.

આ વિહારમાં સિંહપુરી, ચંદ્રપુરી, પાવાપુરી ગુણાયાજી, રાજગૃહી, કાકંદી સમેત શિખરજી વગેરે પ્રાચીન પ્રસિદ્ધ તીર્થોની યાત્રા થતાં મુનિશ્રી લબ્ધિવિજયજીને અતિશય આનંદ થયો હતો.

ઈ. સ. ૧૯૦૬નું ચાતુર્માસ સંઘના આગ્રહથી અજીમગંજમાં થયું હતું. બાબુ ધનપતસિંહજીના ઘરમાં માસખમણની તપશ્ચર્યા થતાં તેમના સુપુત્રોએ ગીની અર્થાત્ સોનામહોરની પ્રભાવના કરી હતી અને સહુને મિષ્ટ ભોજન જમાડી સાધર્મિક-વાત્સલ્યનો લ્હાવો લીધો હતો.

મુનિશ્રી લબ્ધિવિજયજીનો જ્ઞાનાભ્યાસ દિનપ્રતિદિન વધી રહ્યો હતો અને તે ચાતુર્માસમાં વિશેષ વેગવંત બન્યો હતો. અહીં વ્યાકરણની પૂર્ણાહુતિ થઈ હતી.

ચાતુર્માસ પૂર્ણ થતાં બાબુ ધનપતસિંહજીના ધર્મપત્ની શ્રીમતી શ્રાવિકારાણી મેનાકુમારીએ ચંપાપુરીનો ભવ્ય સંઘ કાઢતાં સૂરીશ્વરજી સાધુસમુદાય સહિત તેની સાથે ચાલ્યા હતા.

ચંપાપુરીમાં શ્રી વાસુપૂજ્ય ભગવાનનાં દર્શન કરતાં મુનિશ્રી લબ્ધિવિજયજીને પરમ પ્રમોદ ઉપજ્યો હતો.

## લશ્કરમાં ચાતુર્માસ

ઈ. સ. ૧૯૦૭નું ચાતુર્માસ સૂરીશ્વરજી સાથે ગ્વાલિયર રાજ્યમાં આવેલા લશ્કર ખાતે થયું. ત્યાં મુનિશ્રી લબ્ધિવિજયજીની પ્રતિભા અનેરી છટાથી ચમકી ઉઠી એટલે તેની ખાસ નોંધ લઈએ છીએ.

આ ચાતુર્માસમાં અકસ્માત ગુરુદેવનું સ્વાસ્થ્ય બગડયું, એટલે વ્યાખ્યાનપીઠ કોને સોંપવી? એ પ્રશ્ન ખડો થયો. એ વખતે બીજા મોટા સાધુઓ વિદ્યમાન હોવા છતાં સૂરીશ્વરજીની નજર મુનિશ્રી લબ્ધિવિજયજી પર ઠરી અને તેમને વ્યાખ્યાનપીઠ સંભાળી લેવાનો આદેશ થયો. આ વ્યાખ્યાપીઠ તેમણે બરાબર સંભાળી લીધી, એટલું જ નહિ પણ તેને સુંદર રીતે શોભાવી અને શ્રોતાવર્ગમાં જબ્બર આકર્ષણ ઊભું કર્યું.

પ્રથમ વ્યાખ્યાનમાં તેઓ શાસ્ત્રીય વિષય પર હૃદયંગમ વિવેચન કરતા અને ભાવનાધિકારમાં પોતે પ્રતિદિન રચેલાં નૂતન પચાસ શ્લોકોનો ઉપયોગ કરતા. લાગલાગટ બે માસ ચાલેલાં આ વ્યાખ્યાનોએ જનતામાં અજબ ચેતના રેડી દીધી અને શ્રી વીતરાગશાસનની સુંદર પ્રભાવના કરી.

અહીં પંજાબના શ્રાવકો દર્શનાર્થે આવતા હતા અને તેમણે

સૂરીશ્વરજીને પંજાબ પધારવાની આગ્રહભરી વિનંતિ કરતાં ચાતુર્માસ બાદ સર્વ સાધુઓના પગલાં પંજાબ ભણી મંડાયા.

### પંજાબપર્યટન

પંજાબપર્યટન એ વ્યાખ્યાન-વાચસ્પતિ આચાર્યપ્રવરનાં જીવનનું એક સોનેરી પ્રકરણ છે. તેમાં તેમની અનેરી ધર્મધગશ, વિરલ પ્રતિભા, અજોડ વાદશક્તિ તથા વિશાળ જ્ઞાનનાં મનોરમ દર્શન થાય છે.

વિહારમાં તેમની ઉપદેશધારા અસ્ખલિત ગતિએ ચાલુ રહી હતી અને તેમણે આપેલાં જોશીલાં જાહેર પ્રવચનોએ લોકોની અજ્ઞાન-મોહ-નિદ્રા ઉડાડી દીધી હતી. પંજાબમાં પ્રવેશ કર્યા પછી અનેક પ્રકારના લોકો મળવા આવતા હતા. તે બધાને તેઓશ્રી શાંતિથી સાંભળતા હતા અને તેના સચોટ ઉત્તરો આપતા હતા.

સને ૧૯૦૮ના વૈશાખ સુદિ ૧૦ને દિવસ સદ્‌ગત આત્મારામજી મહારાજની પાદુકાપ્રતિષ્ઠાનો મહોત્સવ ગુજરાનવાલા ખાતે ઘણી ધામધૂમથી ઉજવાયો. ત્યારબાદ શ્રાવકોની વિનંતિથી ચાતુર્માસ પણ ત્યાં જ થયું.

મુનિશ્રી લબ્ધિવિજયજી અત્યાર સુધીમાં સ્યાદ્વાદમંજરી, પ્રમાણમીમાંસા, ન્યાયદીપિકા, રત્નાકરાવતારિકા, સ્યાદ્વાદરત્નાકર આદિ નાના મોટા જૈન ન્યાયના ગ્રંથો સૂક્ષ્મ દૃષ્ટિએ નિહાળી ચૂકયા હતા, અને તેમણે સ્યાદવાદરત્નાકરનાં મૂળ સૂત્રો કંઠસ્થ કરી લીધાં હતાં, તો પણ આ વિષયમાં વિશેષ નિપુણતા પ્રાપ્ત કરવા માટે તેમણે આ ચાતુર્માસમાં વિદ્યાવિશારદ પંડિતશ્રી વાસુદેવજી પાસે મુક્તાવલી આદિ ન્યાયગ્રંથોનો અભ્યાસ કર્યો અને સાથે દિનકરી, રામરુદ્રી આદિ ટીકાઓનું પણ નિરીક્ષણ કર્યું.

ન્યાયના આ અભ્યાસ ઉપરાંત જૈન સિદ્ધાંતોનું બારીક અવલોકન પણ ચાલુ જ હતું અને તેમાં પણ તેઓ ઘણી નિપુણતા

મેળવી ચૂકયા હતાં.

'વાદિઘટમુદ્ગર'નાં ઉપનામથી બોલાવતા, એ પણ તેમની ન્યાયવિષયક નિપુણતાને સિદ્ધ કરે છે.

ચાતુર્માસ બાદ સૂરીશ્વરજી નારોવાલ ગામમાં બિરાજમાન હતા, ત્યારે ગુજરાતના શોભાસન ગામના વતની શ્રી ઉમેદચંદભાઈએ તેમની પાસે સંયમ ગ્રહણ કર્યો અને તેમને મુનિશ્રી ગંભીરવિજયજીના નામે પ્રસિદ્ધ કરવામાં આવ્યા. આ સુયોગ્ય શિષ્યે આગળ જતાં ગુરુદેવનું નામ રોશન કરેલું છે.

ત્યાંથી ગુરુદેવની આજ્ઞા મુજબ પોતાના શિષ્ય સાથે જીરા પધારી ત્યાંના તત્ત્વાભિલાષી શ્રાવકોને 'સ્યાદ્વાદમંજરી' નામનો ગ્રંથ સંભળાવ્યો કે જેમાં અનેક મતમતાંતરોનું નિરસન આવે છે. ત્યાં જાહેર વ્યાખ્યાન પણ થયું અને તે ભારે પ્રભાવશાળી નીવડયું.

સને ૧૯૦૯નું ચાતુર્માસ કસુર ખાતે થયું. આ તેમનું પહેલ-વહેલું સ્વતંત્ર ચાતુર્માસ હતું.

અહીં એ વાતની નોંધ કરવી જોઈએ કે ચાતુર્માસ પહેલાં તેઓ નજીક આવેલાં લુધીયાણા ગામે પધાર્યા હતા અને ત્યાં તેમનો ઉપદેશ સાંભળીને કેટલાક મુસલમાન, મચ્છીમાર તથા કુંભારોએ જીંદગીપર્યંત મદ્યપાન માંસાહાર ન કરવાની પ્રતિજ્ઞાઓ લીધી હતી.

કસુરનું ચાતુર્માસ સુંદર સફળતાને વર્યું હતું. ત્યાં જે વ્યાખ્યાનો થયાં તેણે જનતા પર અદ્ભુત છાપ પાડી હતી.

શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજ પંજાબ પર ઉપકારની અનન્ય વર્ષા કર્યા પછી ગુજરાત ભણી વિહાર કરવા તૈયાર થયા. આ વખતે પંજાબી ભાઈઓનો અતિ આગ્રહ થતાં તેમણે મુનિશ્રી લબ્ધિવિજયજીને સ્વશિષ્ય સાથે પંજાબમાં રહીને ધર્મનું રક્ષણ કરવાની આજ્ઞા ફરમાવી અને તેમણે એ આજ્ઞાને શિરોધાર્ય કરી. ગુરુભક્ત વિનયી શિષ્યને માટે ગુરુની આજ્ઞા હમેશાં અનુલ્લંઘનીય

હોય છે.

આ આજ્ઞા મળ્યા પછી તેઓ ચાર વર્ષ પંજાબમાં રહ્યા. તે દરમિયાન તેમણે અનેકવિધ સત્પ્રવૃત્તિઓ કરી અને લોકોની ધર્મ-ભાવના જાગ્રત રાખી. સને. ૧૯૧૨નું ચાતુર્માસ મુલતાનમાં થયું. આ શહેર પંજાબથી દૂર છે અને ત્યાં પહોંચવામાં મુનિવર્ગને ઘણી જ મુશ્કેલી પડે છે, પણ જેની રગેરગમાં ધર્મભાવના ઠાંસી ઠાંસીને ભરી હોય તે મુશીબત કે મુશ્કેલીઓની દરકાર શેના કરે?

અહીં મુનિશ્રીએ ભવ્ય જિનાલયમાં જિનમૂર્તિઓની પ્રતિષ્ઠા ભારે ધામધૂમથી કરાવી હતી અને એક પાઠશાળાની સ્થાપના પણ કરી હતી.

આ ચાતુર્માસમાં અનેક વિષયો પર જોરશોરથી જાહેર ભાષણો થયાં હતાં, જેમાં વેદોક્ત દયા, પુરાણોની દયા, ઈસ્લામ મજહબ, નિવૃત્તિપંથ વગેરે મુખ્ય હતા. દયાનો વિષય તેમણે પાંચ-સાત ભાષણો દ્વારા ખૂબ સુંદર રીતે છણ્યો હતો, આથી અનેક માણસોએ મદ્યપાન તથા માંસાહારનો ત્યાગ કર્યો હતો. મુનિશ્રીની પ્રેરણાથી અહીં એક માંસનિષેધક મંડળની સ્થાપના થઈ હતી અને તેમાં જૈન, હિંદુ તથા મુસલમાન એ ત્રણે કોમના માણસો જોડાયા હતા.

મુનિશ્રીનાં વ્યાખ્યાનોએ તથા તેમની અદ્‌ભુત વકતૃત્વકલાએ પંજાબની જનતાનું ખૂબ આકર્ષણ કર્યું હતું.

પંજાબના કુલ છ વર્ષના નિવાસ દરમિયાન ધર્મપ્રભાવના એટલી જ્વલંત કરી હતી કે સર્વ શ્રાવકો તેમને 'છોટા આત્મારામજી' નાં નામથી ઓળખવા લાગ્યા હતા અને તેમના પ્રત્યે અપૂર્વ ભક્તિભાવ દર્શાવી રહ્યા હતા.

## દિલ્હીમાં ધર્મોદ્યોત

પંજાબ છોડીને ગુજરાત જવાના ઈરાદાથી વિહાર કરતાં

મુનિશ્રી લબ્ધિવિજયજી દિલ્હી પધાર્યા અને ત્યાંના શ્રાવકોની વિનંતિથી સને. ૧૯૧૪નું ચાતુર્માસ ત્યાં રહયા. આ વખતે ધર્મોદ્યોતના અનેક કાર્યો ઉપરાંત ત્યાંના સુપ્રસિદ્ધ રામા થિએટરમાં તેમનાં વ્યાખ્યાનો એક માસપર્યંત ચાલુ રહ્યા હતા અને તે જનતાનું જબ્બર આકર્ષણ કરી શકયા હતા.

બિકાનેરથી કામપ્રસંગે અહીં આવેલા દોલતરામ નામના એક નવયુવાનને તેમનાં એક જ વ્યાખ્યાને એટલી બધી અસર કરી હતી કે તેનો સંસાર પરનો સર્વ મોહ ઊડી ગયો હતો અને તે ભાગવતી દીક્ષા લેવાને તત્પર થયો હતો. તેને સુયોગ્ય જાણીને ઈ. સ. ૧૯૧૫ની સાલમાં સિકંદરાબાદ (આગ્રા) મુકામે દીક્ષા આપવામાં આવી અને તેનું નામ મુનિશ્રી લક્ષ્મણવિજયજી રાખવામાં આવ્યું. તેઓ પાછળથી દક્ષિણદીપક દક્ષિણદેશોદ્ધારક શાસનપ્રભાવક આચાર્ય શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે.

## જૈનરત્ન વ્યાખ્યાન—વાચસ્પતિ

ગુજરાતમાં પદાર્પણ કરતાં જ મુનિશ્રી લબ્ધિવિજયજીનો સ્થળે સ્થળે ભાવભીનો સત્કાર થયો અને તેમણે કરેલી ધર્મપ્રભાવનાને સુંદર શ્રદ્ધાંજલિઓ સમર્પિત થઈ.

પૂજ્ય ગુરુદેવ ગુજરાતમાં જ વિરાજતા હતા. તેમનાં ચરણે શિર ઝુકાવતાં મુનિશ્રી લબ્ધિવિજયજીએ સાત્ત્વિક આનંદનો અતિરેક અનુભવ્યો. ગુરુદેવે પણ સ્વશિષ્યે કરેલી સુંદર ધર્મપ્રભાવના નિહાળીને ભારે પ્રસન્નતા અનુભવી.

ઈડરનો શ્રી સંઘ મુનિશ્રી લબ્ધિવિજયજીએ કરેલી સુંદર શાસનસેવાથી ખૂબ પ્રભાવિત થયો હતો અને તેમને કોઈ પણ પદવી આપવાના નિર્ણય પર આવ્યો હતો. તેણે આ બાબતની

સૂરીશ્વરજીને વિનંતિ કરતાં સને ૧૯૧૫ના આસો વદિ ૧ને શનિવારે ધામધૂમપૂર્વક મુનિશ્રી લબ્ધિવિજયજીને 'જૈન રત્ન વ્યાખ્યાન-વાચસ્પતિ'ની પદવી આપવામાં આવી.

સને. ૧૯૧૫નું ચાતુર્માસ અનેક વિધ ધર્મપ્રભાવનાઓ સાથે ઈડરમાં જ વ્યતીત થયું હતું. આ ચાતુર્માસમાં મુનિશ્રીએ મેરુત્રયોદશી કથાની સંસ્કૃતભાષામાં કાવ્યમય રચના કરી હતી.

## ગુજરાતમાં ધર્મપ્રભાવના

મુનિશ્રી લબ્ધિવિજયજીએ સને ૧૯૧૬ થી ૧૯૨૪ સુધીનો સમય મોટા ભાગે પૂજ્ય ગુરુદેવની નિશ્રામાં ગુજરાતમાં જ ગાળ્યો હતો અને અનેક પ્રકારે ધર્મપ્રભાવના કરી હતી, તેનું અહીં ટુંક અવલોકન કરીશું.

સને ૧૯૧૬નું ચાતુર્માસ ખંભાતમાં થયું, ત્યારે ત્યાં નવીન રાયચંદ મતનો પ્રચાર થઈ રહ્યો હતો અને તેના અનુયાયીઓ બનવા શરૂ થયા હતા આ મતમાં અનેક બાબતો વાંધા ભરેલી હતી, એટલે પૂજ્યપાદ શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજે થોડા વખત પહેલાં તેના સામે લાલ બત્તી ધરી હતી. આ ચાતુર્માસમાં વ્યાખ્યાન-વાચસ્પતિની વેગવતી વાણીએ ઉત્સૂત્રપ્રરૂપણાના અનર્થો સમજાવી કોઈએ પણ તેમાં નહિ ભળવાની હાકલ કરી અને તે પૂરેપૂરી સફળ થઈ. ત્યાર પછી કોઈ નવાં કુટુંબો તેમાં જોડાયા નહિ.

ચાતુર્માસ બાદ વિહાર કરી નરસંડા પધારતાં જાહેર વ્યાખ્યાનોની યોજના થઈ હતી અને તેનો જનતા તરફથી સારા પ્રમાણમાં લાભ લેવાયો હતો.

સને ૧૯૧૭ના કપડવંજ ચાતુર્માસ પછી મુનિશ્રીએ ચરોતરનાં ગામોમાં ફરી પટેલ, રજપૂત, કોળી, ઠાકરડાઓ વગેરેને ઉપદેશ આપ્યો હતો અને પરસ્પરના ઝેરવેર છોડી શાંતિમય ધાર્મિક જીવન ગાળવાનો અનુરોધ કર્યો હતો. તેનું પરિણામ સુંદર આવ્યું હતું. અનેક

માણસોએ પરસ્પર વૈર ન રાખવાની, દારૂ માંસ ન વાપરવાની વગેરે પ્રતિજ્ઞાઓ લીધી હતી. સને ૧૯૧૮નું ચાતુર્માસ બોરસદમાં વ્યતીત થયું હતું.

આ ચાતુર્માસ પછી થોડા જ વખતે પંડિત બેચરદાસે દેવદ્રવ્ય અંગે પોતાના વિચારો પ્રગટ કરતાં જૈન સમાજમાં ખળભળાટ થયો હતો. જો દેવદ્રવ્ય અંગે ચાલી આવતી પ્રાચીન પ્રણાલિકા તૂટી પડે તો હજારો મંદિરોનો નિભાવ શી રીતે થાય? તાત્પર્ય કે એ મંદિરો બંધ કરવાનો વખત આવે અને તેથી લાખો આત્માઓ અર્હદ્-ભક્તિથી વંચિત બને. આ વસ્તુને શાસ્ત્ર અને પરંપરાગત જૈન ધર્મ સામેનું એક આક્રમણ માનીને મુનિશ્રીએ એક હસ્તપત્ર દ્વારા પંડિત બેચરદાસને સાત પ્રશ્નો પૂછયા અને તેનો જાહેરમાં ખુલાસો કરવાનું જણાવ્યું. પરંતુ પંડિત બેચરદાસ એ પ્રશ્નોના જવાબ આપી શકે એવી સ્થિતિમાં ન હતા, તેથી તેમણે જુદો જ રાહ લીધો. 'તમસ્તરણ' નામનો એક લેખ લખી પત્રોમાં પ્રગટ કરાવ્યો અને તેમાં પરમોપકારી પૂર્વાચાર્યો પર અંધકાર ફેલાવવાનો આક્ષેપ મૂકયો. ક્ષત પર ક્ષાર સમાન આ લેખ પ્રગટ થતાં જ જૈન સમાજ-માં ભારે રોષ ભભૂકી ઉઠયો. કેટલાક પંડિત બેચરદાસની વાતનું પણ સમર્થન કરવા લાગ્યા.

આ પરિસ્થિતિનું નિવારણ કરવા સને ૧૯૧૯ના ડભોઈ ચાતુર્માસમાં મુનિશ્રીએ 'દેવદ્રવ્યાદિસિદ્ધિ અપર નામ બેચરહિતશિક્ષા' નામનો એક હિંદી ભાષામય નિબંધ લખ્યો અને તેમાં અનેક શાસ્ત્રીય પ્રમાણો આપીને દેવદ્રવ્યની ચાલી આવતી પ્રણાલિકાને સત્ય તથા હિતકર સાબીત કરી બતાવી.

સને ૧૯૨૦નું ચાતુર્માસ ખંભાતમાં વ્યતીત કર્યા બાદ મુનિશ્રીએ ચરોત્તરમાં વિહાર કર્યો હતો અને ત્યાં ઉપદેશવારિનું સિંચન કરી પૂર્વે વાવેલાં ધર્મબીજોને અંકુરિત કર્યાં હતાં.

સને ૧૯૨૧નું ચાતુર્માસ વડોદરા થતાં ધાર્મિક પ્રવૃત્તિઓ ખૂબ જોરદાર થઈ હતી અને તેમનાં વ્યાખ્યાનોનો લાભ જૈન-જૈનેતર પ્રજા તરફથી સારા પ્રમાણમાં લેવાયો હતો, જેમાં રાજ કુટુંબના સભ્યોનો પણ સમાવેશ થતો હતો.

ચાતુર્માસ બાદ છાણી પધરાવતાં સંઘે ભવ્ય સામૈયું કર્યું હતું અને પ્રથમ દિવસનું વ્યાખ્યાન સૂરિશ્વરજીએ આપ્યું હતું. બીજા દિવસથી વ્યાખ્યાનની પાટ મુનિશ્રી લબ્ધિવિજયએ શોભાવી હતી. છાણી ગામના શ્રાવકો એટલે તત્ત્વના જાણકાર, યુક્તિ અને તર્કથી પૂરા પરિચિત તથા અનેક સાધુમહાત્માઓના પરિચયમાં આવેલા, એટલે તેમને આકર્ષવાનું કામ સહેલું ન હતું, પણ મુનિશ્રી લબ્ધિવિજયજીની અપૂર્વ વ્યાખ્યાનલબ્ધિએ એ કાર્ય સહજ બનાવી દીધું અને અહીંનો શ્રાવકવર્ગ તેમનો ભારે અનુરાગી બની ગયો.

છાણીથી સાત ગાઉ દૂર ઉમેટા નામનું ગામ છે. ત્યાંના સંઘની વિનંતિ થતાં પૂજ્ય ગુરુદેવે મુનિશ્રી લબ્ધિવિજયજીને પોતાના શિષ્યો સમેત ઉમેટા મોકલ્યા અને ત્યાં તેમણે ધ્વજદંડ તથા શ્રીપદ્માવતી દેવીની પ્રતિષ્ઠા ભારે ધામધૂમથી કરાવી. આ પુણ્ય પ્રસંગે છબીલદાસ

નામના એક મુમુક્ષુને દીક્ષાદાન કરવામાં આવ્યું અને તેમને મુનિશ્રી ભુવનવિજયજી તરીકે પોતાના શિષ્ય કરવામાં આવ્યા. આ મુનિશ્રી આજે પરમ પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજયભુવનતિલકસૂરિજી તરીકે વિખ્યાત છે.

સને ૧૯૨૨નું ચાતુર્માસ છાણીમાં જ થયું. તેમાં તાત્ત્વિક પ્રવચન ઉપરાંત હસ્તલિખિત પુસ્તકોનો ઉદ્ધાર કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું તથા ત્યાંના જ્ઞાનભંડારને મુદ્રિત અને હસ્તલિખિત પ્રતિઓથી સમૃધ્ધ કરવામાં આવ્યો.

ચાતુર્માસ બાદ પૂજ્ય ગુરુદેવની આજ્ઞાથી ઉમેટા, આંકલાવ થઈ બોરસદ પધારતાં ડભોઈના મુમુક્ષુ શ્રી જીવણભાઈ ફુલચંદની દીક્ષા થઈ હતી. તેઓ મુનિશ્રી જયંતવિજયજીનાં નામથી મુનિ શ્રી

લબ્ધિવિજયજીના શિષ્ય થયા હતા.

ઓરસદથી ગુજરાતનાં ગામોને પાવન કરતાં મુનિશ્રી હિંમતપુર પધાર્યા. ત્યાં હિંમતપુર ઠાકોરે તેમનું વ્યાખ્યાન સાંભળીને હિંસા ન કરવાની પ્રતિજ્ઞા લીધી. ત્યાંથી ધોલેરા થઈ શિહોર પધારતાં પન્યાસ મહારાજ શ્રી ઉમંગવિજયજી ગણિ આદિનું મિલન થયું. ત્યાંથી સહુએ સાથે ઘોઘા પધારીને નવખંડા પ્રાર્શ્વનાથની યાત્રા કરી.

ઘોઘા પછી તેમની વાણીનો લાભ ભાવનગરને મળ્યો અને ત્યાં શાંતિ–સ્નાત્રાદિ ધાર્મિક મહોત્સવો ખૂબ ઉલ્લાસથી થયા.

ત્યાંથી શત્રુંજય, ગિરનાર અને શંખેશ્વરજીની યાત્રાઓ કરી મુનિશ્રી રાધનપુર પધાર્યા કે જે જૈનોનું એક જાણીતું કેન્દ્ર છે. ત્યાં મુનિશ્રીની અદ્‌ભૂત વાણી સાંભળીને શ્રાવક વર્ગ ખૂબ જ પ્રભાવિત થયો અને ચાતુર્માસની વિનંતિ કરવા લાગ્યો. તેને પૂજ્ય ગુરુદેવની સંમતિ મળતાં સને ૧૯૨૩નું ચાતુર્માસ રાધનપુરમાં થયું.

આ ચાતુર્માસમાં વ્યાખ્યાનની રંગત ખૂબ જામી હતી અને તપશ્ચર્યા, ઉત્સવ–મહોત્સવ આદિ ધાર્મિક કાર્યો ઘણાં થયાં હતાં. વિશેષમાં તંબોલી શેરીના ઉપાશ્રયે પંન્યાસ શ્રી રંગવિમલજી મહારાજ બિરાજતા હતા, તેમની પાસે મુનિશ્રીએ મહાનિસીથ સૂત્રના યોગ વહન કર્યાં. આ ક્રિયામાં એકી સાથે ૫૯ આયંબિલન લાંબી તપશ્ચર્યા હોવા છતાં તેમણે વ્યાખ્યાન અને પઠન–પાઠનની પ્રવૃત્તિ ચાલુ રાખી હતી, જે તેમનાં અદ્‌ભૂત સત્ત્વને પ્રગટ કરે છે.

ચાતુર્માસ બાદ શ્રી શંખેશ્વરજી તીર્થની પુનઃ યાત્રા કરી પાટણ પધારતાં ભાવભીનું ભવ્ય સ્વાગત થયું હતું અને શ્રાવકો તેમની સુધાવાણીનું ખૂબ પાન કરવા લાગ્યા હતા. અહીં વર્ષોથી ચાલતા જ્ઞાતીય ઝગડાઓને લીધે પાંજરાપોળ તથા બીજા ધાર્મિક ખાતાઓનું કામ ઢીલું પડયું છે, આવી વાત મુનિશ્રીના કાને આવતાં જ તેમણે સંઘની મહત્તા પર અદ્‌ભુત પ્રવચન આપ્યું હતું અને તેની બન્ને

પક્ષો પર ઊંડી અસર થઈ હતી. પરિણામે એ ઝઘડાનો ફેંસલો આપવાનું કામ મુનિશ્રીને સોંપાયું હતું અને મુનિશ્રીએ તેનો ઊંડો અભ્યાસ કર્યા પછી બંને પક્ષને મંજૂર રહે તેવો ફેંસલો આપ્યો હતો. આ પ્રસંગની ખુશાલીમાં ત્યાં સંઘજમણ થયું હતું.

પાટણથી મુનિશ્રીનાં પગલાં ભોયણી તીર્થ તરફ મંડાયાં. લાંબા સમય પછી આ તીર્થની યાત્રા કરતાં મુનિશ્રીને અવર્ણનીય આનંદ થયો, જે તેમણે એક સ્તવનદ્વારા વ્યક્ત કર્યો છે.

ત્યાંથી મુનિશ્રી પોતાની જન્મભૂતિ બાલશાસનમાં પધાર્યા. લોકોએ હર્ષઘેલા બનીને તેમનું સ્વાગત કર્યું અને લાંબા વખતની દર્શનની ઇચ્છા તૃપ્ત કરી. અહીં પૂજા, પ્રભાવના, નવકારશી આદિ સત્કાર્યો સારા પ્રમાણમાં થયા અને તેમની વાણી સાંભળીને ઘણા લોકોએ માંસ, મદિરા તથા રાત્રિભોજન વગેરેનો ત્યાગ કર્યો.

ત્યાંથી કટોસણનરેશની વિનંતિને માન આપી કટોસણ પધાર્યા અને અહિંસા ધર્મનો અસરકારક ઉપદેશ આપ્યો. આ ઉપદેશ સાંભળી કટોસણનરેશે શ્રી પર્યુષણ પર્વ દરમ્યાન કોઈ પણ પ્રકારની હિંસા નહિ કરવાનું તથા વિજયાદશમીના દિવસે થતો બકરાનો વધ બંધ કરવાનું ખાસ ફરમાન બહાર પાડયું.

ત્યાંથી ગુજરાતના ગામો પર ઉપકારની વર્ષા કરતાં મુનિશ્રી અમદાવાદ-વિદ્યાશાળામાં પધાર્યા કે જ્યાં વયોવૃદ્ધ ગુણજ્ઞ આચાર્ય શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરજીએ અર્થાત્ બાપજી મહારાજે તેમનાં શાસન પ્રભાવક કાર્યોની વ્યાખ્યાનપ્રસંગે ભૂરિ ભૂરિ પ્રશંસા કરી અને ભવિષ્યમાં આ શક્તિઓ ઉત્તરોત્તર વિકાસ પામે એવાં આશીર્વચનો ઉચ્ચાર્યાં. આ લેખની અગ્રિમ પંક્તિઓ પરથી પાઠકો જાણી શકશે કે એ આશીર્વચનો સાચા પડયાં છે. આ પ્રસંગથી મુનિશ્રીને પૂજ્ય બાપજી મહારાજ સાથે અવિહડ ધર્મપ્રીતિ બંધાણી અને તે છેવટ સુધી એવીને એવી રહી.

સને ૧૯૨૪નું ચાતુર્માસ પૂજ્ય ગુરુદેવની નિશ્રામાં છાણી મુકામે થયું. આ ચાતુર્માસમાં પૂજ્ય પંન્યાસ શ્રી દાનવિજયજી મહારાજ સાથે જ હતા. તેમના અતિ આગ્રહથી તથા પૂજ્ય ગુરુદેવની પ્રેરણાથી મુનિશ્રીએ આ ચાતુર્માસમાં ભગવતી સૂત્રનાં યોગોદ્વહનની ક્રિયા કરી. તેમાં તપશ્ચર્યા, કાલગ્રહણ આદિનો પરિશ્રમ હોવા છતાં શ્રોતાવૃંદને તાત્ત્વિક વિષયોથી ભરપૂર વ્યાખ્યાનો સંભળાવવાનું ચાલું રાખ્યું હતું, તેમજ સ્વશિષ્યો મુનિશ્રી લક્ષણવિજયજી આદિને અનુયોગદ્વાર, પન્નવણા સૂત્ર તથા આરંભસિદ્ધિ નામના જ્યોતિર્ષવિષયક ગ્રંથની વાચના આપવાનું પણ ચાલું રાખ્યું હતું. જેને સ્વપરહિતની સાત્ત્વિક સાધના કરવી છે, તેણે અપ્રમત્ત બનવું જોઈએ.

## આચાર્યપદ

રાજ્યતંત્રને યોગ્ય રીતે ચલાવવા માટે જેમ અધિકારીઓની જરૂર પડે છે, તેમ ધર્મશાસનને યોગ્ય રીતે ચલાવવા માટે પદસ્થોની જરૂર પડે છે. તેથી જ જિનશાસનમાં મુનિઓને તેમની યોગ્યતા પ્રમાણે ગણિ, પંન્યાસ, પ્રવર્તક, ઉપાધ્યાય અને આચાર્યપદે સ્થાપવામાં આવે છે. તેમાં આચાર્યપદ સહુથી મોટું છે અને તેની જવાબદારીઓ ઘણી છે.

મુનિશ્રી લબ્ધિવિજયની જ્ઞાનપરાયણતા, ક્રિયારસિકતા તથા ધર્મપ્રચારની ધગશ જોઈને પૂજ્ય ગુરુદેવ શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજને લાગતું હતું કે 'આ મુનિવર મારી પાછળ સાધુસમુદાયને બરાબર સાચવશે તથા મારી પાટ દીપાવશે, એટલે તેમને મારા હાથે જ આચાર્યપદ અર્પણ કરવું. વળી પંન્યાસ શ્રી દાનવિજયજી ગણિ પણ આચાર્યપદ માટે સર્વ રીતે યોગ્ય છે, એટલે તેમને પણ આચાર્યપદે સ્થાપવા.'

ઉપર્યુક્ત બંને મહાત્માઓએ જ્યારે એમ જાણ્યું કે સૂરીશ્વરજી અમને આચાર્યપદે સ્થાપવાની ઈચ્છા રાખે છે, ત્યારે તેમણે

હાથ જોડીને જણાવ્યું કે આપશ્રી અમને જે જવાબદારીભર્યા સ્થાને મૂકવાની ઈચ્છા રાખો છો, તે અમે બરાબર શોભાવી શકીશું કે કેમ ? એ વિચારણીય છે, તેથી એ સ્થાન સ્વીકારવાની અમારી ઈચ્છા નથી.' પરંતું ગુરુદેવ પોતાના વિચારમાં મક્કમ રહ્યા અને આગેવાન શ્રાવકોએ પણ આ પદ સ્વીકારવાનો અતિ આગ્રહ કર્યો, એટલે ઉભય મહાત્માઓને તે માટે સંમત થવું પડયું. સને ૧૯૨૫ના માગસર સુદિ પાંચમનો દિવસ તે માટે નક્કી થયો.

છાણી ગામને માટે આ એક અપૂર્વ પ્રસંગ હતો, વળી ચાલી રહેલા ઉપધાન તપનો માલારોપણ મહોત્સવ પણ તે જ દિવસે થવાનો હતો, એટલે શ્રાવકોનો હર્ષ માતો ન હતો. તેમણે આ પ્રસંગની શાનદાર ઉજવણી કરવાનો નિશ્ચય કર્યો અને તે અનુસાર તૈયારીઓ કરવા માંડી.

જેમને પદાર્પણ કરવાનું હતું તે બંને મહાત્માઓનાં જ્ઞાન અને ચારિત્રની સુવાસ સર્વત્ર ફેલાયેલી હતી, એટલે છાણી સંઘની આમંત્રણપત્રિકા મળતાં જ પંજાબ, મારવાડ, માળવા, મહારાષ્ટ્ર, ગુજરાત અને સૌરાષ્ટ્ર વગેરે પ્રાંતોમાંથી ઘણા ભાવિકો છાણી આવી પહોંચ્યા.

આ પ્રસંગનિમિત્તે અષ્ટાહ્નિકા–મહોત્સવની શરૂઆત થઈ અને જ્ઞાનમંદિરના વિશાળ ચોકમાં બંધાયેલો ખાસ મંડપ લોકોથી ઉભરાવા લાગ્યો. તેમાં વડોદરા તથા ડભોઈથી આવેલા સંગીતકારોએ સંગીતની ભારે જમાવટ કરી અને ભક્તિરસ અનેરી છટાથી ઉછળવા લાગ્યો.

માગશર સુદિ પાંચમના દિવસે આચાર્યદેવ શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજ ભવ્ય મંડપમાં ઉત્તર દિશા તરફ મુખ કરી પાટ પર બિરાજમાન થતાં જ હજારો હૈયામાંથી જયનાદ ઉઠયો હતો અને તેના વડે દિશાઓ ભરાઈ ગઈ હતી. સાધુસમુદાય પાટ પર અને સાધ્વીગણ નીચે બાજુ પર વિરાજયો હતો. તે પહેલાં

પંન્યાસજી મહારાજે પ્રાતઃકાળનાં પ્રથમ મુહૂર્તમાં મુનિશ્રી લબ્ધિવિજયજીને પોતાના હાથે જયનાદપૂર્વક ગણિ તથા પંન્યાસપદ અર્પણ કર્યું હતું. હવે બીજુ મંગલ મુહૂર્ત પ્રાપ્ત થતાં પૂજ્ય આચાર્યદેવે હર્ષથી રોમાંચિત થઈ બંને મહાત્માઓ પર આચાર્યપદનો વાસક્ષેપ નાખ્યો અને સૂરિમંત્ર સંભળાવી આચાર્યપદ અર્પણ કર્યું. તે વખતે સકળ સંઘે જયનાદપૂર્વક અક્ષતો ઉછાળ્યા અને બંને નૂતન આચાર્યોને હૃદયના ઉમળકાથી વધાવી લીધા. આ પ્રસંગે મુનિશ્રી લબ્ધિવિજયનું નામ શ્રી વિજયલબ્ધિસૂરિ પડ્યું.

બાદ સૂરીશ્વરજીની આજ્ઞાથી શ્રીમદ્ વિજયલબ્ધિસૂરિજી મહારાજે પ્રવચન કર્યું, તેમાં જિનશાસનની ભવ્ય લોકોપકારિતા બતાવવામાં આવી અને તેને સમર્પિત થવામાં જ નિજજીવનની સાર્થકતા છે એ સ્પષ્ટ કરવામાં આવ્યું. લોકો પર એ પ્રવચનની ભારે અસર થઈ હતી.

છેવટે શ્રીફળની પ્રભાવના થઈ અને જૈનેતરોને ઘરદીઠ શેર શેર સાકરના પડા આપવામાં આવ્યા. સર્વત્ર આનંદ આનંદ ફેલાઈ રહ્યો.

## સુરત અને બુહારીમાં ચાતુર્માસ

આચાર્યપદ પછીનું ચાતુર્માસ સૂરીશ્વરજી સાથે સુરતમાં થયું હતું. ત્યારે આચાર્ય શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજ પણ સાથે હતા. આ ત્રણે મહાપુરુષોનો શ્રાવકસમુદાય પર ભારે પ્રભાવ પડ્યો હતો અને તેથી જ તેણે જૈન નિરાશ્રિત ફંડની શરૂઆત થતાં તેમાં રૂા. ૪૦૦૦૦ અને શ્રી વિજયકમલસૂરીશ્વરજી પ્રાચીન હસ્તલિખિત જૈન પુસ્તકોદ્ધારક ફંડની શરૂઆત થતાં રૂ. ૨૫૦૦૦ તરત જ ભરી આપ્યા હતા. અહીંના પોલીસ સુપરીન્ટેન્ડન્ટે આ ત્રણે મહાપુરુષનાં દર્શન તથા ઉપદેશથી પ્રભાવિત થઈને તાપી નદીમાં લગભગ એક માઈલ જેટલા વિસ્તારમાં માછલાં નહિ પકડવાનો

તથા જાળ નહિ નાખવાનો હુકમ બહાર પાડયો હતો અને જ્યાં સુધી આ મહાત્માઓ સુરતમાં બિરાજમાન હોય ત્યાં સુધી કુતરાઓને ઝેર આપવા ઉપર પ્રતિબંધ મૂકયો હતો.

આ ચાતુર્માસમાં ઉપધાનની આરાધના પણ ઘણા ઉલ્લાસપૂર્વક થઈ હતી અને છાણીના એક નવયુવાન નગીનભાઈએ ભાગવતી દીક્ષા ગ્રહણ કરતાં તેમનું નામ મુનિશ્રી નવીનવિજયજી રાખી તેમને આચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરિજીના શિષ્ય કરવામાં આવ્યા હતા.

ચાતુર્માસ બાદ આચાર્ય શ્રીમદ્ વિજયદાનસૂરિજી મહારાજે અમદાવાદ તરફ પ્રયાણ કર્યું અને સૂરીશ્વરજી તથા તેમના પટ્ટધર આચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરિજી મહારાજ ગ્રામાનુગ્રામ ધર્મોપદેશ કરતાં બુહારી પધાર્યા. ત્યાં નગરપ્રવેશ ઘણા ઠાઠથી થયો હતો. તેમાં વાંસદા નરેશે પોતાના તરફથી ડંકો, નિશાન, ઘોડેસ્વારો તથા પાયદળ સિપાઈઓ મોકલી આપ્યા હતા.

અહીં આચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરિજી મહારાજે ગુરુદેવની આજ્ઞાથી ભવ્ય જીવોના ઉપકાર અર્થે પદ્યબંધ સાતસો શ્લોક પ્રમાણ વૈરાગ્ય રસની છોળોને ઉછાળતો 'વૈરાગ્ય રસમંજરી' નામનો સંસ્કૃત ગ્રંથ માત્ર પંદર દિવસમાં જ રચ્યો. તે તાત્ત્વિક વિષયોથી ભરપૂર હોઈ પહેલાં વ્યાખ્યાનમાં વાંચી શકાય એવો છે. તેનું ગુજરાતી ભાષાંતર વિવેચનસહિત શ્રી નગીનભાઈ મંછુભાઈ ગ્રંથમાળા તરફથી બહાર પડેલું છે.

સને ૧૯૨૬નું ચાતુર્માસ બુહારીમાં જ થયું અને તે ભારે ધર્મપ્રભાવના કરનારું નીવડયું. વ્યાખ્યાનવાચસ્પતિની વિશદ વાણી સાંભળીને અનેક માણસોએ વ્રતનિયમો ધારણ કર્યા અને ધર્મપ્રેમી શેઠ ઝવેરચંદ પન્નાજી તથા મોતીચંદ સુરચંદે સમહોત્સવ ઉપધાન તપની આરાધના કરાવી. આ અરસામાં વ્યાખ્યાનવાચસ્પતિજીએ

શ્રી વાસુપૂજ્યપંચકલ્યાણક પૂજાની રચના કરી હતી અને તે ખૂબ ઠાઠથી ભણાવવામાં આવી હતી.

## કમલસૂરીશ્વરજીનો સ્વર્ગવાસ

ચાતુર્માસ બાદ બુહારીથી વિહાર થતાં કરચલિયા, અષ્ટગામ, સાતમ, સીસોદરા વગેરે ગામો પાવન થયાં અને નવસારીને પણ તેમનાં પવિત્ર સાંનિધ્યનો લાભ મળ્યો. ત્યાં સાધુ સમુદાયના દર્શન સમાગમ માટે જૈન-જૈનેતર ઘણા લોકો આવતા. તેઓ વ્યાખ્યાન-વાચસ્પતિની વાણી સાંભળીને 'હું ક્યાંથી આવ્યો? ક્યાં જવાનો? વર્તમાન કાળે મારું કર્તવ્ય શું?' વગેરે વિચારો કરવા લાગી જતા પરિણામે તેમની સંસાર પ્રત્યેની આસક્તિ ઓછી થતી અને તેઓ નીતિ તથા ધર્મનું ચીવટથી અનુસરણ કરવા માટે ઉત્સાહવંત બનતા.

અહીં જલાલપુરના સંઘે વિનંતિ કરી કે 'ગુરુદેવ! અમારું ગામ પાવન કરો. અમે આપની થોડા દિવસની સ્થિરતા ઘણા દિવસોથી ઝંખી રહ્યા છીએ.' જલાલપુરનું શાંતિપ્રિય વાતાવરણ સૂરીશ્વરજીને પસંદ હતું, એટલે એ વિનંતિનો સ્વીકાર કરી તેઓશ્રી જલાલપુર પધાર્યા.

પરંતુ અહીં તેમની શારીરિક શક્તિ ક્ષીણ થવા લાગી અને નિકટવર્તિ શિષ્યસમુદાય ચિંતાતુર બન્યો. આ વખતે તેમની શુશ્રૂષામાં પૂજ્ય આચાર્યશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી તથા આચાર્ય શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજીના વિદ્વાન શિષ્યરત્ન મુનિરાજ શ્રી મંગલવિજયજી તથા મુનિરાજ શ્રી મેરુવિજયજી વગેરે બહોળો શિષ્યસમુદાય હતો.

સને ૧૯૨૭ના માહ વદિ ૬ના પ્રાતઃકાળે સૂરીશ્વરજીના પુણ્ય દેહે વ્યાધિ વધવા લાગ્યો અને રાત્રિના આઠ વાગે તેઓ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. આ સમાચાર માણસો અને તાર દ્વારા પ્રાપ્ત થતાં આસપાસનાં ગામોમાંથી તથા મુંબઈ, સુરત વગેરે શહેરમાંથી હજારો શ્રાવકો આવી પહોંચ્યા. વદિ સાતમના દિવસે તેમના

પુણ્ય દેહને પાલખીમાં પધરાવવામાં આવ્યો અને 'જય જય નંદા' 'જય જય ભદ્દા'ના પવિત્ર ઉચ્ચારો સાથે એ દેહને ગામમાં ફેરવ્યા બાદ ગામ બહાર ચંદનની ચિતામાં પધરાવવામાં આવ્યો. અગ્નિએ અગ્નિનું કાર્ય કર્યું અને હજારો નયનમાંથી વેદનાના આંસુ ટપકી પડયાં.

સૂરીશ્વરજી પંજાબના સરસા ગામમાં એક બ્રાહ્મણ કુટુંબમાં જન્મ્યા હતા. તેમના પિતાશ્રીનું નામ રૂપચંદ, માતાનું નામ જિતાબાઈ અને પોતાનું નામ રામલાલ હતું. આઠ વર્ષની ઉંમરે જ્ઞાનાભ્યાસ માટે તેમને યતિશ્રી કિશોરચંદ્રની સેવામાં સમર્પિત કરવામાં આવ્યા હતા. ત્યાં થોડા વખત બાદ તેમણે યતિદિક્ષા લીધી હતી, પછી વિસનચંદ્રજી નામના એક સ્થાનકવાસી સાધુના સમાગમમાં આવતાં તેમના શિષ્ય થયા હતા. ત્યાર બાદ સ્વનામધન્ય પૂજ્ય આત્મારામજી મહારાજના ઉપદેશથી વિસનચંદ્રજી આદિ અઢાર સ્થાનકવાસી સાધુઓએ મૂર્તિપૂજા પર પોતાની શ્રદ્ધા પ્રગટ કરી હતી અને શત્રુંજય તીર્થની યાત્રા કરી હતી. તેમાં મુનિ રામલાલજી પણ સામેલ હતા. સને ૧૮૭૬માં તેમણે સંવેગી દીક્ષા લેતાં તેમનું નામ મુનિશ્રી કમલવિજયજી રાખી તેમને પૂ. આત્મારામજી મહારાજના શિષ્ય મુનિશ્રી લક્ષ્મીવિજયજીના શિષ્ય કરવામાં આવ્યા હતા.

પૂ. આત્મારાજી મહારાજના સ્વર્ગવાસ બાદ શ્રીસંઘે તેમને આચાર્યપદથી વિભૂષિત કરી પૂ. આત્મારામજી મહારાજના પટ્ટધર બનાવ્યા હતા. તેમનું આખું જીવન ધર્મપ્રચાર અને ધર્મરક્ષણમાં વ્યતીત થયું હતું.

સૂરીશ્વરજી કાળધર્મ પામતાં ઘણાઓએ તપશ્ચર્યા કરવાની, શુભ કાર્યમાં અમુક દ્રવ્ય વાપરવાની, સામાયિકો કરવાની વગેરે પ્રતિજ્ઞાઓ લીધી હતી અને જલાલપુરના સંઘે તેમનાં અગ્નિસંસ્કારનાં સ્થાને સ્તૂપ તથા પગલાં સ્થાપવાનો તેમજ ગામનાં દહેરાસર

પાસે છત્રી તથા મૂર્તિ બનાવવાનો નિર્ણય કર્યો હતો.

જૈન શાસનના આ મહાન જ્યોતિર્ધરને આપણી લાખ લાખ વંદના હો !

## જ્વલંત શાસનસેવા

અનંત ઉપકારી ગુરુદેવ ચાલ્યા જતાં આચાર્યપ્રવરને ખૂબ આઘાત થયો, પણ તત્ત્વચિંતનથી તેમણે મનને સમાહિત કર્યું અને પૂજ્ય ગુરુદેવની સાચી ભક્તિ તો તેમના આદેશોને આગળ ધપાવવામાં જ રહેલી છે, એ વિચારે તેઓ પ્રથમ કરતા પણ વધારે જોમથી સ્વ–પરકલ્યાણની પ્રવૃત્તિઓ કરવા લાગ્યા.

સને ૧૯૨૭નું ચાતુર્માસ સુરતમાં થયું, તેમાં અનેક પ્રકારના ધર્મમહોત્સવો થયા અને તેમના ઉપદેશથી જૈન સમાજે લગ્નપ્રસંગે થતું વેશ્યાઓનું નૃત્ય કાયમ માટે બંધ કર્યું.

સને ૧૯૨૮ના માહ વદિ ૬ના દિવસે જલાલપુરમાં પૂજ્ય ગુરુદેવની પાદુકા વગેરેની ધામધૂમથી પ્રતિષ્ઠા કરાવીને તેઓશ્રી મુંબઈ પધાર્યા. અનુભવીઓએ મુંબઈને મોહમયી નગરી કહી છે, કારણ કે ત્યાંની પ્રજામાં મોજશોખનું પ્રમાણ વિશેષ છે. પરંતુ આચાર્ય-પ્રવરની અદ્ભુત દેશનાએ આ પ્રજાને વ્રતનિયમના માર્ગે વાળી. સાત–આઠ ભાગ્યવંતોને ભાગવતી દીક્ષા લેવાના મનોરથો થયા. સને ૧૯૨૮નું ચાતુર્માસ મુંબઈમાં ગોડીજીના ઉપાશ્રયે અનેકવિધ આનંદમંગળમાં વ્યતીત થયું.

આ ચાતુર્માસ પછી આચાર્યપ્રવરે પાછા ગુજરાતમાં વિચરી ઉપકારની વર્ષા કરવા માંડી અને સૌરાષ્ટ્રના લીંબડી મુકામે તેઓ-શ્રી શેઠ જીવતલાલ પ્રતાપશીએ કાઢેલા શ્રી સિદ્ધાચલજીના છરી પાળતાં સંઘમાં પધાર્યા. તેઓશ્રીના ઉપદેશથી અનેક લોકોએ રાત્રિભોજન તેમજ અભક્ષ્યનો ત્યાગ કર્યો, નિયમિત દેવદર્શન તથા સેવાપૂજા કરવાની પ્રતિજ્ઞાઓ લીધી અને કેટલાક ઠાકોરો તથા દરબારોએ માંસાહાર તથા શિકાર કાયમને માટે છોડયા.

સને ૧૯૨૯નું ચાતુર્માસ સાવરકુંડલા-સૌરાષ્ટ્રમાં થયું. તે લોકોમાં અદ્‌ભુત ધર્મચૈતન્ય રેડનાર નીવડયું. ત્યાંથી તેમના ઉપદેશથી માવજીભાઈ નામના એક કચ્છી ગૃહસ્થે ઊના-અજારાનો સંઘ કાઢતાં તેઓશ્રી એ સંઘમાં પધાર્યા અને પ્રાચીન તીર્થોની યાત્રા કરીને કૃતકૃત્ય થયા.

ત્યાંથી આચાર્યપ્રવર સસ્વાગત પાટણ (ઉ. ગુ.) પધાર્યા. આ વખતે પાટણમાં દીક્ષા સંબંધી એવો ઠરાવ થયેલો હતો કે કોઈ પણ વ્યક્તિ સંસારનો ત્યાગ કરવા ઇચ્છે તો તે પાટણના શ્રાવકસંઘની આજ્ઞા મેળવ્યા પછી એક મહિને કરી શકે અને કોઈ પણ સાધુ કોઈ પણ વ્યક્તિને સંઘની રજા વિના દીક્ષા આપી શકે નહિ. જો દીક્ષા આપે તો એ સંઘ બહાર ગણાય, આ ઠરાવ દીક્ષાની પ્રશસ્ત પ્રવૃત્તિમાં અંતરાય કરનારો હતો અને પ્રભુની આજ્ઞાથી વિરુદ્ધ હતો, એટલે ધર્મપ્રેમી શ્રદ્ધાસંપન્ન શ્રાવકો તેમાં સંમત થયા ન હતા. આ પરિસ્થિતિ અસહ્ય લાગતાં તેમણે આચાર્યપ્રવરને સને ૧૯૩૦નું ચાતુર્માસ પાટણમાં કરવાની વિનંતિ કરી હતી અને આચાર્યપ્રવરે શાસન-સિદ્ધાંત-રક્ષા પ્રશ્ન જાણીને એ વિનંતિનો સ્વીકાર કર્યો હતો.

તેમણે પાટણ પધારીને દીક્ષાના પ્રશ્ન પર શાસ્ત્રીય ખૂબ પ્રકાશ પાડયો અને શ્રાવક સંઘથી આવો ઠરાવ થઈ શકે નહિ એ વસ્તુ સ્પષ્ટ કરી. પણ સામો પક્ષ ખૂબ આગ્રહવાળો હતો, એટલે તેણે એ વાતનો સ્વીકાર કર્યો નહિ, પરંતુ આચાર્યપ્રવરે એજ પાટણનાં આંગણામાં શાસનની પરંપરાગત પ્રણાલિકા મુજબ સાત-આઠ દીક્ષાઓ આપીને દીક્ષાનાં દ્વાર ખોલી નાખ્યાં. આ એક પ્રકારની લડત હતી અને તેમાં સામો પક્ષ ઘણો બળવાન હતો, છતાં આચાર્યપ્રવર તેની સામે ઝઝુમ્યા, એ તેમનામાં રહેલી સત્યપરાયણતા તથા શાસનસેવાની અપૂર્વ ધગશને પ્રગટ કરે છે.

સને ૧૯૩૧નું ચાતુર્માસ કપડવંજમાં કર્યા પછી તેઓશ્રી અનુક્રમે ભોયણી તીર્થમાં પધાર્યા અને ત્યાં નવપદઆરાધક સમાજ તરફથી ચૈત્ર માસની નવપદની શાશ્વત ઓળીનું ભવ્ય આરાધન કરાવ્યું. આ વખતે ત્યાં ૧૦૮ મુનિવરોનો વિશાળ સમુદાય એકત્ર થયો હતો.

સને ૧૯૩૨નું ચાતુર્માસ શેઠ કસ્તુરભાઈ અમરચંદ વગેરેની આગ્રહભરી વિનંતિથી ખંભાતમાં થયું. ત્યા વૈરાગ્યવાહિની દેશનાનો પ્રવાહ વહેતાં ચૌદ–પંદર દીક્ષાઓ થઈ. ત્યાંથી કાવી, ગંધાર, આમોદ, ભરૂચ સુરત તથા ખંભાત થઈ આચાર્યપ્રવર છાણી પધાર્યા. આ વખતે વડોદરા રાજય તરફથી બાલદીક્ષાપ્રતિબંધક નામનો એક ધારો કરવાની હિલચાલ ચાલી રહી હતી, તે અંગે વિચારણા કરવા છાણીમાં આચાર્ય શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજ, આચાર્ય શ્રીમદ્ વિજયમેઘસૂરીશ્વરજી મહારાજ, ઉપાધ્યાય શ્રી મનોહર વિજયજી મહારાજ, પંન્યાસ શ્રી રામવિજયજી મહારાજ આદિ પંચોતેર મુનિવરો એકઠા થયા હતા.

આ ધારા અંગે ધાર્મિક વર્ગ તરફથી મોટો વિરોધ થયો હતો અને સુધારક વર્ગ તરફથી તેને ટેકો આપવામાં આવ્યો હતો. છેવટે ગાયકવાડ સરકારે એ ધારાને કાયદાનું રૂપ આપ્યું હતું, પણ વડોદરા રાજયનું વિલીનીકરણ થતાં એ ધારો પણ વિલીન થઈ ગયો.

સં. ૧૯૩૪માં અમદાવાદ મુકામે અખિલ ભારતવર્ષીય પ્રથમ શ્વેતાંબર મૂર્તિપૂજક મુનિસંમેલન ભરાયું. તેમાં હાજરી આપી, તેઓ શ્રી ચાતુર્માસાર્થે પાલીતાણા પધાર્યા. ત્યાં ઉપધાનાદિ વિશિષ્ટ કાર્યો થયાં હતાં તથા પાલીતાણા ગામમાં આવેલા શ્રી ગોડીજી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠાનો મહોત્સવ તેઓશ્રીની નિશ્રામાં ઘણી ધામધુમથી ઉજવાયો હતો.

ચાતુર્માસ બાદ આચાર્યપ્રવર શિહોર પધાર્યા હતા. ત્યાંથી સુશ્રાવિકા નેમકોર બહેને તેઓશ્રીની પુણ્ય નિશ્રામાં શ્રી ગિરનાર તીર્થનો છરી પાળતો સંઘ કાઢ્યો હતો અને અક્ષય પુણ્ય ઉપાર્જન કર્યું હતું. આ સંઘમાંથી પાછા ફર્યા બાદ આચાર્યપ્રવર પાટણ પધાર્યા હતા અને ત્યાં સ્વ૦ સદ્ધર્મસંરક્ષક શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજની મૂર્તિપ્રતિષ્ટા આચાર્ય શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી સાથે ભવ્ય સમારોહપૂર્વક કરાવી હતી.

પછીનાં બે વર્ષ તેઓશ્રીએ પોતાના વિશાળ પરિવાર સાથે મરુભૂમિમાં વિચરીને ત્યાં છવાયેલી અજ્ઞાનતા દૂર કરી હતી અને ધર્મની સુંદર સુવાસ પાથરી હતી. બરલૂટનો ઉપધાનમહોત્સવ, જાવાલની પ્રતિષ્ઠા વગેરે ધર્મોદ્યોતનાં કાર્યો હજુ પણ લોકોની આંખ આંગળ તરે છે.

સને ૧૯૩૭ના ચૈત્ર વદિ પાંચમને રોજ સૌરાષ્ટ્રનાં શિહોર મુકામે તેઓશ્રીએ સ્વશિષ્ય ઉપાધ્યાય શ્રી ગંભીરવિજયજીને તથા શ્રી લક્ષણ-વિજયજીને ભવ્ય સમારોહપૂર્વક આચાર્યપદવી અપર્ણ કરી તેમને અનુક્રમે શ્રી વિજયગંભીરસૂરી તથા વિજયલક્ષ્મણસૂરિ તરીકે જાહેર કર્યા હતા.

સને ૧૯૩૭નું ચાતર્માસ ખંભાતમાં થયું હતું. તે વખતે અનેક પ્રકારના ધાર્મિક મહોત્સવો થયા હતા.

સને ૧૯૩૬ના માહ સુદિ ૨ ના દિવસે સકલાગમ રહસ્યવેદી આચાર્ય શ્રીમદ્‌વિજયદાનસૂરીશ્વરજીનો પાટડી મુકામે સ્વર્ગવાસ થયો હતો. તેની સ્મૃતિનિમિત્તે અગ્નિસંસ્કારના સ્થાને એક સ્તૂપ ઊભો કરવામાં આવ્યો હતો અને ગામના શ્રી શાંતિનાથ પ્રસાદની બાજુમાં એક સુંદર સમાધિમંદિર નિર્માણ કરવામાં આવ્યું હતું. ત્યાંના સંઘની વિનંતિને માન આપી આચાર્યપ્રવરે સને ૧૯૩૮ ના વૈશાખ સુદિ ૩ ના દિવસે આ સ્મારકોની પ્રતિષ્ઠા કરાવી. તે વખતે બાપજી મહા-

રાજની આજ્ઞાથી આચાર્ય શ્રી વિજયમનોહરસૂરિજી પણ પધાર્યા હતા. ભક્તસમુદાય મોટી સંખ્યામાં એકત્ર થયો હતો અને મહોત્સવની ઉજવણી અતિ ભવ્ય થઈ હતી.

સને ૧૯૩૮નું ચાતુર્માસ ઈડરમાં થયું હતું. તેમાં ઉપધાન તપ, જિનમૂર્તિપ્રતિષ્ઠા, ગુરુમૂર્તિપ્રતિષ્ઠા, જીર્ણોદ્ધાર આદિ અનેક માંગલિક કાર્યો થયાં હતાં. ચાતુર્માસ બાદ એકલારામાં પ્રતિષ્ઠામહોત્સવ તથા સીપોરમાં ધ્વજાદંડારોપણમહોત્સવ તેઓશ્રીની નિશ્રામાં અદ્ભુત રીતે ઉજવાયા હતા.

ત્યાંથી ઈડર પાછા ફરતાં શ્રી કુંભારિયાજી તીર્થનો છરી પાળતો સંઘ નીકળ્યો હતો. આ સંઘમાં પધારી તેઓશ્રીએ શ્રી કુંભારિયાજી તીર્થની યાત્રા કરી હતી. આચાર્યપ્રવરે ઘણાં તીર્થોની યાત્રા સંઘસમેત કરી છે.

સને ૧૯૩૯ ના ચાતુર્માસનો લાભ પાલીને મળ્યો હતો. ત્યારબાદ તેઓશ્રીની નિશ્રામાં ઉપધાનમહોત્સવ ઉજવ્યા બાદ કાપરડાજી તીર્થનો સંઘ નીકળ્યો હતો કે જ્યાં ચાર માળના વિશાળ ગગનચુંબી ભવ્ય મંદિરમાં મૂળનાયક તરીકે શ્રી પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે.

ત્યાંથી ફલોધિ પધારતાં શ્રી ભોમરાજ લુંકડને આચાર્ય શ્રી વિજયભુવનસૂરિજીની પ્રેરણાથી જેસલમીર તીર્થનો સંઘ કાઢવાની ભાવના થઈ હતી, પણ તેની યાત્રા ઘણી કઠીન હતી, કારણ કે વચ્ચે કેટલોક પ્રદેશ તદ્દન વેરાન આવતો હતો અને તેમાં પીવાનું પાણી પૂરતા પ્રમાણમાં મળતું ન હતું. વળી છેલ્લા ત્રણ વર્ષથી ત્યાં લાગટ દુકાળ પડ્યો હતો, આથી તેમનું મન માનતું ન હતું. આ વખતે આચાર્યપ્રવરે કહ્યું કે 'તમારી ભાવના દૃઢ હશે તો એ અવશ્ય પુરી થશે. જરા પણ મુંઝાશો નહિ.' ત્યાર પછી અચાનક ત્યાં માવઠું થયું અને એટલું પાણી પડ્યું કે જે મહિનાથી સવા મહિના સુધી ચાલી શકે. ત્યાર પછી

સંઘ નીકળ્યો અને તેણે સુખપૂર્વક જેસલમીરની યાત્રા કરી. જેસલમીરના મહારાજાએ આચાર્યપ્રવર આદિ મુનિમંડળનાં દર્શનનો લાભ લીધો હતો અને ધર્મદેશના સાંભળી કેટલાક નિયમો ધારણ કર્યા હતા.

ઈ. સ. ૧૯૪૦નું ચાતુર્માસ ફલોધિમાં થયું હતું, જેમાં જિનમંદિરપ્રતિષ્ઠા, શ્રી વર્ધમાનઆયંબિલતપખાતાની સ્થાપના આદિ અનેક સ્તુત્ય કાર્યો થયાં હતાં.

સને ૧૯૪૧નું બીકાનેર ચાતુર્માસ પ્રભાવશાળી પ્રવચનો તથા વિદ્વાનો સાથેની તત્ત્વચર્ચાને લીધે યાદગાર બન્યું હતું. ત્યાંથી મેડતા-ફલોધિની યાત્રા કરીને જોધપુર પધારતાં સંઘે ભવ્ય સ્વાગત કર્યું હતું અને ત્યાં ભૈરવબાગમાં નવ્ય જિનાલયનો ભવ્ય પ્રતિષ્ઠા-મહોત્સવ થયો હતો. ત્યારબાદ શ્રાવકસંઘની આગ્રહ ભરી વિનંતિ થતાં સને ૧૯૪૨નું ચાતુર્માસ અનેકવિધ શાસનપ્રભાવનાઓ સાથે ત્યાં જ વ્યતિત કર્યું હતું.

ત્યાંથી તેઓશ્રી ખીમેલ પધાર્યા હતા, ત્યાં તેઓશ્રીનાં નેતૃત્વમાં અભૂતપૂર્વ પ્રતિષ્ઠામહોત્સવ ઉજવાયો હતો.

ત્યારબાદ ગ્રામાનુગ્રામ ધર્મોપદેશ કરતાં તેઓશ્રી ગુજરાતમાં પધાર્યા હતા. જ્યાં ઈડર મુકામે ભવભ્રમણની ભીતિ પામેલા કેટલાક મુમુક્ષુઓએ તેમનું શરણ અંગીકાર કર્યું હતું અને સંસારોચ્છેદક સંયમમાર્ગ સ્વીકાર્યો હતો. સને ૧૯૪૩ના ચાતુર્માસનો લાભ વડાલીને મળ્યો હતો.

ત્યારબાદ ખંભાતના સંઘની વિનંતિથી સને ૧૯૪૪નું ચાતુર્માસ સ્વપટ્ટધર શ્રી વિજયલક્ષ્મણસૂરિ આદિ વિશાળ મુનિમંડળ સાથે ખંભાતમાં કર્યું હતું. આ ચાતુર્માસમાં તેઓશ્રીના સદુપદેશથી પ્રેરાઈને રેશનીંગનો કપરો કાળ હોવા છતાં ભારે હિંમત દાખવી શેઠ કેશવલાલ વજેચંદે ઉપધાન-ઉજમણું આદિ શુભ કાર્યમાં અઢળક ધનનો વ્યય કર્યો હતો અને ચાતુર્માસ બાદ તેઓશ્રીની નિશ્રામાં શ્રી શત્રુંજયગિરિનો છરી પાળતો સંઘ કાઢ્યો હતો. આ સંઘમાં અનેક અગ્ર-

ગણ્ય કુટુંબો જોડાયા હતા તથા સાધુ–સાધ્વીનો વિશાળ સમુદાય સાથે રહ્યો હતો. ત્યાં ઉપાધ્યાય શ્રી ભુવનવિજયજી ગણિને સૂરિપદથી અને પં. જયંતવિજયજી ગણિવરને ઉપાધ્યાયપદથી અલંકૃત કરવામાં આવ્યા હતાં.

સને ૧૯૪૫–૧૯૪૬નાં ચાતુર્માસ શેઠ શ્રી જીવતલાલ પ્રતાપશી વગેરેની આગ્રહભરી વિનંતિથી મુંબઈમાં થયાં હતાં અને તે શ્રાવક-સમુદાયરૂપી ધરતીને માટે પુષ્કરાવર્ત મેઘ સમાન નીવડયાં હતાં.

આ ચાતુર્માસમાં શ્રી શાંતિનાથજી જૈન ઉપાશ્રયના જ્ઞાનભંડારમાંથી વાદિચૂડામણિ તાર્કિકશિરોમણિ શ્રી મલ્લવાદી ક્ષમાશ્રમણે લખેલા દ્વાદશારનયચક્ર પરની શ્રીસિંહસૂરિગણિ ક્ષમાશ્રમણકૃત ન્યાગમાનુસારિણી ટીકાની પ્રતિ મળી આવી હતી. શ્રી દ્વાદશારનયચક્રની ન્યાયના એક અજોડ ગ્રંથ તરીકે પ્રતિષ્ઠિત હતી અને સ્વ. પૂજ્ય ગુરુદેવ શ્રી વિજય કમલસૂરીશ્વરજી મહારાજે પણ આ ગ્રંથ વિષે ધ્યાન રાખવાનું કહેલું, તેથી પૂ. પં. શ્રી વિક્રમવિજયજી ગણિવરની વિનંતિથી આચાર્ય-પ્રવરે આ ગ્રંથનું સંપાદનકાર્ય હાથ ધર્યું અને તેના પર વિષમપદ વિવેચન નામનું ટિપ્પણ કરવા માંડયું. આચાર્યપ્રવરે ચૌદ વર્ષ સુધી મહેનત કરીને આ ગ્રંથને ચાર ભાગમાં પ્રકાશિત કરાવ્યો છે અને દાર્શનિક સાહિત્યની મહાન સેવા બજાવી છે.

સને ૧૯૪૭નું ચાતુર્માસ સંઘના આગ્રહથી વાપી થતાં અનેક પ્રકારની ધર્મપ્રભાવનાઓ વિસ્તાર પામી અને મિથ્યાત્વનું મુખ મ્લાન થયું. ત્યારબાદ આચાર્યપ્રવરના પટ્ટધર શ્રીમદ્ વિજયલક્ષ્મણ-સૂરિજી મહારાજની પ્રેરણાથી પુનામાં ભવ્ય પ્રતિષ્ઠામહોત્સવ ઉજવવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. તેને આચાર્યપ્રવરે સાંનિધ્ય આપ્યું અને પુના લશ્કરના આગેવાનોના આગ્રહથી સને ૧૯૪૮નું ચાતુર્માસ ત્યાંજ કર્યું.

ચાતુર્માસ બાદ આચાર્યપ્રવરનાં પગલે મહારાષ્ટ્રની ધરતી

પાવન થઈ અને લોકોનાં કર્ણવિવરમાં વીતરાગ પ્રભુની વાણીનો સંદેશો પહોંચવા લાગ્યો. કોલ્હાપુર પધાર્યા પછી શ્રી કુંભોજગિરિ તીર્થની પ્રતિષ્ઠા આદિ અનેક કાર્યો તેઓશ્રીના વરદ હસ્તે થયાં. ત્યાં અનેક ગામોની ચાતુર્માસ માટે વિનંતિઓ આવી, તેમાં કરાડને ચાતુર્માસનો લાભ મળ્યો. ત્યાં ચાતુર્માસ બાદ ઉપધાનતપની આરાધના થતાં લોકોમાં અપૂર્વ ઉત્સાહ પ્રકટ્યો અને વીતરાગશાસન પ્રત્યેની વફાદારી વધવા પામી.

સને ૧૯૫૦નું ચાતુર્માસ પૂનામાં થયું અને તત્ત્વજ્ઞાનની સરિતા વહેવા લાગી. લોકોએ તેનું આકંઠ પાન કર્યું. ત્યાંથી આચાર્યપ્રવર વયોવૃદ્ધ સંઘસ્થવિર આચાર્ય શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરજીનાં દર્શનાર્થે અમદાવાદ પધાર્યા અને ત્યાંથી ચાતુર્માસાર્થે ઈડર પધાર્યા. અહીં તેઓશ્રીના ઉપદેશથી જીર્ણોદ્ધારનું કામ ચાલતું હતું, તે હવે પૂરું થયું હતું. તેનો ભવ્ય પ્રતિષ્ઠામહોત્સવ ઉજવાયો અને આસપાસનાં ગામોમાં પણ ધર્મવૃદ્ધિ કરનારાં અનેક કાર્યો થયાં.

સને ૧૯૫૨નું ચાતુર્માસ શેઠ રમણલાલ દલસુખભાઈ આદિની વિનંતિથી ખંભાતમાં થયું. આ ચાતુર્માસમાં શેઠ રમણભાઈએ ઉપધાનતપની આરાધના કરાવી અને પોતે પણ તેમાં જોડાયા. માળારોપણ–મહોત્સવ અતિ સુંદર થયો અને તે કેઈ હૃદયોમાં સમ્યકત્વસુધાનું સિંચન કરી ગયો.

સને ૧૯૫૩નું ચાતુર્માસ પાલીતાણામાં થયું, તે અપૂર્વ આત્મજાગૃતિ કરનાર નીવડયું. સને ૧૯૫૪ના ચાતુર્માસનો લાભ ઈડરને મળ્યો અને સને ૧૯૫૫ના ચાતુર્માસમાં ખંભાતનો શ્રાદ્ધવર્ગ શ્રદ્ધાદિગુણો વડે સમુજ્જવલ બન્યો.

સને ૧૯૫૮ના માહ માસમાં તેઓશ્રી અમદાવાદ પધાર્યા અને ત્યાં ચૈત્ર માસમાં ભરાયેલા દ્વિતીય મુનિસંમેલનમાં સામેલ થયા. આ વર્ષનું તેઓશ્રીનું ચાતુર્માસ પણ અહીં જ થયું.

સને ૧૯૫૯માં આંખનું ઓપરેશન કરાવવા નિમિત્તે તેઓશ્રી મુંબઈ પધાર્યા. ત્યાં જુદા જુદા સ્થળોએ વીરવિભુનો સંદેશ સંભળાવ્યા પછી શ્રી આત્મકમલ–લબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિરમાં ચાતુર્માસ રહ્યા. ત્યાં અનેકવિધ ધર્મપ્રભાવનાઓ થઈ અને આંખનું ઓપરેશન સફળતાને વર્યું.

## શિષ્યસમુદાય

આચાર્યપ્રવરનો શિષ્યસમુદાય વટવૃક્ષની પેઠે ફાલ્યો ફૂલ્યો છે અને ખૂબ વિસ્તાર પામ્યો છે. આ સમુદાય સિદ્ધાંતપ્રેમી, ક્રિયાપરાયણ તથા ભદ્રિક પ્રકૃતિનો હોવાથી જૈન શાસનમાં તેની ભારે પ્રતિષ્ઠા છે. આજે તેના દ્વારા ધર્મપ્રચાર તથા શાસનોન્નતિનાં અનેકવિધ કાર્યો થઈ રહેલાં છે.

લગભગ સીત્તોર સાધુઓના આ શિષ્યસમુદાયમાં આચાર્યશ્રી વિજયગંભીરસૂરીશ્વરજી સ્વર્ગે સિધાવેલા છે. શ્રી જયંતસૂરિ, શ્રી નવીનસૂરિ, શ્રી પ્રવીણસૂરિ, શ્રી વિક્રમસૂરિ, શ્રી પદ્મસૂરિ, શ્રી મહિમાસૂરિ, શ્રી ભદ્રંકરસૂરિ એ મુનિરાજો આચાર્યપદને શોભાવી રહેલા છે. તેમાં શ્રી મહિમાસૂરિ દેવસહાય હોવાથી તેમનાં મસ્તક વગેરેમાંથી વાસક્ષેપ ઝરે છે. શ્રી વિક્રમસૂરિ સંસ્કૃત–પ્રાકૃતના સારા અભ્યાસી છે, ન્યાયમાં નિપુણમતિ છે અને આગમોનું પણ સારું જ્ઞાન ધરાવે છે. આચાર્યપ્રવરે દ્વાદશારનયચક્ર ન્યાયના મહાન ગ્રંથનું જે સંપાદન કર્યું, તેમાં તેમનો શ્રમ તથા સહકાર નોંધપાત્ર છે. શ્રી પદ્મસૂરિ સુંદર કવિતાઓ રચી શકે છે અને શ્રી ભદ્રંકરસૂરિ વ્યાકરણાદિ વિષયમાં સારા વિદ્વાન છે. અને મહાબંધ જેવા કઠિન કાવ્યો રચી શકે છે. શ્રી પ્રવીણસૂરિ શાંત પ્રકૃતિ અને નિસ્પૃહતા આદિ ગુણોથી દીપી ઉઠે છે.

અન્ય મુનિવરોમાં કેટલાંક સાહિત્યપ્રેમી છે, કેટલાક ધ્યાનરક્ત છે, કેટલાક તપસ્વી છે અને કેટલાક ઉપાસના મગ્ન છે. વર્ધમાન

આયંબિલ તપની આરાધના કરનારા મુનિઓ પણ વિપુલ સંખ્યામાં છે. તેમાં મુનિશ્રી ભાસ્કરવિજયજી અનન્ય સાહિત્યપ્રેમી છે અને ગ્રંથોનાં સંપાદન તથા મુદ્રણકળાનું વિશિષ્ટ જ્ઞાન ધરાવે છે. શ્રી કીર્તિચંદ્રસૂરિજી એક સારા લેખક તથા કવિ છે અને કાવ્યમય શૈલિએ પ્રવચન કરવાની વિશિષ્ટ શક્તિ ધરાવે છે, ઉપરાંત તેઓ શતાવધાની પણ છે. તેમના શતાવધાનના ચમત્કારિક પ્રયોગોએ ઘણા લોકોને શાસન પ્રત્યે આકર્ષ્યા છે અને ભક્તિવંત બનાવ્યા છે.

શિષ્યસમુદાયનો આવો ભવ્ય વારસો આપનાર આચાર્ય પ્રવરને કોનું મસ્તક નહિ નમે?

## વિરલ વ્યક્તિત્વ

આચાર્યપ્રવરનો જે ટુંક પરિચય અહીં રજૂ કરવામાં આવ્યો છે, તે પરથી પાઠકો સમજી શકયા હશે કે તેઓશ્રીનું મન બાલ્યવયથી વૈરાગ્ય તરફ ઢળ્યું હતું અને તેઓશ્રી સંસારને કારાગાર માની વહેલામાં વહેલી તકે તેમાંથી મુક્ત થવાને પ્રયત્નશીલ બન્યા હતા. સ્નેહીસંબંધીઓ ત્રણ ત્રણ વખત પાછા લઈ આવ્યાં, છતાં તેઓશ્રી સંસારની માયાથી જરા પણ લેપાયા ન હતા અને આખરે પોતાનું જીવન સદ્ગુરુનાં ચરણે સમર્પિત કરીને જ જંપ્યા હતા.

સંયમસાધના સ્વીકાર્યા પછી વિનય, કૃતજ્ઞતા, જ્ઞાનપ્રીતિ સહનશીલતા, ઉદારતા વગેરે ગુણોને લીધે ક્રમશઃ આગળ વધતા જ ગયા અને યૌવનનાં પુર હેલે ચડયાં, તેને તેઓશ્રીએ આત્મકલ્યાણની દિશામાં જ વાળ્યાં. તેઓશ્રીની આત્મકલ્યાણની સર્વ પ્રવૃત્તિઓ મૈત્રી ભાવનાથી ઓતપ્રોત હતી. એટલે તેઓશ્રી સર્વ જીવોને મિત્ર માની તેમનું કલ્યાણ ચાહતા અને બધા જીવો સર્વજ્ઞનું શાસન પામી પોતાનું જીવન સફલ કરે એમ અંતરથી ઇચ્છતા.

વૈરાગ્યરસ ઘોળી ઘોળીને પીધો હતો, એટલે તેઓશ્રીની વાણીમાં વૈરાગ્યના ધોધ વહેતા અને તે અનેક ભવ્યાત્માઓનાં કલ્યાણનું

નિમિત્ત બનતા. તેઓશ્રીની પુણ્ય નિશ્રામાં દીક્ષા, ઉપધાન, ઉદ્યાપન, મંદિર–મૂર્તિપ્રતિષ્ઠા તથા પદપ્રદાન વગેરેનાં મંગલકારી મહોત્સવો વારંવાર ઉજવાયા છે, તેમજ છરી પાળતાં સંઘો અનેક વાર નીકળેલા છે.

હિંસકને અહિંસક બનાવવા, દુરાચારીને સદાચારી બનાવવા અને સ્વચ્છંદે વર્તતાં મનુષ્યોને નિયમમાં લાવવા એ તેઓશ્રીનાં જીવનનો સાત્ત્વિક આનંદ હતો અને તે તેઓશ્રીએ પૂરેપૂરો માણ્યો છે.

મનની મક્કમતા તો પહેલેથી જ હતી અને વય વધવા સાથે તે પણ વધતી જ ચાલી, તેથી ગમે તેવા વિપરીત સંયોગોમાં પણ તે પાછા હઠયા નથી, એટલું જ નહિ પણ સિંહ સમા નિર્ભય થઈને સામા ધસ્યા છે અને પૂરું પરાક્રમ બતાવીને જ વિરમ્યા છે. પંજાબમાં શાસ્ત્રાર્થો થતાં, ત્યાં લાઠીઓ અને ઈંટો પણ તૈયાર જ રહેતી હતી, છતાં તેઓશ્રીએ પીછેહઠ કરી નથી. મુલતાનમાં તેઓશ્રીની વેધક વાણી સાંભળીને હજારો લોકોએ માંસાહારનો ત્યાગ કર્યો અને કસાઈઓનો ધંધો બેસી ગયો. એ વખતે કસાઈઓએ પોતાની કાતિલ છુરીઓ આ આચાર્યપ્રવરની છાતીમાં હુલાવી દેવાની તૈયારીઓ કરી, છતાં તેઓશ્રીએ પોતાનું કર્તવ્ય છોડયું નહિ. જીવદયા વિષેનાં તેમનાં વ્યાખ્યાનો અબાધિત ગતિએ ચાલુ રહ્યાં. બોરસદમાં ઉપા૦ શ્રી જયંતવિજયજી મહારાજની દીક્ષાનો પ્રસંગ ધૈર્યની કસોટી કરે તેવો હતો, પરંતુ તેમાં તેઓશ્રી પાર ઉતર્યા અને પાટણમાં દીક્ષાનાં દ્વાર દેવાઈ ગયાં હતાં, તે તેઓશ્રીએ અપૂર્વ હિંમત દાખવી ઉઘાડી નાંખ્યાં. દીક્ષા, દેવદ્રવ્ય કે તિથિ-પ્રકરણ જ્યાં પણ તેમને અસત્યની કે શાસ્ત્રવિરુદ્ધ પ્રરૂપણાની ગંધ આવી ત્યાં તેમણે પોતાનું મંતવ્ય નિર્ભયતાથી રજૂ કર્યું છે અને સત્યસંરક્ષણની પૂર્વાચાર્યોની પરિપાટી જાળવી રાખી છે.

તેઓશ્રીની વાણીમાં અપૂર્વ બળ છે. એક જ વ્યાખ્ન આપે અને કાળમીંઢ હૈયાઓ પણ પીગળી જાય! ભક્તોને તો તેઓ ભગવાન સમ ભાસ્યા છે. તેઓશ્રીએ દર્શાવેલી શુભેચ્છા કદી ખાલી ગઈ નથી! પૂરી સંત્યનિષ્ઠા વિના આ શી રીતે સંભવે?

એક મહાન સમુદાયના ગુરુપદે હોવા છતાં તેઓશ્રીનું મન બાળક જેવું નિખાલસ છે અને તેઓશ્રી ગમે તેવી ભૂલો કરનારને પણ પશ્ચાતાપ થયે સહૃદયતાથી અપનાવી શકે છે.

તેઓશ્રીની શ્રુતભક્તિ અતિ જવલંત છે. તેઓશ્રીએ આગમોની વાચના આપી શિષ્યસમુદાય તેમજ અન્ય ભાવુકવર્ગને શ્રુતજ્ઞાનનો ભવ્ય વારસો આપ્યો છે.

તેઓશ્રીનો સીત્તોતેરમા વર્ષનો પ્રવેશ મુંબઈના ભાવિકોએ દાદર શ્રી આત્મકમલલબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિરમાં યાદગાર રીતે ઉજવ્યો હતો.

તેઓશ્રીએ વર્ષોના પરિશ્રમે સંપાદિત કરેલ વાદિચૂડામણિ તાર્કિકશિરોમણિ શ્રીમલ્લવાદિક્ષમાશ્રમણવિરચિત દ્વાદશારનયચક્ર નામના મહાન ન્યાયગ્રથનું પ્રકાશન તા. ૨૭મી માર્ચ ૧૯૬૦ ના રોજ ભારતના ઉપરાષ્ટ્રપતિ અને સુપ્રસિદ્ધ તત્ત્વચિંતક ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના હાથે થયું હતું જે સમસ્ત જૈન સંઘ માટે ગૌરવ લેવા જેવું છે.

એ પ્રકાશન વખતે એવો પ્રસ્તાવ થયો કે સંપાદિત ગ્રંથ સંસ્કૃતમાં છે અને ડો. રાધાકૃષ્ણન્ જેવા એક મહા વિદ્વાનના હાથે તેનું પ્રકાશન થનાર છે, તેથી તે અંગેનું પ્રવચન સંસ્કૃતમાં થવું જોઈએ, વળી તે વખતે ભારતીય વિદ્યાભવનવાળા ડો. દીક્ષિતાર વગેરે આવવાના છે તે સસ્કૃતમાં જ બોલવાના, એટલે આપણું નીચુ દેખાવું ન જોઈએ. એ વખતે તેમણે કહ્યું, 'વાંધો નહિ આવે, બધું બરાબર થઈ જશે. તે વખતે તેમની તંદુરસ્તી પણ બરાબર

ન હતી, એટલે આ વસ્તુ સારી રીતે પાર ઉતરશે કે કેમ? તે શંકાશીલ હતું. પણ સમારોહના દિવસે તેમણે સંસ્કૃતમાં ખૂબ છટાદાર પ્રવચન કર્યું અને બધા તેનાથી પ્રભાવિત થયા. ખરેખર આ વૃદ્ધ મહાપુરુષે જૈનસમાજની લાજ રાખી!

તેઓ જિનશાસનના ગૌરવ માટે સદા સચિંત રહેતા હતા અને જ્યારે પણ જિનશાસન પર આક્રમણ થવાનો પ્રસંગ આવ્યો, ત્યારે વીરતાથી લડયા હતા. ઈ. સ. ૧૯૬૦માં ધી રિલિજિયસ ટ્રસ્ટ બીલ દિલ્હીની લોકસભામાં રજુ થયું અને પ્રથમ વાંચનમાંથી પસાર થઈ પ્રવર સમિતિને સોંપાયું. તેની કલમો ખતરનાક હોવાથી જૈન સમાજમાં ભારે ઉહાપોહ મચ્યો. ત્યારે મુંબઈમાં બિરાજતા આચાર્ય ભગવંતોની નિશ્રામાં લાલબાગ ખાતે ચતુર્વિધ સંઘની સભા મળી, એ પ્રસંગે તેમની જ મુખ્યતા રહી હતી અને તેમણે ખૂબ જુસ્સાદાર ભાષામાં આ બીલને વખોડી કાઢયું હતું, તેમજ તેનો પૂરા બળથી પ્રતિકાર કરવાની હાકલ કરી હતી, પરિણામે એજ વખતે ત્યાં અખિલ ભારત વર્ષીય ધાર્મિક ટ્રસ્ટ બીલ પ્રતિકાર સમિતિની સ્થાપના થઈ હતી અને આ સમિતિએ ઉક્ત બીલનો પ્રતિકાર કરવામાં ઘણી સુંદર કામગીરી બજાવી હતી, આ બીલ અંગે તેમણે દાદરની સભામાં જે પ્રવચન કર્યું તે સાંભળવાનો મને લાભ મળ્યો હતો. એ પ્રવચન પણ ઘણુ જ જુસ્સાદાર હતું અને આ ઉંમરે પણ તેમનાં હૃદયમાં શાસનની કેટલી દાઝ છે, તે જણાવનારું હતું.

તેમનામાં ક્ષમા, નિર્લોભતા આદિ ગુણો પણ સારી રીતે વિકાસ પામ્યા હતા અને તેની છાપ તેમના સહવાસમાં આવનાર કોઈપણ વ્યક્તિ પર બરાબર પડતી હતી.

ખરેખર! તેઓ સાધુતાની સુંદર મૂર્તિ હતા અને તેથી આજે પણ તેમનું સ્મરણ થતાં આપણુ મસ્તક તેમના પ્રત્યે સહસા ઢળી પડે છે.

અંતે જીવનમંત્ર સમી કવિકુલ કિરીટની જ ચાર પંક્તિઓ યાદ કરીએ.

ये दूनिया है मुसाफ़िरखाना,
आजका वास तेरा यहांही मनाना,
कलका नहि है कुछभी ठिकाना,
धर्म सें लहो शुभ ठाणा.

આ મહાગ્રંથના પ્રકાશન પછી બીજે જ વર્ષે સં. ૨૦૧૭ના શ્રાવણ સુદ ૫ના રોજ તેઓશ્રીનો સ્વર્ગવાસ ૭૭ વર્ષની વયે અનુપમ સમાધિમાં લાલ બાગ, જૈન ઉપાશ્રય, ભૂલેશ્વર–મુંબઈમાં થયો હતો. વંદન હો એ સૂરિપુંગવને

## કવિવર લબ્ધિસૂરિશ્વરની કાવ્યલબ્ધિ

આચાર્યપ્રવરને વ્યાકરણ, કાવ્ય, કોશ, ન્યાય 'પ્રકરણસિદ્ધાંત વગેરે શાસ્ત્રોનાં અધ્યયન પ્રત્યે, તેમ જ ગ્રંથગુંથન, પઠનપાઠન પરશાસ્ત્રોનાં અવલોકન અને વ્યાખ્યાનો કરવા પ્રત્યે જેવી પ્રીતિ હતી, તેવી જ પ્રીતિ સંગીત અને કાવ્ય પ્રત્યે પણ હતી, તેનાં પ્રથમ ફળરૂપે સં. ૧૯૭૭માં 'આત્મલબ્ધિવિકાસ' સ્તવનનાવલી બહાર પડી અને તેઓશ્રી કવિ તરીકે લોકોમાં પ્રસિદ્ધ થયા.

આ પહેલાં તેમના અંગત પરિચયવાળા તેમને કવિ તરીકે જાણતા થયા હતા. જયારે તેઓશ્રી દિલ્હીમાં હતા, ત્યારે મુનિશ્રી વલ્લભવિજયજી (પછીથી આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીજી) એ સિકંદરાબાદવાળા સુશ્રાવક જવાહીરલાલ પરના એક પત્રમાં લખ્યું હતું કે 'જવાહીરલાલને ધર્મલાભની સાથે (જણાવવાનું કે) તમારા પત્ર તેમ જ ભજનો પહોંચ્યાં છે. પણ એ ભાષા તથા ચાલીઓ અપરિચિત હોવાથી અત્રે બનશે નહિ. દિલ્હીમાં કવિશ્રી લબ્ધિ વિ૦ની પાસે બેસી ઠીક કરી લેશો તો જલ્દી બની આવશે.'

તે વખતે શ્રી વલ્લભવિજયજી મહારાજ કવિ તરીકે પ્રસિદ્ધિમાં આવ્યા હતા, છતાં, જે ભાષા અને ચાલીઓને મુનિશ્રી લબ્ધિવિજયજી પાસે બેસી ઠીક કરી લેવાનું સૂચન કર્યું, તે પરથી સ્પષ્ટ સમજાય છે કે આ વખતે તેમનું જ્ઞાન ઘણું આગળ વધ્યું હશે.

સને ૧૯૨૩ના રાધનપુર ચાતુર્માસમાં વ્યાખ્યાન વગેરેની પ્રવૃતિ ચાલું હોવા છતાં, તેમણે અષ્ટોત્તરી મહોત્સવ પ્રસંગે ત્રણ અઠવાડિયામાં 'પંચજ્ઞાન', 'તત્ત્વત્રયી' અને 'નવતત્ત્વ' એ ત્રણ પૂજાઓ વિવિધ રાગરાગિણીઓમાં રચી હતી. ત્યારબાદ દીક્ષા-મહોત્સવ ઉપર 'પંચમહાવ્રત'ની પૂજા ત્રણ દિવસમાં જ તૈયાર કરી હતી અને 'અષ્ટ પ્રકારી' પૂજા તો તેઓશ્રીએ ૭ કલાક જેટલા ટૂંકા સમયમાં જ બનાવી હતી. એટલે તેઓ આ વખતે શીઘ્ર-કવિથી પણ વિભૂષિત હતા, એ નિશ્ચિત છે.

તેઓશ્રીએ 'મહાવીર સ્નાત્રપૂજા'ની રચના પણ રાધાનપુરમાં જ કરી હતી. ત્યાથી વિહાર કરીને તેઓશ્રી પાટણ પધાર્યા ત્યારે 'દ્વાદશભાવનાપૂજા' આકાર પામી ચૂકી હતી.

સને ૧૯૨૫નું ચાતુર્માસ સુરતમાં થયું, ત્યારે ધર્મપ્રિય શેઠ નવલચંદ ખીમચંદ ઝવેરીની અભ્યર્થનાથી 'નવપદ', 'એકવીશ પ્રકારી', 'પંચપરમેષ્ઠી' અને 'શ્રી મહાવીર કલ્યાણક' એ ચાર પૂજાઓ બનાવી હતી, જે એકી અવાજે પ્રસંશા પામી હતી અને ત્યાર પછી તે સ્થળે સ્થળે ભણાવવામાં આવી હતી.

ત્યાંથી જલાલપુર પધારતાં ત્યાંના શ્રી સંઘે તેઓશ્રીને વિનંતિ કરી કે, પૂજ્યશ્રી! અમારાં ગામનાં ભવ્ય જિનાલયમાં બિરાજતા શ્રી શાંતિનાથ પ્રભુની પૂજા બનાવી આપવાની કૃપા કરો, ત્યારે તેમણે થોડા જ વખતમાં 'શ્રી શાંતિનાથ પંચકલ્યાણક પૂજા' બનાવી આપી હતી.

બુહારીના ચાતુર્માસમાં સને ૧૯૨૭ના પ્રારંભે તેઓશ્રીએ 'શ્રી વાસુપૂજ્ય જિનપંચકલ્યાણક પૂજા' રચી હતી.

આ બધી પૂજાઓ મદ્રાસના શ્રી સંઘ તરફથી બહાર પડેલ "પૂજા તથા સ્તવનાદિસંગ્રહ' માં આપેલી છે.

સ્તવનો, સ્તુતિઓ, પદો વગેરેની રચના વિહાર દરમિયાન પણ ચાલુ જ રહેતી. જ્યારે તેઓશ્રી કોઈ તીર્થની યાત્રા કરતા કે પ્રાચીન-પ્રસિદ્ધ મૂર્તિનાં દર્શન કરતા, ત્યારે નવીન રાગવાળું એકાદ સ્તવન અવશ્ય બનાવતા. ઓળીના અસજ્ઝયના દિવસોમાં પૂજા વગેરે રચતા.

તેઓશ્રીની કાવ્યરચનાઓમાં ભાવ અને ભાષા બંનેનું સૌંદર્ય રહેતું, વળી રાગની પસંદગી પણ આધુનિક ઢબે જ થતી, કૃતિઓ ખૂબ જ લોકપ્રિય બની. આજે તેઓશ્રીની કૃતિઓ હજારો હોઠો પર ચડેલી છે અને તે હોંશે હોંશે સર્વત્ર ગવાય છે.

આ સ્તવનોમાં ભક્તિની ભવ્યતા છે, જ્ઞાનની ઉજ્જવલતા છે અને આત્માનાં ઊંડા સંવેદનો પણ છે. ન્યાયની ખાતર કહેવું જોઈએ કે આમાંની કેટલીક કૃતિઓ સુરદાસ, નરસિંહ, મીરાં વગેરેની કૃતિઓ સામે બરાબર ટક્કર લે તેવી છે. મધ્યકાલ પછી અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં માનભર્યું સ્થાન પ્રાપ્ત કરનાર આચાર્ય લબ્ધિસૂરિ પ્રથમ જૈન ગુજરાતી કવિ છે.

તેઓશ્રીએ રચેલી સ્તવનાવલીની આજ સુધીમાં એક લાખ ઉપરાંત નકલો ખપી ગઈ છે અને છતાં તેની માગણી ચાલું છે, એજ તેની લોકપ્રિયતાનો સહુથી મોટો પુરાવો છે.

આચાર્યપ્રવરે સર્જેલી સજ્ઝાયો ઉત્તમ બોધથી ભરપૂર છે અને તે સાંભળીને અનેક આત્માઓ વૈરાગ્ય પામેલા છે. દાખલા તરીકે સને ૧૯૪૪ની સાલમાં ખંભાતના ચાતુર્માસમાં તેઓશ્રીએ બનાવેલી એક નૂતન સજ્ઝાય મુનિશ્રી કીર્તિવિજયજીએ મધુર કંઠે ગાઈ સંભળાવતા બે ભાઈઓ વૈરાગ્ય પામ્યા હતા અને તેમણે ભરસભામાં ઊભા થઈ દીક્ષાની પ્રતિજ્ઞાઓ લીધી હતી. આ સજ્ઝાયોનો સંગ્રહ

શ્રી લબ્ધિસૂરિશ્વર જૈન ગ્રંથમાલાના ૨૨માં મણકા તરીકે પ્રગટ થયેલી નૂતન સ્તવનાવલીમાં આપેલો છે.

આચાર્યપ્રવરે ગુજરાતી અને હિંદી ઉપરાંત સંસ્કૃતમાં પણ કાવ્યરચનાઓ કરી છે. આવી કાવ્યરચનાઓનો એક સંગ્રહ **चैत्य-वन्दनचतुर्विंशतिः** તરીકે પ્રગટ થયેલો છે. આ સંગ્રહનું નિરીક્ષણ કરનારને એ વાત તરત જ લક્ષમાં આવી જાય છે કે આચાર્યપ્રવરનું છંદોવિષયક જ્ઞાન ઘણું વિશાળ છે. તેમણે આ સંગ્રહમાં નીચેના ૩૪ છંદોનો ઉપયોગ કર્યો છે. દ્રુતવિલમ્બિત, તોટક, મંદાક્રાંતા. શિખરિણી શાર્દૂલવિક્રીડિત, વસંતતિલકા, માલિની, પંચચામર, ઉપજાતિ, સ્રગ્ધરા, હરિણી, વંશસ્થ, ભુજંગપ્રયાત, માલિની, આખ્યા નકી, ઈન્દ્રવજ્રા, મંજુભાષિણી, મૌક્તિમાળા, ઈન્દ્રવંશા, સ્ત્રી, કુસુમવિચિત્રા, મત્તા, ચંચરીકાવલી, ઉપેન્દ્રવજ્રા, વાતોર્મી, દોધક, મત્તોભવિક્રીડિત, સ્રગવિણી, પ્રમદાનન, મેઘવિસ્ફૂર્જિત, સ્વાગત, વિપરીતાખ્યાતકી, પ્રમાણિકા અને પ્રહર્ષિણી.

આમાંના કેટલાક છંદો તો ભાગ્યે જ વપરાતા અને કઠિન છે, છતાં આચાર્યપ્રવરે તેનો સફળતાથી ઉપયોગ કર્યો છે.

મેરુત્રયોદશી કથા, શુકરાજ કથા, વૈરાગ્ય રસમંજરી વગેરે સંસ્કૃત કૃતિઓમાં પણ તેમની કાવ્યકલા અનેરી આભાથી ઝળકેલી છે.

તેઓશ્રીએ ઉર્દૂમાં પણ કેટલીક કવિતાઓ રચી છે અને અંગ્રેજીમાં પણ કવિતાઓ લખવાનો પ્રયાસ કરેલો છે.

કવિત્વનાં ક્ષેત્રમાં આવી અસાધારણ સફલતા પ્રાપ્ત થયેલી જોઈને લોકો તેમને કવિકુલકિરીટનું માનવંતુ બિરુદ આપે એમાં આશ્ચર્ય શું?

જૈન શાસ્ત્રોમાં આઠ પ્રકારના શાસનપ્રભાવકો કહ્યા છે: પ્રાવચનિક, ધર્મકથી, વાદી, નૈમિત્તિક, તપસ્વી, વિદ્યાવાન, સિદ્ધ અને કવિ. કવિને શાસનપ્રભાવક ગણવાનું કારણ એ છે કે પોતાની

ઉત્તમ કાવ્યરચના વડે હજારો હૈયાંને ડોલાવી શકે છે અને તેને શાસન પ્રત્યે આકર્ષી શકે છે.

સ્વ. આચાર્યદેવના ઊર્મિકાવ્યો-સ્તવનો-સઝ્ઝાયો આદિમાં આત્મકલ્યાણુની અનોખી મસ્તી છલકતી દેખાય છે. સંસારનું અનિત્ય સ્વરૂપ અને સંસારના સુખોપભોગની ભયંકર જ્વાળાનું દર્શન કર્યા વગર આવી મસ્તી જીવનમાં ને કવનમાં સંભવતી નથી. કોઈ ભાષાનો ખેલાડી કદાચ ભાષાના બળ વડે એવી મસ્તીનો આભાસ કરાવી શકે એ બને, પણ એ મસ્તીમાં હૈયાનો ધબકાર તો હરગીઝ હોતો નથી.

સ્વ. આચાર્યદેવે હજાર ઉપર ઉપરાંત કાવ્યો રચ્યાં છે... એ બધાં કાવ્યોનું અવગાહન કરવું એ સહજ વાત નથી. પરંતુ અહીં એમનાં કેટલાંક ભક્તિ અને આધ્યાત્મિક રસથી છલકતાં ગીતોનો હળવો પરિચય આપ્યો છે.

પ્રથમ એ મહાપુરૂષની કાવ્યલબ્ધિમાં રમતાં કેટલાંક ઊર્મિ-કાવ્યો' સ્તવનો આદિ જોઈએ.

ભગવાન આદિનાથ પ્રભુના એક ભક્તિ રસ ભરપુર સ્તવનમાં આત્મદર્શી કવિ ગાય છે:—

એક ભક્તિ વસાલે મેરે મન ભક્તિ વસાલે,
ચૂર કરી કર્મ સારે જાન શકે હાં,
ચાર બડે સુખ કોઈ પા ન શકે હાં,
મુક્તિકો આંગણમેં તુંહી બુલા લે...

અને એજ કાવ્યમાં કવિનો આત્મભાવ ચરમસીમાએ પહોંચે છે... કવિ પોકારે છે...

જ્ઞાન બીના કોઈ ઈસે ધ્યા ન શકે હાં,
ધ્યાન બીના આતમ જ્યોતિ પા ન શકે હાં,
આતમકી જ્યોતિકો તુંહીં બસાલે...

જ્ઞાન વગર કોઈ એનું ધ્યાન કરી શકતું નથી... ધ્યાન શકય નથી કારણ કે જ્ઞાન એ અંતરદષ્ટિનો જ એક પ્રકાર છે... અને જ્ઞાનપૂર્વકની આરાધના વગર-ધ્યાન વગર કોઈ આત્મજ્યોતિના દર્શન કરી શકતું નથી... હે ભગવંત એવી આત્મ જ્યોતિ તું જ મારા મનમાં વસાવી દે...

કેવું સ્વચ્છ સુંદર નિરુપણ? ભક્ત કોઈ ભૌતિક સુખ માગતો નથી... એ તો આત્મજ્યોતિના જ દર્શન ઇચ્છે છે... કારણ કે એ આત્માનો એક પુરુષાર્થ છે અને એ પુરુષાર્થનું ફળ આત્મ-જ્યોતિનું દર્શન જ હોય છે.

શ્રી અભિનંદન ભગવંતના એક સ્તવનમાં કવિ કુલકિરિટ ગાય છે :—

તમે સુખધારી છો સાહિબા,
મારે નહિ દુઃખોનો પાર.
જો નવિ આશ્રિત ઉધ્ધરો,
તો કયાં કરવો પોકાર?

કવિ એક ભોળા ભક્તની ભાવના સાથે કાલાવાલા કરતાં આગળ કહે છે :—

જો સુખ પામી, ન સુખ દિયે,
થઈ દુઃખી ગરીબ નિવાજ;
તો પછી સુખીયાપણું પ્રભુ,
કહો આવે તે શા કાજ?

કેવી મર્મભરી વાત? સુખના સ્વામી અને ગરીબોના બેલી બનીને પણ જો સુખનો રાહ ન દેખાડો તો હે ભગવંત એ સુખીયા-પણું શા કામનું?

એક સુંદર અને અર્થગંભીર ગાનમાં કવિ ઘણી મોટી વાત નાના શબ્દોમાં કહી જાય છે.

બીજા એક પદ્મપ્રભુ સ્તવનમાં કવિ કહે છે:

મનડું હાથ ન આવે હો, પદ્મપ્રભુ!
મનડું હાથ ન આવે.........
યત્ન કરી નિજ ઘરમાં રાખું,
પલ પલ પરઘર જાવે.........

શ્રી વાસુપૂજ્ય સ્તવનમાં ભક્તનું કવિ હૃદય શ્રદ્ધાની દૃઢતા વ્યક્ત કરી જાય છે:—

વાસુપૂજ્ય જિનેશ્વર, મનના વાલહા,
બીજા શું મારૂં મન નહિં લલચાય જો...
શુદ્ધ સ્વરૂપી પામી કામી કોણ ભજે!
કલ્પતરૂ તજી અર્ક લેવા કોણ જાય જો!

ભગવાન પાર્શ્વનાથ પ્રભુના એક સ્તવનમાં કવિકુલકિરીટ કહે છે:-

પ્યારી પ્યારી નિજાનન્દકારી હો,
પ્રભુ પાર્શ્વપ્રતિમા પ્યારી......
દુઃખ દોહગ સબ દૂર કરવાને
વિષય વિષધર વિષ હરવાને
જયો જિણુંદ જયકારી......
નરક નિગોદે દુઃખ અપારી,
સહે સકર્મ ચેતન બહુ વારી,
પાર્શ્વ સેવી દીયો ટારી.........

ભગવાનના સ્તવનો દ્વારા કવિએ આવાં જીવનનાં સત્યો અવારનવાર આપ્યા કર્યાં છે અને ભક્તિભાવથી છલકતાં આવાં સ્તવનો દ્વારા મુક્તિના માર્ગની અને આત્મજ્યોતિના દર્શનની વાતો પણ કરી છે...

લોકભોગ્ય ગીતોની રચના કરવામાં સ્વ. શ્રી આચાર્યદેવ ખૂબ જ ખ્યાતિ પામ્યા હતા...પરંતુ તેઓએ લોકોને ગમે એટલા ખાતર કોઈ ગીત રચ્યું નથી...લોકોને સન્માર્ગે વાળવા ખાતર જ સ્તવન-ગીતોની રચના કરી છે.

હવે એમના થોડાંક આધ્યાત્મિક ગીતો પર નજર કરી લઈએ:-

કવિકુલકિરીટનું એક ગીત ઘણું જ ભાવવાહી છે. એ ગીત દ્વારા તેઓ આ સંસારના યાત્રિને કહે છે:-

તું ચેત મુસાફિર ચેત જરા,
કયોં માનત મેરા મેરા હૈ.
ઈસ જગમેં નહિં કોઈ તેરા હૈ,
જો હૈ સૌ સભી અનેરા હૈ.
સ્વારથકી દુનિયા ભૂલ ગયા,
કયોં માનત મેરા મેરા હૈ.
કુછ દિનકા જહાં બસેરા હૈ,
નહિં શાશ્વત તેરા ડેરા હૈ.
કર્મોંકા ખૂબ યહાં ઘેરા હૈ,
કયોં માનત મેરા મેરા હૈ.

આગળ જતાં કવિ સત્ય વાત પોકારે છે:-

એ કાયા નશ્વર તેરી હૈ,
એક દિન વો રાખ કી ઢેરી હૈ,
જહાં મોહકા ખૂબ અંધેરા હૈ,
કયોં માનત મેરા મેરા હૈ.

બીજા એક ગીતમાં કવિ ગાય છે:-

ચેતન સમય પીછાણ,
ન કર વિષય ન યારી.
સંબલ કો નહિ ભૂલના પ્યારા,
સ્વજન કુટુંબી નહિં કોઈ થારા;
જુઠા ભાઈ માઈ ભગિની પસારા,
અંતે સભી જુદે જાણ
દ્રવ્ય તેરા ઘરમેં હીં રહેગા,
તિરયો*જન નહિં સાથ કરેગા,
સ્વજન શરીર ચિતામેં ધરેગા,
જાવે એકલડી જાન.........
યે દુનિયા હૈ મુસાફિરખાના,
આજકા વાસ તેરા યહાંહી મનાના,
કલકા નહિં હૈ કુછભી ઠિકાના,
ધર્મ સેં લહો શુભ ઠાણા.

સાદી ભાષામાં કેવી ગંભીર છતાં પળે પળે નજર આગળ રમતી સત્ય વાત કહી નાખી છે?

કવિ એક અન્ય ગીતમાં સ્પષ્ટ પણે કહે છે—

મેં દિવ્ય નયનથી જોઈ,
દુનિયા નહિં કોઈની હોઈ,
સ્વારથની જાળમાં રોઈ,
નિજ ગુણ સઘળા દીયા ખોઈ.

બીજા એક ગીતમાં કવિ એક નગ્ન સત્ય કહી જાય છે:—

બની મિટ્ટીકી સબ બાજી,
ઉસીમેં હોત કયોં રાજી?

---

* તિરિયા-પત્ની, સ્ત્રી

મિટ્ટીકા હૈ શરીર તેરા,
મિટ્ટીકા કપડા પહેરા. *
મિટ્ટીકા મહેલ રહા છાઈ,
ઉસીમેં હોત કયોં રાજી ?

આવા ઉચ્ચ, ભાવનાપ્રેરક અસંખ્ય ઊર્મિ ગીતો સ્વ. શ્રી આચાર્યદેવે રચેલાં છે. તેઓની ગીત રચના પાછળ પ્રાચીન રાગ-રાગિણીથી માંડીને આધુનિક તરજો પણ આવી જતી હોય છે. લોકો સરલતાથી ગાઈ શકે એ દૃષ્ટિ કવિ ચૂકયા નથી... કારણ કે આવા આત્મજ્યોતિનું ઉદ્‌બોધન કરનારાં અને સંસારનું સત્ય સ્વરૂપ દર્શાવનારાં ગીતો જો લોકોની વાણીમાં ન વસી શકે તો હૈયામાં કેવી રીતે વસી શકે ?

જૈન સમાજના આવા એક સમર્થ કવિવર વિજયલબ્ધિસૂરિ પોતાની કાવ્યલબ્ધિથી અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં માનભર્યું સ્થાન પામી અમર બની ગયા છે.

મહાગુજરાતના સુપ્રસિદ્ધ લેખક અને ઐતિહાસિક વાર્તાકાર શ્રી ગુણવંતલાલ આચાર્યના શબ્દોમાં કહીએ તો : 'ગુજરાતી સાહિત્યની એમણે કદિયે ન ભૂલાય એવી સેવા કરી છે. ગુજરાતી સાહિત્ય ઉપર એમનું કદિયે ન ભૂલાય એવું ઋણ છે.'

તેઓશ્રીની આ કવિત્વશક્તિનો વારસો તેમના શિષ્યસમુદાયમાં-કીર્તિચંદ્રસૂરિ આદિમાં પણ સારી રીતે ઉતર્યો છે, એને આપણે સમાજનું એક સૌભાગ્ય જ લેખવું જોઈએ.

---

* પહેરા—આભુષણ

# મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનધારા

## ૧. સમગ્ર મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈન સાહિત્યધારા

ઈ. સ. બારમા શતક પહેલાંનું એટલે કે લગભગ શ્રી હેમચંદ્રાચાર્યના સમય સુધીનું ભાષા–સાહિત્ય અપભ્રંશ સાહિત્ય છે. ત્યાર બાદ જૂના ગુજરાતી સાહિત્યનો આરંભ થાય છે. બારમા શતકની શરૂઆતથી તે ચૌદમા શતક સુધીના ત્રણેક શતકના એ ગાળામાં ૫૬ કવિઓએ કુલ મળીને ૭૦ જેટલી જૂની ગુજરાતી સાહિત્યગુણવાળી પદ્યરચનાઓ આપી છે, જેમાં પંદરેક તો મોટી કૃતિઓ છે. બીજી લઘુ કૃતિઓમાં પણ બારમાસી, ફાગુ આદિ પ્રકારની કૃતિઓ ખાસ નોંધપાત્ર છે. આ ગાળામાં કેટલીક ગદ્યકૃતિઓ પણ મળી આવી છે. ગુજરાતી સાહિત્યમાં આ સમય સામાન્ય રીતે જૂના ગુજરાતી સાહિત્યનો સમય અથવા પ્રાગનરસિંહયુગ કહેવાય છે. લગભગ ત્રણેક શતકના એ ગાળામાં જૈન (જૈનેતર) ગુજરાતી કવિઓની સંખ્યાબંધ કૃતિઓ જળવાઈ છે.

બારમા શતકમાં ૭ (જૈન) ગુજરાતી કવિઓએ સાત કૃતિઓ આપી છે. એ ૭ કવિઓમાં 'ભરતેશ્વર બાહુબલિઘોર'ના રચયિતા 'વયરસેનસૂરિ' તથા 'ભરતેશ્વરબાહુબલિરાસ' અને 'બુદ્ધિરાસ' ના

રચયિતા શાલિભદ્રસૂરિ અગ્રસ્થાને છે એટલે ગુજરાતી સાહિત્યના આ પ્રથમ શતકને 'વજ્રસેન શાલિભદ્રસૂરિ યુગ' તરીકે ઓળખાવી શકાય. આમ ગુજરાતી સાહિત્યનો સૌ પ્રથમ પ્રારંભ આ યુગમાં પ્રથમ ગુજરાતી કવિ વજ્રસેનસૂરિ તથા પ્રથમ (જૈન) ગુજરાતી ગૃહસ્થકવિ નેમિચંદ્ર ભંડારીથી થાય છે એ આ યુગની અગત્યની અને ખાસ નોંધપાત્ર બીના છે. 'ઘોર' અને 'રાસ' એ બે આ શતકના અગત્યના કાવ્યપ્રકારો છે. આ શતક કેવલ ગુજરાતી પદ્ય-પ્રવૃત્તિનું શતક છે જેની શરૂઆત જૈનધારાથી થાય છે. ગુજરાતી ગદ્યનાં દર્શન હજુ તેમાં થતાં નથી. આ શતકની સાહિત્યપ્રવૃતિ, પ્રમાણમાં ઘણી અલ્પ હોવા છતાં, ગુજરાતી ભાષાવિકાસના અભ્યાસ-ની દૃષ્ટિએ અતિ ઉપયોગી છે.

તેરમા શતકના કુલ ચૌદ કવિઓમાં ધર્મ અને વિનયચંદ્ર નોંધપાત્ર છે એટલે તે શતકને 'ધર્મ–વિનય યુગ' તરીકે ઓળખાવી શકાય. આ કાળમાં રાસ, ચતુષ્પદિકા, સંધિ, ચોપાઈ, ચાચરી આદિ કાવ્ય–પ્રકાર ખેડાયા છે. આ શતકની અઢાર સાહિત્યકૃતિઓમાંથી નવેક કૃતિઓ સાહિત્યગુણ અને ભાષાવિકાસ બન્ને દૃષ્ટિએ ઉપયોગી છે. બારમા શતક કરતાં તેરમું શતક કાંઈક વધુ ફળદાયી છે. આ શતકમાં આસગુ અને જગડુ નામના બે જૈન ગુજરાતી ગૃહસ્થ કવિઓ પણ થઈ ગયા છે. તેમાં 'આરાધના' અને સંગ્રામસિંહકૃત 'બાલશિક્ષા' એ બે ગુજરાતી ગદ્ય કૃતિઓ પણ મળે છે. આમ આદિ ગુજરાતી પદ્યપ્રવૃત્તિની માફક આદિ ગુજરાતી ગદ્યપ્રવૃત્તિની શરૂઆત પણ આ શતકની જૈનધારામાંથી જ થાય છે.

ચૌદમા શતકમાં પદ્મ, શાલિભદ્રસૂરિ (૨), સાલિસૂરિ અને વિજયભદ્ર એ ચાર આગળ પડતા કવિઓ સહિત ૩૯ જૈન ગુજ-રાતી કવિઓ થઈ ગયા છે. ચાર ખંડની 'હંસાઉલી' (હંસવચ્છ ચોપઈ)ની સુંદર પદ્યકૃતિ (૧૩૭૦ આસપાસ) અને 'ભવાઈના ૩૬૦ વેશ'ના રચયિતા અસાઈત તથા વીરરસની સુંદર કૃતિ 'રણમલ્લ

છંદ' (૧૩૯૮ આસપાસ) સપ્તશતી (યાને ઈશ્વરી છંદ) અને ભાગવત–દશમસ્કંધના કર્તા શ્રીધર વ્યાસ એ બે આ શતકના જૈનેતર ગુજરાતી કવિઓ છે. આ દૃષ્ટિએ આ શતકને 'પદ્મ–શાલિ–વિજયભદ્ર યુગ' યાને 'અસાઈત–શ્રીધર યુગ' તરીકે ઓળખાવી શકાય. આ શતકની કુલ ૫૩ જૈન કૃતિઓમાંથી કેટલીક સાહિત્યગુણ દૃષ્ટિએ અને કેટલીક ભાષાવિકાસ, ઈતિહાસ અને ધર્મની દૃષ્ટિએ ઉપયોગી છે. સૌથી જૂની લોકકથા વિજયભદ્રરચિત 'હંસરાજ વચ્છ-રાજ ચોપાઈ' (ઈ. સ. ૧૩૫૫) આ શતકમાં મળી છે. ગુજરાતી લોકકથાનો પ્રારંભ પણ આમ આ શતકની જૈનધારામાંથી થયો છે અને તેનો પ્રવાહ જૈન–જૈનેતર કવિઓના હાથે ઠેઠ શામળભટ્ટ સુધી અખંડ વહ્યા કર્યો છે. બારમા શતકમાં શરૂ થયેલો જૈન કાવ્ય પ્રકાર 'રાસ' આ શતકમાં કદમાં વધતો જોવા મળે છે અને મોટા રાસો રચાવા માંડે છે. શાલિભદ્રસૂરિનો 'પંચપંડવચરિત્રરાસ' (ઈ.સ. ૧૩૫૪) અને સાલિસૂરિનું 'વિરાટપર્વ' એ આ શતકની બે કૃતિઓ પૌરાણિક વસ્તુ પર પાછળથી રચાયેલ વિપુલ જૈનેતર આખ્યાન સાહિત્યની શરૂઆતરૂપ છે. ગુજરાતી આખ્યાન સાહિત્યની શરૂઆતનો યશ પણ આમ જૈનધારાના ફાળે જ જાય છે. જૈન કવિઓએ જૈતનેર વિષયમાં લીધેલો રસ અને તે ઉપર ઉપર્યુક્ત સુંદર પદ્યકૃતિઓ રચવાનો કરેલો પ્રયાસ પણ આ શતકની એક નોંધપાત્ર વસ્તુ છે. બારમા–તેરમા શતકોની સરખામણીએ આ શતકમાં વધુ સાહિત્યફાલ જોવા મળે છે. આ શતકે ચાર જૈન ગુજરાતી ગૃહસ્થ કવિઓ આપ્યા છે. ફાગુ, કુલક, કક્ક, દૂહામાંતૃકા, ચર્ચરિકા, આદિ આ શતકના નોધપાત્ર કાવ્યપ્રકારો છે.

આ શતકમાં 'સર્વતીર્થનમસ્કાર સ્તવન (૧૩૦૨), નવકાર વ્યાખ્યાન (૧૩૦૨), મોટા 'અતિચાર' (૧૩૦૩), તરુણપ્રભસૂરિનો ૭૦૦૦ પંક્તિપૂરનો 'ષડાવશ્યક બાલાવબોધ' (ઈ.સ. ૧૩૫૫) અને કુલમંડનસૂરિકૃત 'મુગ્ધાવબોધ ઔક્તિક' (૧૩૯૪) તથા વ્યાકરણ

ઉપરની એક જૈનેતર ગુજરાતી કૃતિ 'પટ્કારક' આદિ છએક ગદ્ય-કૃતિઓ પણ મળી આવી છે. આ શતકમાં પારસીઓના ગુજરાતી ગદ્યસાહિત્યનાં પણ આછાં દર્શન થાય છે. 'અર્દાગ્વીરા' નામના ઝંદ ગ્રંથનો એ જ નામથી પારસી ગુજરાતીમાં અનુવાદ આ શતકમાં થયેલો છે. આમ છતાં એકંદરે આ શતકનું ગુજરાતી ગદ્યસાહિત્ય પણ મુખ્યત્વે તો જૈન ગુજરાતી ગદ્યસાહિત્ય છે.

પંદરમા શતકની શરૂઆતથી ગુજરાતી ભાષા વધુ સ્થિર સ્વરૂપ ધારણ કરવા માંડે છે. ગુજરાતી સાહિત્યમાં પણ અહીંયાં એક અગત્યનો પલટો તેની જૈન અને જૈનેતરધારાઓમાં થતાં અનેક મહત્વના ફેરફારનો આવે છે. અત્યાર સુધીના ત્રણ શતકમાં ગુજરાતી સાહિત્યધારા એટલે મોટે ભાગે જૈન સાહિત્યધારા એવું હતું પણ હવે જૈનેતર ધારા પણ ગણનાપાત્ર બને છે અને ભક્તકવિ નરસિંહ મહેતા દ્વારા ગુજરાતી ભાષાસાહિત્યને અનોખી સમૃદ્ધિ અર્પે છે. કોઈ અજ્ઞાત પણ સંભવત જૈનેતર કવિકૃત 'ફાગુ' (લખ્યાસાલ ઈ.સ. ૧૪૩૯) તથા ઈ.સ. ૧૪૫૨માં કોઈ બ્રાહ્મણ લિપિકાર (લહિયા) આચાર્ય[૧] રત્નનાગરલિખિત પણ સંભવતઃ કોઈ અજ્ઞાત જૈનેતર (વૈદિક) કવિવિરચિત 'વસંતવિલાસ'[૨] (જેનો રચના-સમય હવે વિદ્વાનો ઈ.સ. ૧૪૦૦ આસપાસનો ગણે છે)–યમકસાંકળી-ના વિશિષ્ટ પ્રયોગ તથા અંતર્યમકના લક્ષણવાળી એ બે સાહિત્યકૃતિઓ ગુજરાતી ભાષા–સાહિત્યના સીમાસ્થંભ રૂપ બને છે. ગુજરાતી સાહિત્યના પ્રથમ નહિ તો પણ શ્રેષ્ઠ આદિ કવિ નરસિંહ

---

૧. "આચાર્ય" એ બ્રાહ્મણ લહિયાની અટક જણાય છે.

૨. સંપાદક: પ્રા. કાન્તિલાલ બળદેવરામ વ્યાસ (ઇ. સ. ૧૯૫૭) પ્રકાશક એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ. મુંબઇ. વળી જુઓ ગુજરાતી સાહિત્ય – ભા. ૧લો પૃ. ૬૯–૭૦ ઉપર પ્રા. અ. મ. રાવલે કરેલી તેની સમાલોચના.

મહેતા (જન્મ ઈ.સ. ૧૪૧૪) પણ આ શતકમાં ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત 'સદયવત્સચરિત'[3] લોકવાર્તાનો કવિ ભીમ (૧) (ઈ.સ. ૧૪૧૦), ઐતિહાસિક વીરરસકાવ્ય 'કાન્હડદે પ્રબંધ'નો કર્તા પદ્મનાભ, 'ઉપાહરણ'નો કર્તાવીરસિંહ, 'સીતાહરણ' નો કર્તા કર્મણમંત્રી, પ્રસિદ્ધ ભાષાંતરકાર અને આખ્યાનકાર ભાલણ, (ઈ.સ. ૧૪૩૪-૧૫૧૪) 'હરિલીલા ષોડશકલા' (૧૪૮૫) અને 'પ્રબોધપ્રકાશ'નો કર્તા સંભવત ભાલણશિષ્ય ભીમ (૨) 'ઉપાહરણ'(૨)નો કર્તા જનાર્દન, 'પ્રબોધ બત્રીસી' આદિનો કર્તા માંડણ, 'સગાળશા આખ્યાન'નો કર્તા વાસુ, 'નંદબત્રીસી' (ઈ.સ. ૧૪૮૯) તથા 'પંચદંડ' આદિનો કર્તા નરપતિ, 'ઢોલામારૂરા દૂહા' નો કર્તા કિલ્લોલ (ઈ.સ. ૧૪૭૪), 'બિલ્હણચરિત ચોપાઈ'નો કર્તા દલ્હ (ઈ.સ. ૧૪૮૧), 'વીસલદે રાસો'નો કર્તા નરપતિ નાલ્હ, 'રાવણમંદોદરી સંવાદ'નો કર્તા મોઢ વણિક શ્રીધર (૨) (ઈ.સ. ૧૪૯૯) આદિ ગણનાપાત્ર કવિઓ તેમજ બીજા અનેક જૈનેતર કવિઓ આ શતકમાં થઈ ગયા છે. આ સાથે તેમાં ૯૪ જેટલા જૈન ગુજરાતી કવિઓની ૨૧૩ જેટલી કૃતિઓનો-જૈન ગુજરાતી સાહિત્યપ્રવાહ તો સમાન્તર વહેતો જ રહ્યો છે. [એ ૯૪માં જયશેખરસૂરિ, દેપાલભોજક, મતિશેખર અને બ્રહ્મ-જિનદાસ એ ચાર અગ્રણી કવિઓ છે એટલે જૈન સાહિત્ય પૂરતું પંદરમા શતકને 'જય – દેપાલ – મતિ - બ્રહ્મ યુગ' તરીકે ઓળખાવી શકાય. જૈનેતર ગુજરાતી સાહિત્યનો 'નરસિંહ–ભાલણયુગ' તે જૈન ગુજરાતી સાહિત્યનો 'જય–દેપાલ–મતિ-બ્રહ્મયુગ'. એ યુગમાં જૈન કવિઓએ રાસા, પ્રબંધ, ફાગ, વાર્તા અને ગીતો આદિનું ઘણું સાહિત્ય સર્જ્યું છે. આ શતકમાં દેશમાં ભક્તિનું મહત્વ વધ્યું છે અને સાહિત્યમાં પણ તેનું પ્રતિબિંબ જોવા મળે છે. હવે પછી એવું દેખાય છે કે

---

૩. આમાં ગાહા, પધડી, વસ્તુ, દૂહા, ચુઘઇ, અડલય, મડલય, પટપદી, રાગધુલ, ધન્યાસી વગેરે પ્રાચીન છંદોનો ઉપયોગ કરેલો છે.

જૈન સાહિત્ય એની બંધાઈ ગયેલી પ્રણાલિકામાં આગળ વધ્યા કરે છે જ્યારે જૈનેતર સાહિત્ય નવી પ્રણાલિકાઓ શરૂ કરી ગુજરાતી સાહિત્યમાં અનોખી ભાત પાડે છે. જૈન રાસોનું સ્થાન હવે બહુસંખ્ય પદો અને લઘુ આખ્યાનો લે છે અને આ શતકના અંતભાગમાં વણિક કવિ શ્રીધરમાં સંવાદસાહિત્યની શૈલી જોવા મળે છે. આ શતકે સત્તર જૈન ગુજરાતી ગૃહસ્થ કવિઓ પણ આપ્યા છે.

ગદ્યસાહિત્ય પણ આ શતકમાં પ્રમાણમાં નોંધપાત્ર પ્રગતિ સાધે છે. તેમાં છવ્વીસ ગદ્યકારોની ૪૩ તથા અજ્ઞાતકૃત ૧૧, એમ કુલ ૫૪ ગદ્યકૃતિઓ પ્રાપ્ત થાય છે. માણિક્યસુંદરસૂરિ, સોમસુંદરસૂરિ, મુનિસુંદરસૂરિ, દયાસિંહ, સોમસુંદરસૂરિશિષ્ય અને મેરુસુંદર એ છ આ શતકના અગ્રણી ગદ્યકારો છે. માણિક્યસુંદરસૂરિકૃત 'પૃથ્વીચંદ્રચરિત્ર', હરિકલશનું 'ભુવનભાનુકેવલી ચરિત્ર', અજ્ઞાતકૃત કાલકાચાર્યકથા, મેરુસુંદરની 'ભક્તામરપરકથા', અજ્ઞાતકૃત સ્વતંત્રકૃતિ 'પુણ્યાભ્યુદય' (૧૪૭૯ – સંસ્કૃત–ગુજરાતી મિશ્ર ગદ્ય) જેવી ગદ્યકૃતિઓનો સાહિત્યગુણ પણ ધ્યાન ખેંચે છે. આ ઉપરાંત મેરુતુંગસૂરિના વ્યાકરણ ચતુષ્ક બાલાવબોધ અને તદ્ધિત બાલાવબોધ, સોમસુંદરસૂરિના ષષ્ટિશતક પ્રકરણ, ઉપદેશમાલા, યોગશાસ્ત્ર આદિ પરના બાલાવબોધો, જિનસાગરસૂરિનો ષષ્ટિશતક પ્રકરણ બાલાવબોધ, ઉપાધ્યાય મેરુસુંદરકૃત સંસ્કૃત અલંકારગ્રંથો ઉપરના 'વાગ્ભટાલંકાર બાલાવબોધ' તથા 'વિદગ્ધમુખમંડન બાલાવબોધ', 'પુષ્પમાલા બાલાવબોધ, ષષ્ટિશતક પ્રકરણ બાલાવબોધ આદિ બાર બાલાવબોધો આદિ કૃતિઓ ખાસ નોંધપાત્ર છે. એક જૈનેતર કૃતિ 'ઉક્તિયકમ્' (ઔક્તિક -૧૪૨૮)ની નોંધ લેવી પણ જરૂરી છે. બાકીની બીજી કૃતિઓ પણ ભાષાવિકાસ તેમ જ જૈન ધર્મની દૃષ્ટિએ ઉપયોગી છે. જેની જૈનધારા આ મહાનિબંધનો વિષય છે તે સત્તરમા શતકનો પૂર્વાર્ધ ગુજરાતી સાહિત્યનો એક અગત્યનો કાળખંડ છે. ગુજરાતી

સાહિત્યનો સૌથી મોટો જ્ઞાની કવિ અખો અને આખ્યાનકારશિરોમણિ પ્રેમાનંદના પુરોગામી મનોહરદાસ, કૃષ્ણદાસ, વિષ્ણુદાસ આદિ આખ્યાનકારોનો એ યુગ છે. એ યુગનો સૌથી અગ્રણી કવિ તે જ્ઞાની કવિ અખો. ધર્મકથાસાહિત્ય અને ત્યારબાદ ભક્તિગીતપ્રધાન ગુજરાતી સાહિત્યમાં હવે જ્ઞાનાશ્રયી–વેદાન્તી તત્ત્વજ્ઞાનવાળા કાવ્યસાહિત્યનું એક નવું મોજું આગળ આવે છે. તેની શરૂઆત પંદરમા–સોળમાં શતકોમાં નરસિંહ મહેતા, ભીમ, માંડણ અને ધનરાજ આદિની કૃતિઓમાં થયા પછી સત્તરમા શતકના પૂર્વાર્ધમાં રામભક્ત, નરહરિ, ભગવાનદાસ, ધનદાસ, ગોપાલ અને બૂટિયો આદિના કવન દ્વારા એને વેગ મળે છે અને અસાધારણ પ્રતિભાશાળી અખા દ્વારા એ ઉચ્ચોચ્ચ ભૂમિકાએ પહોંચે છે. વળી આ જ પૂર્વાર્ધમાં રામભક્ત, મનોહરદાસ, દેવીદાસ, શિવદાસ, કૃષ્ણદાસ, ગોવિંદ, ભાઉ, અવિચલ, પરમાણંદ, તુલસીસુત, વૈકુંઠ, માણભટ્ટ, હરિરામ, પોઢા બારોટ, મુરારિ, નરસિંહ નવલ, કથાકાર સુરભટ્ટ, કંસારો ગોવિંદ, માધવ, બંધારો તાપીદાસ આદિ આખ્યાનકારો હવે પછી ઉત્તરાર્ધમાં આવનાર ગુજરાતી સાહિત્યના આખ્યાનકારશિરોમણિ પ્રેમાનંદ માટે યોગ્ય ભૂમિકા તૈયાર કરતા માલૂમ પડે છે. આમ પંદરમા શતકમાં નરસિંહ મહેતાએ અને સોળમા શતકમાં મીરાબાઈએ પોતાનાં ઉત્તમ કોટિનાં ભક્તિગીતો આદિ ઊર્મિકાવ્યોથી રસપલ્લવિત કરેલા ગુજરાતી સાહિત્યક્ષેત્રમાં આ પૂર્વાર્ધમાં હવે જ્ઞાની કવિ અખાની આતમસૂઝના ચમકારા જોવા મળે છે. જૈન ગુજરાતી કવિઓના ધર્મકથાઓ આદિના રાસ પણ આ પૂર્વાર્ધમાં મળ્યા જ કરે છે. આ પૂર્વાર્ધની જૈનધારાના કુલ ૧૮૯ જૈન ગુજરાતી કવિઓએ કુલ ૫૨૬ સાહિત્યકૃતિઓ આપી છે. આમ આ પૂર્વાર્ધના કવિઓની તેમ જ તેમની કૃતિઓની કુલ સંખ્યા લગભગ આખા સોળમાં શતકના કવિઓની તથા તેમની કૃતિઓની કુલ સંખ્યા બરોબર એમ કહી શકાય. કુલ ૧૮૯ કવિઓ પૈકી નયસુંદર, સમયસુંદર અને

ઋષભદાસ એ ત્રણ અગ્રણી કવિઓ છે અને તેથી જૈન ગુજરાતી સાહિત્ય પુરતું એ પૂર્વાર્ધને 'નય–સમય-ઋષભ યુગ' તરીકે ઓળખાવી શકાય. ગુજરાતી સાહિત્યનો 'અખાયુગ' તે જૈન ગુજરાતી સાહિત્યનો 'નય–સમય–ઋષભ યુગ.' એ યુગમાં નયસુંદર, સમયસુંદર અને ઋષભદાસ જેવા સમર્થ જૈન ગુજરાતી કવિઓએ ઊંચી કોટિના અનેક રાસો તથા સંખ્યાબંધ ગીતો અને કાવ્યો આદિ રચી ગુજરાતી સાહિત્યમાં જૈન ગુજરાતી સાહિત્યને પૂર્વકાલીન જૈન ગુજરાતી કવિઓ કરતાં પણ વધુ ઊંચું સ્થાન અપાવ્યું છે. જૈનધર્મની સેવા કરવા ઉપરાંત તેમણે ગુજરાતી સાહિત્યની પણ ઊંચી સેવા બજાવી છે. અખાયુગની જ્ઞાનાશ્રયી કવિતાની છાંટ પણ તે યુગના જૈન કવિઓની બત્રીસી, છત્રીસી અને ખાસ કરીને બાવની આદિ કાવ્યપ્રકારોમાં અને તત્ત્વવિષયક રચનાઓમાં પ્રતીત થાય છે. હીરાનંદની 'અધ્યાત્મ બાવની' (૧૬૧૨ પહેલાં), લાલચંદની 'વૈરાગ્ય બાવની' (૧૬૩૯), ઉદયરાજની 'ગુણબાવની' (૧૬૨૦), શ્રીસારની 'સારબાવની' (૧૬૩૩), બાલચંદની 'બાલચંદ બત્રીસી' (૧૬૨૯), સાધુરંગની 'દયાછત્રીસી', ક્ષમાહંસની ક્ષેમબાવની (૧૬૪૧), ગુણસાગરસૂરિની 'સંગ્રહણી વિચાર ચોપઈ' (૧૬૧૯), ગુણવિનયની 'જીવ સ્વરૂપ ચોપઈ' (૧૬૦૮), પુણ્યસારનો 'નયપ્રકાશરાસ' (૧૬૨૧), આનંદવર્ધનસૂરિની જ્ઞાનાભ્યાસ–બ્રહ્મજ્ઞાન ચોપઇ' (૧૬૨૨), શ્રીસારની 'ઉપદેશસત્તરી' (૧૬૩૩–૩૪ આસપાસ), દેવચંદ્ર (૨)ની 'નવતત્ત્વ ચોપાઈ' (૧૬૩૬), મુક્તિસાગર ઉર્ફે રાજસાગરસૂરિનું 'કેવલિસ્વરૂપસ્તવન' (૧૬૩૦) આદિ કૃતિઓ તેનાં દૃષ્ટાંતો છે. સોળમા શતકની અનોખી સંવાદ શૈલીને જૈનેતર તેમ જ જૈન ગુજરાતી કવિઓએ આ શતકના પૂર્વાર્ધમાં પણ સુંદર રીતે જારી રાખી છે અને વધુ સારી રીતે ખીલવી છે. નરહરિનો 'ગોપીઉદ્ધવ સંવાદ,' અખાનો 'ગુરુશિષ્ય સંવાદ' (૧૬૪૫), 'ચિત્તવિચાર સંવાદ' (૧૬૪૯) અને 'કૃષ્ણઉદ્ધવસંવાદ', વિશ્વનાથ જાનીનો 'વસુદેવદેવકી

સંવાદ', ગોપાલ કવિની 'ગોપાલ ગીતા' (ગુરુશિષ્ય સંવાદ છે) (૧૬૪૯) આદિ જૈનેતર ગુજરાતી સંવાદ સાહિત્યના નમૂના છે. તે જ પ્રમાણે ઋષભદાસ કૃતિઓમાં આવતા અનેક ટૂંકા સંવાદો, સમયસુંદરનો દાનશીલતપ ભાવનાસંવાદ (યાને સંવાદશતક) ધનહર્ષનો ૯૫ કડીનો 'મંદોદરી રાવણ સંવાદ' (૧૬૨૫), શ્રીસારનો ૧૦૮ કડીનો 'મોતી કપાસીઆ (સબંધ) સંવાદ' (૧૬૩૩), દેવરાજનો 'હરિણીસંવાદ' (૧૬૦૮), લૂણસાગરનો 'અંજનાસુંદરી સંવાદ' (૧૬૩૩), વગેરે જૈન ગુજરાતી સંવાદ સાહિત્યના નમૂના છે. આ પૂર્વાર્ધના જૈન ગુજરાતી સાહિત્યમાં કેવળ જૂની પ્રણાલિકાના રાસો જ માત્ર મળ્યા છે એમ નથી. નવી પ્રણાલિકાની જ્ઞાનાશ્રયી કવિતા અને રસપ્રદ સંવાદસાહિત્ય પણ તેમાં પ્રાપ્ત થયું છે. જૈન રાસાઓને મળતાં જૈનેતર આખ્યાનો પણ આ યુગમાં સારા પ્રમાણમાં ખેડાયાં છે જેને પાછળથી ઉત્તરાર્ધમાં આખ્યાનકારશિરોમણિ પ્રેમાનંદ નવો ઓપ અને નવી ઝમક આપે છે. આ પૂર્વાર્ધના નયસુંદર, સમયસુંદર અને ઋષભદાસ જેવા પ્રથમ પંક્તિના ત્રણ સમર્થ જૈન ગુજરાતી કવિઓનું વિપુલ સર્જન તો તરત આગળ તરી આવે છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં અનિવાર્ય એવું સાંપ્રદાયિક તત્ત્વ બાદ કરતાં તેમાં ઊંચા પ્રકારની રસવૃત્તિ અને કાવ્યકલા અવશ્ય જોવા મળે છે. પ્રમાણમાં ઓછું સંશોધાયેલું અને ઓછું પ્રચાર પામેલું એ ગુજરાતી સાહિત્ય હવે જેમ જેમ વધુ સંશોધાતું અને વધુ પ્રચાર પામતું જાય છે તેમ તેમ તેની ખૂબીઓ પણ વધુ પ્રકાશમાં આવતી જાય છે. આખ્યાનકારશિરોમણિ પ્રેમાનંદના આગમન માટે યોગ્ય ભૂમિકા તૈયાર કરવામાં અન્ય જૈનેતર કવિઓની માફક આ પૂર્વાર્ધના તેના પુરોગામી એ ત્રણ સમર્થ જૈન ગુજરાતી રાસકારો – આખ્યાનકારો નયસુંદર, સમયસુંદર અને ઋષભદાસે તેમ જ આ પૂર્વાર્ધના બીજા અનેક જૈન ગુજરાતી કવિઓએ પણ પોતાનો ઉચિત ફાળો આપ્યો

છે. પ્રેમાનંદની પૂર્વે, પંદર-સોળમા શતકના જૈન કવિઓની માફક, રાસના સમાન અર્થમાં 'આખ્યાન' શબ્દનો ઉપયોગ અને પ્રયોગ આ યુગના પણ કેટલાક જૈન ગુજરાતી કવિઓએ કરી બતાવ્યો છે. સંઘવિજયનું 'અમરસેન વૈરસેન રાજર્ષિ આખ્યાન' (૧૬૨૩), દેવચંદ્ર (૨)નું 'પૃથ્વીચંદરાસ-આખ્યાન' (૧૬૪૦), ઉપાધ્યાય રાજરત્નનું 'નવકાર આખ્યાન' (યાને રાજસિંહકુમારરાસ) (૧૬૪૯) આદિ તેના દૃષ્ટાંતો છે. આ પૂર્વાર્ધમાં સમર્થ કવિ ઋષભદાસ, હીરાનંદ, નીખો ઉદો અને વાનો એ પાંચ જૈન ગુજરાતી ગૃહસ્થ કવિઓ પ્રાપ્ત થાય છે. આમ સમગ્ર રીતે વિચારતાં સત્તરમા શતકનો પૂર્વાર્ધ ગુજરાતી સાહિત્યનો તેમ જ જૈન ગુજરાતી સાહિત્યનો એક દેદીપ્યમાન યુગ – 'અખાયુગ', – 'નય–સમય–ઋષભ યુગ' છે. અને તે હવે પછી આવતા ગુજરાતી સાહિત્યના બીજા ઝળહળતા પ્રેમાનંદ યુગ અને આનંદઘન–યશોવિજય યુગની આગાહી રૂપ છે. આ મહાનિબંધનો વિષય 'સત્તરમા શતકના પૂર્વાર્ધના જૈન ગુજરાતી કવિઓ' હોઈ તેમાં સ્વાભાવિક રીતે જ અખાયુગના યાને પ્રેમાનંદ પૂર્વેના 'નય–સમય–ઋષભ યુગ' ઉપર જ વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

સત્તરમા શતકના ઉત્તરાર્ધ યાને 'પ્રેમાનંદ યુગ'માં શ્રેષ્ઠ આખ્યાનકાર અને કવિશિરોમણિ પ્રેમાંનંદ (ઈ.સ. ૧૬૪૯થી૧૭૧૪) ઉપરાંત જ્ઞાનાશ્રયી કવિ ભાણદાસ અને વિશ્વનાથ જાની, ગૂગલી બ્રાહ્મણ, મુકુંદ, રતનજી, પ્રેમાનંદસુત વલ્લભ (શંકાસ્પદ કવિ), રત્નેશ્વર, વીરજી, વણિક હરિદાસ, વણિક દ્વારકાદાસ, સુંદર મેવાડો, વલ્લભ ભટ્ટ, તુલસી, જગન્નાથ, સુરતના વણિકબંધુઓ લઘુ અને સુખે, વલ્લભ મેવાડો, નારાયણ કવિ, કવિ વૈકુંઠદાસ, હામા આદિ આખ્યાનકાર કવિઓ સુવિદિત છે. આ ઉત્તરાર્ધમાં પારસીઓ પાસેથી પણ ગુજરાતી સાહિત્યને ચાર નામેહ– ચરિત્રો મળે છે. સુરતના વતની મોબેદ રૂસ્તમ પેસોતને આપેલાં એ ચાર નામેહ–

ચરિત્રો છે : 'જરથોસ્ત-નામેહ' (૧૬૭૬), 'શ્યાવકસ-નામેહ' (૧૬૮૦) 'વિરાફ-નામેહ' અને 'અસ્પન્દયાર-નામેહ.' આ પારસી ચરિત્ર-ગ્રંથોમાંથી પારસી ગુજરાતીની કેટલીક લાક્ષણિકતાઓ જાણવા મળે છે. તેમાં પહેલવી અને ફારસી શબ્દોનો ઉપયોગ થયેલો છે. અખાની જ્ઞાનાશ્રયી કવિતાનો વેગ આ ઉત્તરાર્ધમાં મંદ પડી ગુજરાતી આખ્યાનસાહિત્ય હવે પૂરબહારમાં ખીલે છે. ભાણદાસ જેવા એકાદ જૈનેતર જ્ઞાનાશ્રયી કવિ બાદ કરતાં આ ઉત્તરાર્ધમાં બીજા બધા આખ્યાનકાર કવિઓ છે ભાણદાસે અદ્વૈત વેદાન્તની ચર્ચા કરતી ગરબીઓ રચી કાવ્યનો એક નવો પ્રકાર આરંભ્યો છે. આ ઉત્તરાર્ધની જૈનધારામાં પણ આનંદઘનજી, યશોવિજયજી, કેસરવિમલ અને ઉદયરત્ન જેવા ચારેક સમર્થ જ્ઞાનાશ્રયી કવિઓ બાદ કરતાં મોટા ભાગના જૈન ગુજરાતી કવિઓ રાસકારો અને વાર્તાકારો જ છે. થોડુંઘણું પારસી, ગુજરાતી સાહિત્ય ચરિત્રાત્મક છે. આમ આ ઉત્તરાર્ધમાં મુખ્યત્વે આખ્યાનપ્રવૃત્તિ આગળ તરી આવે છે અને પ્રેમાનંદમાં એનું શિખર જોવા મળે છે. યોગ્ય રીતે જ આ યુગ 'પ્રેમાનંદ યુગ' લેખાય છે. જૈનધારાનો વિચાર કરતાં આ ઉત્તરાર્ધમાં આનંદઘનજી યશોવિજયજી, વિનયવિજય, જ્ઞાનસાગર, જિનહર્ષ, લાભવર્ધન ધર્મમંદિર, જ્ઞાનવિમલસૂરી, ધર્મવર્ધન, મોહનવિજય, કેસરવિમલ, લબ્ધિરુચિ, વિજયમેરૂ, જિનોદય, કીર્તિવર્ધન, અજીતચંદ્ર, યશોવર્ધન, પરમસાગર, લક્ષ્મીવલ્લભ, નિત્યસૌભાગ્ય, ગંગવિજય, કુશલધર અને ઉદયરત્ન (રત્નાના કાવ્યગુરુ) એ ઊંચી કાવ્યશક્તિ ધરાવનારા ત્રેવીસ કવિઓ તથા જિનદાસ, હેમરાજ, શાંતિદાસ, ગોડીદાસ અને વધો એ પાંચ ગૃહસ્થ કવિઓ સહિત કુલ ૨૦૪ જૈન ગુજરાતી કવિઓ થઈ ગયા છે. તેમાંયે આનંદઘનજી, યશોવિજયજી, જ્ઞાનસાગર, જિનહર્ષ અને ઉદયરત્ન મોખરે હોઈ 'પ્રેમાનંદ યુગ'ના આ સમયને જૈનધારા પૂરતું

'આનંદઘન –યશો–જ્ઞાન – જિનહર્ષ–ઉદયયુગ' તરીકે ઓળખાવી શકાય. તેમાં આનંદઘનજી, યશોવિજયજી, ઉદયરત્ન અને કેસર વિમળ આદિ કવિઓએ ગુજરાતી સાહિત્યમાં પોતાની અખાના જેવી જ્ઞાનાશ્રયી આદિ કવિતાનો સમૃદ્ધ ફાળો આપી અને બાકીના બસો ઉપરાંત જૈન ગુજરાતી કવિઓએ પોતાનું–રાસ-વાર્તાસાહિત્ય વિપુલ પ્રમાણમાં ખેડી ગુજરાતી તેમ જ જૈન ગુજરાતી સાહિત્યની સેવા બજાવી છે. કેટલીક વાર્તાઓ તો ચાર ચાર પાંચ પાંચ કવિઓના હાથે પુનઃ પુનઃ લખાઈ છે જે તેમાંનાં વસ્તુની વ્યાપક લોકપ્રિયતા દર્શાવે છે. જૈન ગુજરાતી સાહિત્યના જ્ઞાન–કવિતા, રાસ ધર્મકથા અને લોકવાર્તાના આ ઉત્તરાર્ધમાં ગરબી, પદો, સુભાષિતો, ગીતો, સંવાદસાહિત્ય, સ્તવનો, સઝ્ઝાયો આદિ છૂટક કવિતા પણ સારા પ્રમાણમાં મળે છે. આમ જૂની પ્રણાલિકાના સાહિત્યમાં જૈન કવિઓએ હજુ પોતાનું સ્થાન ટકાવી રાખ્યું છે પરંતુ આખ્યાનકાર શિરોમણિ પ્રેમાનંદ તેમાં પ્રવેશતાં જૈનેતર ગુજરાતી આખ્યાનસાહિત્ય હવે વધુ ગૌરવવંતુ બની પોતાની સમૃદ્ધિના ઉન્નત શિખરે પહોંચે છે. આ શતકમાં ધ્યાન ખેંચે એવી બીજી એક બીના એ છે કે ગુજરાતી સાહિત્યના શરૂઆતના શતકોમાં જેમ જૈન ગુજરાતી કવિઓના સાહિત્યની અસર જૈનેતર કવિ ઉપર પડતી હતી તેમ હવે પછીના શતકોમાં જૈનેતર કવિઓની અસર જૈન કવિઓ ઉપર પડતી માલૂમ પડે છે. પૂર્વાર્ધમાં થયેલા જ્ઞાનાશ્રયી વેદાન્તી કવિ અખાની સીધી યા આડકતરી અસર આનંદઘનજી અને યશોવિજયજી જેવા ઉત્તરાર્ધના સમર્થ જૈન જ્ઞાની કવિઓ ઉપર પડી હોય તો નવાઈ નહિ. ઉદાહરણ તરીકે–

નથી વાંક વિશ્વંભરતણો, જે કહીએ તે વાંક આપણો,
જેમ કોઈ ભોજન જમાડવા કરે, ત્યાં રિસાણો તો રીસે ફરે
પૂર્ણાનંદ પીરસનારો રહે, અખા અભાગિયાને કોણ કહે !

એ અખાની પંક્તિઓ સાથે સરખાવો યશોવિજયની નીચેની પંક્તિઓ—

તત્ત્વ પ્રીતિ કરી પાણી પાયે, વિમળા લોકે આંજીજી,
લોયણગુરુ પરમાનંદ દીએ તવ, ભ્રમ નાંખે સવિ ભાંજીજી.

અને

અવસર પામી આળસ કરશે, તે મૂરખમાં પહેલોજી,
ભૂખ્યાને જેમ ઘેબર દેતાં, હાથ ન માંડે ઘેલોજી.

('સેવો રે ભવિયા વિમલ જિનેશ્વર, દુલ્લહા સજ્જન સંગાજી' એ સ્તવનમાંથી)

અખાની ઉપર્યુક્ત પંક્તિઓ ઉપરનું શ્રી ઉમાશંકર જોષીનું (અખો એક અધ્યયન પૃ. ૪૦ ઉપરનું) નીચેનું વિવેચન યશોવિજયની ઉપર્યુક્ત પંક્તિઓને પણ કેવું આબેહૂબ બંધબેસતું આવે છે તે જુઓ :

'અહીં રિસાઈ બેઠેલો જમનારો ભૂખ્યો રહે તો તેમાં પીરસનારનો શો વાંક એમ કવિ સામા માણસનો નહિ પણ પોતાનો જ વાંક છે એમ સ્પષ્ટ કરે છે. પ્રસ્તુત વિષય પણ જીવાત્માની તૈયારીનો, આરતનો છે. ગળિયો બળદ, પૂંછલી ભેંસ, રિસાણો અભાગિયો (યશોવિજયજી પક્ષે આળસુ, મુરખ, ભૂખ્યો) એ ત્રણેની વાતમાં તે તે વ્યક્તિનો જ વાંક છે, બહારનાઓનો નહિ એ જ અર્થ કવિને અભિપ્રેત છે.'

પૂર્વાર્ધના જૈન ગુજરાતી સમર્થ કવિ સમયસુંદર ઉપર પણ અખાની અસર જણાય છે. જેમ અખાએ વૈષ્ણવોને પોતાનાં લખાણોમાં ભારે ચાબખા માર્યા છે તેમ સમયસુંદરે પણ જૈનોને પોતાનાં લખાણોમાં ચાબખા માર્યા છે. જેમ વૈષ્ણવ હોઈને પણ વૈષ્ણવોની ખબર લઈ શકાય છે તેમ જૈન હોઈને પણ

જૈનોની ખબર લઈ શકાય છે. 'અખો (એક અધ્યયન)' પૃ. ૪૪ ઉપર શ્રી ઉમાશંકર જોષી કહે છે તેમ 'આત્મનીરીક્ષણશીલ પુરુષો પોતીકાં ગણ્યાં હોય એવાં માણસોને હંમેશાં પંપાળ્યે, જ રાખવાને બદલે જરૂર પડયે તેમને નિર્દયપણે પ્રહાર પણ કરે છે.' વળી સમય-સુંદર નિર્ગુણ ભાવથી ભજન કરનાર સંતોની સાખી અને સબદી શૈલી તથા સગુણભાવથી ભજન કરનાર ભક્ત કવિઓ સૂરદાસ, તુલસીદાસ આદિની સાખી અને પદાવલીઓથી પણ પ્રભાવિત થયેલ જણાય છે.

નરસિંહ મહેતા, મીરાંબાઈ અને પ્રેમાનંદની પ્રેમલક્ષણા ભક્તિ-ની અસર આનંદઘનજી ઉપર પડેલી જણાય છે. 'ઋષભદેવ સ્તવન' ની નીચેની પંક્તિઓ તેનું ઉદાહરણ છે –

'ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત.'

આ મીરાંબાઈના એવા જ ઉદ્દગારોની તરત જ યાદ આપે છે. આનંદઘનજીના જ્ઞાન-ભક્તિનાં ઉત્તમ પદોમાં અને સ્તવનોમાં ઊંચું અધ્યાત્મજ્ઞાન છે જે તેમને કબીર, નરસિંહ, મીરાંબાઈ, અખો ધીરો અને બ્રહ્માનંદ જેવા ઉત્તમ જ્ઞાની ભક્તકવિઓની હરોળમાં મૂકે છે.[૪] આખાએ સત્તરમા શતકની દૃષ્ટિએ વિચારતાં જૈનધારાના એ સમયમાં કુલ ૩૮૯ જૈન ગુજરાતી કવિઓ પ્રાપ્ત થાય છે અને તેમાંના આઠ અગ્રણી કવિઓ તો આખીએ જૈનધારાના અગ્રણી કવિઓમાં મોખરાનું સ્થાન ધરાવે છે એટલું જ નહિ પણ નયસુંદર, સમયસુંદર, ઋષભદાસ, આનંદઘનજી અને યશોવિજય એ પાંચ તો ગુજરાતી સાહિત્યના સમર્થ કવિઓમાં પણ પોતાનું ઊંચું સ્થાન પ્રાપ્ત કરે છે અને આપણને નરસિંહ મહેતા, ભાલણ, મીરાંબાઈ,

---

૪. "આનંદઘનજી કવિતામાં ચેતન, સુમતિ અને દુર્મતિના રૂપકોનો વારં-વાર ઉપયોગ કરે છે." (ડો. ધીરૂભાઈ ઠાકર) વધુ માટે જુઓ આનંદ-ઘનજીના હિંદી પદો અને સ્તવનો ઉપરનો લેખ–'આનંદઘનની અનુભવ વાણી.'

નાકર, અખો, પ્રેમાનંદ શામળભટ્ટ અને દયારામ આદિની યાદ આપે છે. આખાયે શતકમાં શ્રેષ્ઠ જૈન ગુજરાતી ગૃહસ્થ કવિ ઋષભદાસ સહિત ૧૦ જૈન ગુજરાતી ગૃહસ્થ કવિઓ પણ પ્રાપ્ત થાય છે. સમગ્ર રીતે વિચારતાં આખાયે સત્તરમા શતકમાં અનેક જૈનેતર કવિઓ સાથે સાથે ૩૮૯ જેટલી મોટી સંખ્યાના જૈન ગુજરાતી કવિઓએ ગુજરાતી સાહિત્યમાં પોતાનો માતબર ફાળો આપ્યો છે.

આ શતકમાં ગુજરાતી ગદ્યસાહિત્ય પણ પ્રમાણમાં ઠીક ખેડાયું છે. એકલા પૂર્વાર્ધનાં ૩૫ જૈન ગદ્યકારોની ૫૧ તથા અજ્ઞાત જૈન ગદ્યકારોની કૃત ૬૪ એમ કુલ ૧૧૫ ગદ્યકૃતિઓ મળી છે. આમ આખા સોળમા શતકની ગદ્યકૃતિઓ કરતાં પણ આ પૂર્વાર્ધની ગદ્યકૃતિઓની સંખ્યા વધી જાય છે. શિવનિધાન તથા ઉપાધ્યાય કવિ મેઘરાજ આ પૂર્વાર્ધના આગળ પડતા ગદ્યકારો છે. આ પૂર્વાર્ધની કુલ ૧૧૫ કૃતિઓમાંથી કુશલધીરનો, શિવનિધાનનો અને એક અજ્ઞાત કવિનો એમ 'પૃથ્વીરાજ કૃષ્ણવેલી' પર ત્રણ બાલાવબોધો, શ્રુતસાગર અને અજ્ઞાતકૃત 'ઋષિમંડળ' પર બે બાલાવબોધો, કોકશાસ્ત્ર બાલાવબોધ, કુશલધીરનું રસિક પ્રિયાવાર્તિક, વિમલરત્નનો વીરચરિત્ર બાલાવબોધ, નવકાર પરના બાલાવબોધો નારચંદ્ર જ્યોતિષ બાલાવબોધ, ગૌતમકુલક બાલાવબોધ, મેઘરાજનો રાજપ્રશ્નીયસૂત્ર બાલાવબોધ (૫૫૦૦ પંક્તિપૂરનો), સમવાયાંગસૂત્ર બાલાવબોધ (૬૧૭૫ પંક્તિપૂરનો), અને ક્ષેત્રસમાસ બાલાવબોધ (૩૧૦૫ પંક્તિપૂરનો) એ ૧૪ કૃતિઓ સાહિત્યગુણ યા વિપુલતાની દૃષ્ટિએ ખાસ નોંધપાત્ર છે. બાકીના સર્વ બાલાવબોધો, સ્તબકો અને હુંડી આદિ જૈન ધર્મની દૃષ્ટિએ અગત્યના છે. ગુજરાતી ભાષાવિકાસની દૃષ્ટિએ તો આ સર્વ ઉપયોગી છે. ઉત્તરાર્ધનાં ૨૫ ગદ્યકારોની ૮૬ તથા અજ્ઞાતકૃત ૭૪ એમ કુલ ૧૬૦ ગદ્યકૃતિઓ મળી છે. ઉપાધ્યાય પદ્મસુંદરગણી, ટબાકાર ધર્મસિંહ, કવિ જયસોમ,

ઉપાધ્યાય યશોવિજય, વૃદ્ધિવિજય અને જ્ઞાનવિમળસૂરિ એ ૬ ઉત્તરાર્ધના આગળ પડતા ગદ્યકારો છે. ઉત્તરાર્ધની ૧૬૦ ગદ્યકૃતિઓમાંથી હંસરાજનો દ્રવ્યસંગ્રહ બાલાવબોધ, ધર્મસિંહના ૨૭ સૂત્ર પર ૨૭ ટબા, સમવાયાંગ હુંડી, વ્યવહારસૂત્રહુંડી, સૂત્રસમાધિનીહુંડી, ભગવતી આદિ ૭ સૂત્રો પરના સાતયંત્રો, દ્રૌપદી તથા સામાયિકની ચર્ચા, કુંવરવિજયનો રત્નાકર–પંચવિંશતિ બાલાવબોધ (૨૦૦૦ પંક્તિપૂરનો), 'જ્ઞાનસાર' પર સ્વોપજ્ઞ બાલાવબોધ (૧૬૨૫ પંક્તિપૂરનો), વૃદ્ધિવિજયનો ઉપદેશમાલા બાલાવબોધ (૯૦૫૦ પંક્તિપૂરનો), માનવિજયનો ભવભાવના બાલાવબોધ, કનકવિજયનો રત્નાકરપંચવિંશતિસ્તવભાવાર્થ, જ્ઞાનવિમલસૂરિનો સકલાર્હત બાલાવબોધ, આઠયોગદષ્ટિ સ્વાધ્યાય, આનંદઘન ચોવીશી બાલાવબોધ, જિનવિજયનો જિવાભિગમસૂત્ર બાલાવબોધ, પદ્મસુંદરગણીનો ભગવતીસૂત્ર પર ૧૬૦૦૦ પંક્તિપૂરનો બાલાવબોધ તથા અજ્ઞાતકર્તૃક ભુવનદીપક બાલાવબોધ, સિદ્ધાંત વિચાર, કેશવવેલિ બાલાવબોધ, નવ સ્મરણ, સ્તબક, આચારોપદેશ બાલાવબોધ, દાનકુલક બાલાવબોધ, ચઉશરણ સ્તબક, શુકનશાસ્ત્ર વિચાર, આનંદાદિશ્રાવકચરિત્ર આદિ ૬૨ કૃતિઓ સાહિત્યગુણ યા વિપુલતાની દૃષ્ટિએ ખાસ નોંધપાત્ર છે. આખાયે શતકની દૃષ્ટિએ વિચારતાં તેમાં કુલ ૬૦ ગદ્યકારોની ૧૩૭ તથા અજ્ઞાતકર્તૃક ૧૩૪ એમ કુલ ૨૭૧ ગદ્યકૃતિઓ પ્રાપ્ત થઈ છે.

આમ સોળમા શતકની ગદ્યકૃતિઓની સરખામણીએ આ શતકની ગદ્યકૃતિઓ વિશાળ તેમ જ સંખ્યાની દૃષ્ટિએ લગભગ ત્રણગણી છે. આમ જૈન ગુજરાતી કવિઓની માફક જૈન ગુજરાતી ગદ્યકારોની પ્રવૃત્તિ પણ આ શતકમાં વધુ વેગવંતી બને છે. આ શતકની જૈનધારામાં પણ 'ભગવત' ને 'યોગાવાસિષ્ઠ'ના સાર, 'ગીતગોવિંદ', 'ભગવત્‌ગીતા' ને 'ચાણક્યનીતિ'ના સારાનુવાદ તથા 'પંચાખ્યાન,' 'પંચદડ', 'વેતાળપચીશી' ને શુકબાઉતેરી'ની વાર્તાઓ ગદ્યસ્વરૂપે મળે છે. આમ છતાં મોટા ભાગનું ગુજરાતી ગદ્યસાહિત્ય તો હજુ

સુધી પણ મુખ્યત્વે જૈન ગુજરાતી ગદ્યકારોએ જ લખ્યું છે.

હવે બાકી રહ્યો ઈ. સ. ૧૭૦૦ પછીનો મધ્યકાલીન ગુજ-સાહિત્યનો દોઢેક સૈકાનો સમય. પ્રેમાનંદ અને તેના કેટલાક સમ-કાલીનોનો આયુમર્યાદાનો છેડો અઢારમાં શતકમાં આવે છે તથા તેમની કેટલીક કૃતિઓ પણ અઢારમા શતકમાં રચાઈ છે. મધ્ય-કાલીન યુગની પૂર્ણાહુતિ દયારામના અવસાન સુધીના ઓગણીમા શતકના પૂર્વાર્ધના અંત સમયે થાય છે. એ વચગાળાના દોઢેક સૈકાના સમયના આરંભમાં શામળ અને અંતમાં દયારામ એ બે ગુજરાતી સાહિત્યના અગ્રણી કવિઓ છે. એ સમયમાં શ્રેષ્ઠ ગુજ-રાતી વાર્તાકવિ શામળ (ઈ. સ.૧૭૦૦થી ૧૭૭૦) અને ત્યારપછી ભરૂચ જીલ્લાનો મુસલમાન કવિ રાજે, ખેડાનો ભાવસાર રત્નો, તોરણાનો રણછોડ, ડાકોર નિવાસી દ્વારકો, સુરતના શિવાનંદસ્વામી રામકૃષ્ણ, થોભણ, રઘુનાથ, શાંતિદાસ, લીંબડીનો માઠો ઢાઢી, પ્રીતમ, ધીરો નિરાંત, ભોજો, બાપુ ગાયકવાડ મેવાડો કૃષ્ણરામ, રણછોડજી દીવાન, નરભેરામ, રેવાશંકર, હરદાસ, મોતીરામ, હરિભટ્ટ, સ્વામી સચ્ચિ-દાનંદ (મનોહર), વડોદરા જીલ્લાના માસર ગામનો વણિક કવિ ગિરધર આદિ ગુજરાતી પદ-કવિઓ તથા મુક્તાનંદ, બ્રહ્માનંદ નિષ્કુળાનંદ, પ્રેમાનંદસખી, મંજુકેશાનંદ, સ્વામી દેવાનંદ, (કવિ દલપતરામના કાવ્યગુરુ), યોગાનંદ ભીમાનંદ, તેજાભક્ત, જેરામ, બ્રહ્મચારી આદિ સ્વામીનારાયણી ભક્તકવિઓ તેમ જ ભાણદાસ ખીમ-દાસ, રવિદાસ, મોરાર સાહેબ, ત્રિકમસાહેબ, હોથી, સુમરો,(મુસલ-માન), સંત જીવણદાસ, આદિ ભક્તકવિઓ થઈ ગયા છે. સોળમા શતકમાં પદ્મશ્રી (જૈન), મીરાંબાઈ અને હેમશ્રી (જૈન-નયસુંદરની શિષ્યા) એ ત્રણ ગુજરાતી કવયિત્રી પછી સત્તરમા શતકના અંત સુધી બીજી કોઈ ગુજરાતી કવયિત્રી થઈ જાણમાં નથી. સત્તરમા શતક પછીના આ સમયમાં જ્ઞાનમાર્ગી ગૌરીબાઈ (૧૭૫૯-૧૮૦૯), રામભક્ત દીવાળીબાઈ, કૃષ્ણાબાઈ પુરીબાઈ, રાધાબાઈ, વણારસી-

બાઈ (નિરાંતની શિષ્યા), જનીબાઈ, નાનીબાઈ, રતનબાઈ આદિ અગિયારેક સ્ત્રી-કવિયત્રીઓ થઈ ગઈ છે. આપણા લોકસાહિત્ય અને નીચલા ભાવિક થરની જીવતી રહેલી ભજનવાણીમાં પણ સ્ત્રીઓનો સારો એવો ફાળો છે. વૈષ્ણવસંપ્રદાયનો ભક્તકવિ અને ગુજરાતી સાહિત્યનો 'બાયરન' દયારામ (ઈ. સ. ૧૭૭૭–૧૮૫૨) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના છેલ્લા પ્રતિનિધિ તરીકે જાણીતો છે. આમ આખોયે આ દોઢક સૈકાનો ગાળો મુખ્યત્વે વાર્તાઓ અને પ્રેમભક્તિ કવિતાનો અર્થાત્ ભક્તિપદોનો સમય છે. સંવાદસાહિત્ય પણ તેમાં સારા પ્રમાણમાં ખેડાયું છે. પંદરમા શતકથી શરૂ થયેલી એ અનોખી શૈલી મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના અંત સુધી સારા પ્રમાણમાં પ્રચલિત રહી છે.

દોઢેક શતકના આ ગાળાની જૈનધારામાં થયેલા કુલ ૨૯૭ જૈન ગુજરાતી કવિઓએ જૂની પ્રણાલિકાનું જૈન ગુજરાતી સાહિત્ય પણ સારા પ્રમાણમાં ખેડયું છે. એ કવિઓ પૈકી નેમવિજય, દેવચંદ્ર, અમર – અમરવિજય, જીતમલ, રાયચંદ (૩), દીપવિજય, જ્ઞાનસાર, ઉત્તમવિજય (૩), પદ્મવિજય (૩) અને ઉ. વીરવિજય એ દશ ઉત્તમ કોટિના કવિઓ છે. તેમાંયે સાહિત્યગુણ તેમ જ વિપુલતાની દષ્ટિએ નેમવિજય, દેવચંદ્ર, પદ્મવિજય અને ઉપાધ્યાય વીરવિજય મોખરે હોઈ શામળ – દયારામના એ દોઢેક સૈકાના ગાળાને જૈન ગુજેરાતીધારા પુરતો 'નેમ-દેવ–પદ્મ–વીર યુગ' તરીકે ઓળખાવી શકાય. એ યુગમાં અડતાલીસેક જૈન ગુજરાતી ગૃહસ્થ કવિઓ પણ થઈ ગયા છે. આ ગાળાના શ્રેષ્ઠ ગુજરાતી વાર્તા કવિ શામળદાસ ઉપર તેના જૈન પુરોગામીઓ નયસુંદર, સમયસુંદર અને ઋષભદાસ આદિનું ન્યૂનાધિક ઋણ જણાઈ આવે છે. વાર્તાસાહિત્યમાં જૈન કવિઓઓએ અત્યારસુધી પોતાનું આગવું સ્થાન ટકાવી રાખ્યું હતું, પરંતુ જેમ જૈનેતર ગુજરાતી ધારામાં પ્રેમાનંદ પ્રવેશતાં

જૈનેતર આખ્યાનસાહિત્ય પૂરબહારમાં વિકસ્યું અને ઉન્નત શિખરે પહોંચ્યું તેમ આ યુગની જૈનેતરધારામાં શામળભટ્ટ પ્રવેશતાં જૈનવાર્તાસાહિત્ય કરતાં પણ જૈનેતર વાર્તાસાહિત્ય વિશેષ વિકસ્યું અને તેના ઉચ્ચ શિખરે પહોંચ્યું. અલબત્ત આ સમયમાં નેમવિજય, દેવચંદ્ર, પદ્મવિજય અને વીરવિજય જેવા જૈન કવિઓનું પણ વાર્તાસાહિત્યના રચનારાઓમાં ઊંચું સ્થાન છે. આ ઉપરાંત આ યુગની જૈનધારામાં જ્ઞાનાશ્રયી કવિતા અને પદો, સઝ્ઝાયો, પૂજાઓ અને સ્તવનો આદિ ભક્તિકવિતા પણ સારા પ્રમાણમાં મળી છે. એવી કવિતાના સર્જનમાં ઉપર્યુક્ત ચાર મુખ્ય કવિઓ ઉપરાંત હંસરત્ન, ધર્નાવજય, હેતવિજય, અનોપવિજય અને અભિવિજય જેવા કવિઓનું પ્રદાન છે.

આ ગાળાની એક ખાસ નોંધપાત્ર વસ્તુ એ છે કે ગુજરાતી સાહિત્ય હવે એના સાચા અર્થમાં સાર્વજનિક ગુજરાતી સાહિત્ય બને છે. હિંદુ, જૈન, સ્વામીનારાયણ, કબીરપંથી, સવર્ણ હરિજન, કહેવાતા ઉચ્ચ નીચ સર્વ કોમના કવિઓના પ્રદાનથી એનું ઘડતર થાય છે.

ગદ્યસાહિત્ય-મુખ્યત્વે જૈન ગુજરાતી ગદ્યસાહિત્ય પણ આ ગાળામાં પ્રમાણમાં ઘણું મળે છે. તેની જૈનધારામાં ૩૯, ગદ્યકારોની ૭૩, અજ્ઞાતકર્તૃક ૩૮૪ તેમ જ ભોજનભક્તિ (વર્ણક) મળી કુલ ૪૫૮ ગદ્યકૃતિઓ મળે છે. ૩૯ ગદ્યકારોમાં દેવચંદ્ર, રામવિજય, જીવવિજય, ઉત્તમવિજય અને મોહન (માલ્હ) એ પાંચ મુખ્ય છે. કુલ ૪૫૮ કૃતિઓ પૈકી સ્થૂલિભદ્રચરિત્ર પરના બાલાવબોધો, નવતત્ત્વ પરના બાલાવબોધો (એક ૩૦૦૦ પંક્તિપૂરનો), સભાચંદની જ્ઞાનસુખડી (આ શીર્ષક નોંધપાત્ર છે) (ઈ. સ. ૧૭૧૧), દેવચંદ્રના આગમસાર, નયચક્ર બાલાવબોધ, વિચારસારપ્રકરણ (૧૫૦૦ પંક્તિપૂરતું), ઉપદેશમાલાપરના બાલાવબોધો, નેમનાથચરિત્ર પરના

બાલાવબોધો, ભર્તુહરિશતકત્રય પરના બાલાવબોધો, અમરૂશતક બાલાવબોધ, સમયસાર બાલાવબોધ, ભક્તામર પરના બાલાવબોધો, વિવાહપડલ પરના બાલાવબોધો, જીવવિજયનો અધ્યાત્મકલ્પદ્રુમ બાલાવબોધ, કર્મગ્રંથ પરના બાલાવબોધો (એક ૫૮૦૦ પંક્તિપૂરનો), ૧૫૬૦૬ પંક્તિપૂરનો જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ બાલાવબોધ, જંબૂસ્વામીચરિત્ર પરના બાલાવબોધો, જ્ઞાનસાગરનું ધન્યકુમારચરિત્ર (દાનકલ્પદ્રુમ) અને તે જ વિષય પરના બીજા બાલાવબોધો, બનારસી વિલાસ બાલાવબોધ, નિરયાવલીસૂત્ર પરના બાલાવબોધો, કલ્પસૂત્ર પરના બાલાવબોધો, શત્રુંજયમહાત્મ્ય સ્તબક, ચિત્રસેન પદ્માવતી પરના બાલાવબોધો, અને સ્તબકો, આત્મકુલક પરના સ્તબકો, વિચાર-યંત્ર બાલાવબોધ, યોગસારભાષાટીકા, નવ સ્મરણ સ્તબક, સિદ્ધાંતસોરોદ્ધાર (૧૭૨૪), જ્યોતિષ પરના બાલાવબોધો, ગૌતમપૃચ્છા પરના બાલાવબોધો (એક ૧૫૦૦ પંક્તિપૂરનો), દૃષ્ટાંતશતક બાલાવબોધ, ઉત્તરાધ્યયનસૂત્ર પર ૯૧૨૫ પંક્તિપૂરનો અને ૬૭૬૮ પંક્તિપૂરનો અને બીજા બાલાવબોધો, દાનશીલતપ-ભાવના (ગુજરાતી) સસ્તબક (૧૭૩૬), ગણિતસાર–ટિપ્પન (૧૭૪૧), જંબૂસ્વામીકથા (ગુજરાતી - ૧૭૪૪), શિવા દુવડીયા સસ્તબક (ભાષામાં), ભુવનભાનુચરિત્ર પરના બાલાવબોધો (એક ૫૫૦૦ પંક્તિપૂરનો), ઉત્તમવિજયનો ૨૦૦૦૦ પંક્તિપૂરનો શ્રાદ્ધવિધિવૃત્તિ પર બાલાવબોધ (૧૭૬૮), મતિસારનો વરાહમિહિરના 'લઘુજાતક (જ્યોતિષ)' પર બાલાવબોધ (૧૭૯૦), આનંદઘન ચોવીશી પરના બાલાવબોધો, વીરવિજયનું 'પ્રશ્નોત્તર ચિંતામણી', યશોધરચરિત્ર પરના બાલાવબોધો, મોહન (માલ્હ)નો ૧૮૦૦૦ પંક્તિપૂરનો અનુયોગદ્વારસૂત્ર બાલાવબોધ, રૂપવિજયનો વિચારામૃતસંગ્રહ (જિનહર્ષકૃત) બાલાવબોધ, તથા સમ્યકત્વસંભવ (સુલસાચરિત્ર) બાલાવબોધ, મૂહૂર્ત-મુકતાવલી બાલાવબોધ, કલ્પસૂત્ર પરના બાલાવ-

બોધો, યોગવિધિ, ચાણુક્યનીતિ પરના બાલાવબોધો, ભગવગીતા-ભાષા, જ્ઞાનપંચમી પરના બાલાવબોધો, મૌનએકાદશી પરના બાલાવબોધો, દીવાળીકલ્પ પરના બાલાવબોધો, ૩૯૦૦ પંક્તિપૂરનો 'શ્રુતાવબોધ ઉપદેશ' (૧૭૮૦), મહીપાલચરિત્ર પરના બાલાવબોધો, જગદેવપરમારની વાર્તા (૧૭૮૬), વિવેકમંજરીવૃતિ બાલાવબોધ (૧૭૯૦), જ્ઞાતાસૂત્ર પર ૧૩૯૧૯, ૫૫૦૦ પંક્તિપૂરના અને બીજા બાલાવબોધો, સુસઢચરિત્ર બાલાવબોધ, મણિપતિચરિત્ર બાલાવબોધ, રૂપસેનચરિત્ર બાલાવબોધ, ચમત્કાર ચિંતામણિ બાલાવબોધ, ગિરનારકલ્પ બાલાવબોધ, ઉત્તમકુમારચરિત્ર બાલાવબોધ, અક્ષય-તૃતીયાકથા બાલાવબોધ, કૂર્માપુત્રચરિત્ર બાલાવબોધ(૧૮૧૬), ચતુર્માસી વ્યાખ્યાન તથા હોલીકથા, વિવેકવિલાસ બાલાવબોધ (૧૮૨૧), 'ઉપદેશરસાલ' (૧૮૨૨), આત્મશિક્ષા બાલાવબોધ (૧૮૨૬), જીવાભિગમસૂત્ર બાલાવબોધ (૪૭૦૦ પંક્તિપૂરનો) ધર્મકથા બાલાવબોધ, આચારોપદેશ (૧૮૪૮) તથા ભોજનભક્તિ (વર્ણક) આદિ ૮૮ ઉપરાંત કૃતિઓ સાહિત્યગુણ યા વિપુલતાની તથા ભાષાવિકાસના અભ્યાસની દૃષ્ટિએ ખાસ નોંધપાત્ર છે. બાકીની ૩૬૯ કૃતિઓ પણ ભાષાવિકાસ તેમ જ જૈનધર્મની દૃષ્ટિએ ઉપ-યોગી છે.

આ ગાળાની જૈનેતર ધારામાં સિંહાસનબત્રીસી ને સુડાબહોતેરી જેવી વાર્તાઓ તથા 'શકુનાવલી', સારસંગ્રહ', વિદુરનીતિ અને જ્યો-તિષ, વૈદક આદિને લગતી ગદ્યકૃતિઓ, સ્વામિનારાયણનાં 'વાચનામૃતો' તથા દયારામની 'સતસૈયા' પર ટીકા, હરિહરતારતમ્ય, ભાગવતસાર, પ્રશ્નોત્તરમાલા, કલેશકુઠાર (લઘુ અને બૃહત્) અને પ્રશ્નોત્તરવિચાર જેવી કૃતિઓ જોવા મળે છે.

સમગ્ર રીતે વિચારતાં ગુજરાતી પદ્યસાહિત્યની માફક ગુજરાતી ગદ્ય-સાહિત્યનો આરંભ જૈન ગદ્યકારોથી થયો છે અને તેને સારાયે મધ્યકાળ-માં વિપુલ પ્રમાણમાં ખેડયું અને વિકસાવ્યું છે પણ જૈન ગદ્યકારોએ જ.

જૈનેતર ગદ્યધારામાં મળી આવતું ગદ્ય પ્રમાણમાં અલ્પ છે અને વસ્તુતઃ દયારામ સુદ્ધાંએ પણ ગદ્યકાર તરીકે ગણનાપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરી નથી. મધ્યકાળમાં ગુજરાતી ગદ્યને વેગ આપવાનું કાર્ય પણ મુખ્યત્વે તો જૈન ગદ્યકારોએ જ કર્યું છે. એમના એ સમગ્ર મધ્યકાલીન ગુજરાતી ગદ્યની વિપુલતાનો ખ્યાલ તો શ્રી ભો. જ. સાંડેસરાના તેમણે સંપાદિત કરેલ નેમિચંદ્ર ભંડારી વિરચિત 'ષષ્ટિશતકપ્રકરણ'ની પ્રસ્તાવના પૃ. ૫ ઉપરના નીચેના શબ્દો ઉપરથી આવી શકશે : 'અત્યારે ઉપલબ્ધ થતું જૂનું ગદ્ય પણ એટલું વિપુલ છે કે એનું પ્રકાશન કરવામાં આવે તો ''બૃહત્‌કાવ્યદોહન'' ના સુપ્રસિદ્ધ ગ્રંથો જેવડા ઓછામાં ઓછા સો ગ્રંથો તો સહેજે ભરાય. જોકે જુદા જુદા પ્રાચીન ગ્રંથભંડારો અને સંગ્રહોમાં જે ગદ્યસાહિત્ય મારા જોવામાં આવ્યું છે એ વિચારતાં મને લાગે છે કે આ વિધાનમાં સંભવ અત્યુક્તિનો નહિ પણ અલ્પોક્તિનો છે.' આ સાથે અત્રે એ પણ ઉમેરવું જોઈએ કે અત્યાર સુધી ઉપર જે સર્વ ગદ્યસાહિત્યનો ઉલ્લેખ કરેલો છે તેમાં સાલ વગરની અજ્ઞાત કર્તાઓની અઢળક કૃતિઓનો સમાવેશ તો કર્યો જ નથી – કોઈ પણ જાતની માહિતી વિનાની એવી કૃતિઓનો સમાવેશ કે ઉલ્લેખ મહત્ત્વનો કે આવશ્યક પણ લેખી શકાય નહિ.

છેલ્લે અત્રે મધ્યકાળના ગુજાતી લોકસાહિત્યની પણ નોંધ લેવી આવશ્યક છે. 'એનું કર્તૃત્વ ભલે અભણ પણ સંવેદનશીલ અને ભાવ-સમૃદ્ધ હૈયાંવાળાં નરનારીઓનું હોય છે. એટલે એની કહેણી સીધી અને અકૃત્રિમ, છતાં એ જ કારણે નગરોદ્યાનની નહિ પણ વગડાની સુંદરતાનો અનુભવ કરાવનારી અને એક પ્રકારની લાક્ષણિક તાજગી ને ચોટવાળી હોય છે. યથાપ્રસંગ મર્માળી, લાઘવભરી અને લોકકલ્પનાને જ સૂઝે એવા મૌલિક અલંકારોથી ઓપતી એની વાણી અને વીર, શૃંગાર, કરુણ, અદ્‌ભુત, હાસ્ય, આદિ રસોની એમાં થતી

નિષ્પત્તિ આ લોકસાહિત્યને સાહિત્યગુણે પણ સમૃદ્ધ બને છે.'[૫] ચારણો, ભાટ, મીર, મોતીસર, રાવળ, ખારવા, ભીલ, પઢાર, દુબળા વગેરે જાતિઓનું એ લોકસાહિત્ય –ગીતસાહિત્ય પૌરુષભર્યું અને લાલિત્ય-વાળું છે. રાગ અને ઢાળોની વિવિધતા તો એમાં ઘણી છે. મધ્ય-કાળના શિષ્ટસાહિત્યની સમાન્તરે વહેતો રહેલો એ લોકસાહિત્ય પ્રવાહ પણ ગુજરાતી સાત્યિની કિંમતી મૂડી તે. વજ્રસેનસૂરિ શાલિભદ્રસૂરિ, વિજયભદ્ર અસાઈત, દેવીદાસ, માંડણ, શ્રીત્રર, નયસુંદર, સમયસુંદર ઋષભદાસ, પ્રેમાનંદ શામળ અને દયારામ જેવા મધ્યકાલીન સમર્થ કવિઓએ એ લોકસાહિત્યનો સુંદર ઉપભોગ કર્યો છે. ન્હાનાલાલ, બોટાદકર ને મેઘાણી જેવા અર્વાચીન કવિઓએ પણ એ લોકસાહિત્યની અસર ઝીલી છે કારણ કે તેમાં 'જીવનનો ઉલ્લાસ, ઈહજીવનનો રસ, ગુજરાતી સંસારનું વાસ્તવાલેખન, કૌતુકરસિક(Romantic) અંશો વગેરે તત્ત્વો રહેલાં છે. 'ગઈકાલ સુધીના લોકસમાજની મધ્યકાળના શિષ્ટસાહિત્ય જેટલી જ સમૂહિક સંસ્કારસંપત્તિ બનેલું આવું આપણું લોકસાહિત્ય અર્વાચીન યુગને મળેલો મધ્યકાળનો અમૂલ્ય વારસો છે.' (પ્રો. અ. મ. રાવળ)

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના આ ઝડપી સિંહાવલોકન પરથી જણાશે કે ગુજરાતી સાહિત્યના પવિત્ર મંદિરના પાયાનું ચણતર જૈન કવિઓ અને ગદ્યકારોના હાથે થયું છે, તેની દિવાલો અને ઘુમ્મટ બનાવવાનું કાર્ય સર્વ મધ્યકાલીન જૈન–જૈનેતર કવિઓ ગદ્યકારો અને લોકસાહિત્યે કર્યું છે. અને તેના પર સુવર્ણકલશ ચઢાવવાનું યશસ્વી કાર્ય તે પછી આવતા અર્વાચીન કવિઓ અને ગદ્યકારોના હાથે થાય એમ નિર્માયું છે.

---

૫. પ્રો. અ. મ. રાવળ: ગુજરાતી સાહિત્ય, પૃ. ૨૪૨.

**૨ જૈનધારામાંથી ગુજરાતી ભાષા-સાહિત્યનો આરંભ: તેની અગત્ય: અભ્યાસની જરૂર: આજ દિન સુધીની સ્થિતિ: [વિષયનું સ્પષ્ટીકરણ.]**

ઉપરની આછી પરિચયરેખા પરથી પણ એ સ્પષ્ટ થયું હશે કે બાર, તેર અને ચૌદમા શતકના જૈન ગુજરાતી કવિઓ અને ગદ્યકારોએ ગુજરાતી પદ્ય અને ગદ્ય સાહિત્યનાં બીજ રોપ્યાં અને તેમાંથી અસાઈત, શ્રીધર આદિના ફણગા ફૂટી મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું વટવૃક્ષ ફૂલ્યું ફાલ્યું. જૈન ગુજરાતી કવિઓનું એ અગત્યનું અને વિશિષ્ટ સ્થાન ધીરે ધીરે નરસિંહ મહેતા, મીરાંબાઈ, અખો, પ્રેમાનંદ શામળ અને દયારામ આદિ જૈનેતર ગુજરાતી કવિઓએ લીધું. જોકે તે સમય દરમિયાન નયસુંદર, સમયસુંદર, ઋષભદાસ, આનંદઘનજી અને યશોવિજયજી જેવા પ્રતિભાશાળી જૈન કવિઓએ પણ ગુજરાતી સાહિત્યમાં પોતાનું ઊંચું સ્થાન ટકાવી રાખ્યું છે.[૬] ગદ્ય સાહિત્યનો વિચાર કરતાં ગુજરાતી ગદ્યકારો તો મધ્યકાળના અંત સુધી મુખ્યત્વે જૈન ગુજરાતી ગદ્યકારો જ છે પછી ભલે તેમાં જૈનેતર ગદ્યનાં કેટલાક છાંટણાં હોય. આમ ગુજરાતી ભાષાના આદિ કવિઓ અને આદિ ગદ્યકારો બારથી ચૌદમા શતક સુધીના જૈન ગુજરાતી કવિઓ અને ગદ્યકારો છે. આથી જ હવે વિદ્વાનોમાં નરસિંહ મહેતાને 'આદિ ગુજરાતી કવિ' તરીકે નહિ પણ 'પ્રથમ

---

૬. આ સંદર્ભમાં ડૉ. ભો. જ. સાંડેસરાનું તેમના "ઇતિહાસની કેડી" પૃ. ૧૫૬ ઉપરનું નીચેનું વકતવ્ય પણ વિચારવા જેવું છે.
શામળભટ પહેલાંનું જે વાર્તાઓનું સાહિત્ય મળી આવે છે તે મોટે ભાગે જૈનોનું છે. આનો અર્થ કેટલાક "અતિજૈનો" કરે છે તેમ "ગુજરાતી સાહિત્યના ઉત્પાદક જૈનો છે," એમ નથી, પણ સાચવણીના અભાવે વૈદિકોનું ઘણું સાહિત્ય નાશ પામ્યું એટલો જ છે."

શ્રેષ્ઠ ગુજરાતી કવિ' તરીકે બિરદાવવાનું વલણ છે કારણ કે તેની પૂર્વે જૂની ગુજરાતીમાં વયરસેનસૂરિ, શાલિભદ્રસૂરિ, ધર્મ, વિનયચંદ્રસૂરિ, શાલિભદ્રસૂરિ (૨) જિનપદ્મસૂરિ, વિજયભદ્ર, અસાઈત, શ્રીધર, જયશેખરસૂરિ ભીમ (૧) પદ્મનાભ પ્રમુખ ઘણા ગુજરાતી કવિઓ થઈ ગયા છે તે જ પ્રમાણે કવિ નર્મદાશંકરને 'આદિ ગુજરાતિ ગદ્યકાર' તરીકે નહિપણ 'અર્વાચીન ગુજરાત ગદ્યના પિતા' તરીકે બિરદાવવામાં વિદ્વાનો ઔચિત્ય જુએ છે કારણ કે તેની પૂર્વે જૂની તેમજ મધ્યકાલીન ગુજરાતીમાં સંગ્રામસિંહ (૧૨૮૦), તરુણપ્રભસૂરિ (૧૩૫૫), કુલમંડનસૂરિ (૧૩૯૪) માણિક્યસુંદરસૂરિ (૧૪૨૨), સોમસુંદરસૂરિ (૧૪૨૫), મુનિસુંદરસૂરિ, દયાસિંહ (૧૪૪૧), સોમસુંદરસૂરિશિષ્ય, મેરુસુંદર (૧૪૬૨), હરિકલશ (૧૪૮૭ આસપાસ), પાર્શ્વચંદ્રસૂરિ (૧૫૩૮થી ૧૫૪૫), સિદ્ધિચંદ્ર (૧૫૪૯ આસપાસ), સમરચંદ્ર ૧૫૪૯ આસપાસ), ગુણધીરગણિ ૧૫૪૯ આસપાસ), શિવનિધાન (૧૫૯૬ થી ૧૬૩૬), મેઘરાજ (૧૬૧૪), ઉપાધ્યાય પદ્મસુંદરગણી, ટબાકાર ધર્મસિંહ, કવિ જયસોમ, ઉપાધ્યાય યશોવિજય, વૃદ્ધિવિજય, જ્ઞાનવિમળસૂરિ, દેવચંદ્ર, રામવિજય, જીવવિજય અને મોહન (માલ્હ) આદિ અનેક જૈન તેમ જ કેટલાક પારસી, સ્વામીનારાયણ અને દયારામ આદિ જૈનેતર ગદ્યકારો પણ થઈ ગયા છે. તે જ પ્રમાણે મીરાંબાઈ પણ હવે આપણી પ્રથમ કવયિત્રી નહિ પણ પ્રથમ શ્રેષ્ઠ ગુજરાતી કવયિત્રી હોવા સંભવ છે કારણ કે હેમશ્રી (જૈન) નામની પ્રથમ ગુજરાતી કવયિત્રી કદાચ તેમની પહેલાં થઈ ગઈ હોવા સંભવ છે.

આ બધું સૂચવે છે કે ગુજરાતી ભાષા–સાહિત્યનો આરંભ જૈનધારાથી થયો છે અને આથી તેનો શતકવાર પદ્ધતિસર અભ્યાસ ગુજરાતીના પ્રત્યેક અભ્યાસી માટે આવશ્યક બને છે. ગુજરાતી ભાષા–સાહિત્યની શરૂઆત તથા તેના ઉત્તરોત્તર ક્રમિક વિકાસનો અભ્યાસ કરતાં ગુજરાતી સાહિત્યની જૈનધારાએ તેમાં કેવો અગત્યનો ભાગ ભજવ્યો છે તેનો ખ્યાલ આપોઆપ મળી રહે છે. આજ

દિન સુધીમાં એવા અભ્યાસની દિશામાં કેટલાક પ્રયત્નો થતા આવ્યા છે. કવિઓ (તેમ જ ગદ્યકારો) અને તેમની કૃતિઓ આદિ વિષે ટૂંક માહિતી આપતી યાદીઓ રજૂ કરતા ગ્રંથો તૈયાર થઈ પ્રગટ થયા છે. જૈનધારા માટે આવો અગત્યનો ગ્રંથ છે : શ્રી મો. દ. દેસાઈના 'જૈન ગુર્જર કવિઓ' – ભાગ ૧, ૨, ૩ (ખંડ ૧લો, ૨જો.) જૈનેતર ધારા માટે આવા અગત્યના ગ્રંથો છે : શ્રી કે. કા શાસ્ત્રીનું 'કવિચરિત'. શ્રી દેસાઈના ગ્રંથો જૈનધારા માટે સંપૂર્ણ માહિતી પૂરી પાડે છે જ્યારે શ્રી શાસ્ત્રીનો ગ્રંથ જૈનેતર ધારાની સંપૂર્ણ માહિતી માટે અપૂરતો છે, કેમ કે હજી એ પૂરો લખાઈ પ્રકાશિત થયો નથી. ગુજરાતી સાહિત્ય પ્રવાહનાં વહેણો સમજાવતા ગ્રંથો તૈયાર કરવાના પ્રયત્નો પણ થયા છે. ગુજરાતી સાહિત્યસંસદનો 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય પ્રવાહ' એ આ પ્રકારનો એક અગત્યનો ગ્રંથ છે. ગુજરાતી સાહિત્યના ઇતિહાસો પણ રચાતા જાય છે અને તેમાં જૈનધારાનો ઉલ્લેખ–સમાવેશ કરવાના પ્રયત્નો પણ થાય છે. છતાં જૂની અને મધ્યકાલી ગુજરાતીનાં બધાં પુસ્તકોની શાસ્ત્રીય વાચનાઓ પ્રગટ થાય અને તેમનો અભ્યાસ થાય ત્યારે જ ઈતિહાસની અપૂર્ણતાઓ ટળે. પરંતુ એમ ન બને ત્યાં સુધી એ મર્યાદા વચ્ચે પણ, પ્રગટ સામગ્રી તપાસી જઈને અને અપ્રગટનો પણ અંદાજ મેળવીને સૈકાવાર અધ્યયનો થાય તો તે તે કાળખંડના વધું આત્મીયતાભર્યા પરિચયમાં ઉપકારક નીવડે. બધી માહિતી સુલભ હોય — ઇતિહાસો પણ બધા હોય— તો પણ સૈકાવાર, યુગવાર કે વ્યક્તિદીઠ અધ્યયનો જરૂરી છે. બલકે જૈન અને જૈનેતર યુગવાર અધ્યયનો તૈયાર થયા પછી જેમાં બન્નેનો સમાવેશ થતો હોય તેવાં શતક કે યુગવાર અધ્યયનોની ઘણી આવશ્યકતા છે. ગુજરાતી સાહિત્ય માટે અંગ્રેજી સાહિત્યના 'Age of Jhoson', 'Age of Word worth' જેવા શતક યા યુગવાર ગ્રંથો

ઘણા ઉપયોગી નીવડે. આ બધાં દૃષ્ટિબિંદુઓથી સાહિત્યના અભ્યાસને ઉપકારક થાય એવો અધ્યયન માટેનો એકાદ કાળખંડ શોધતાં સત્તરમા સૈકા ઉપર કોઈ પણ અભ્યાસીની નજર પડે– પડે એટલું જ નહિ પણ ઠરે એવી સ્થિતિ છે. સત્તરમો સૈકો મનમાં આવતાં અખાનું અને પ્રેમાનંદનું તરત સ્મરણ થાય. સદ્‌ભાગ્યે એ જ સમયમાં જૈનધારામાં પણ કેટલાક આગળ પડતા કવિઓ નયસુંદર, સમયસુંદર, ઋષભદાસ, આનંદઘનજી અને યશોવિજયજી થઈ ગયા છે. સમગ્ર જૈનધારામાં પણ એ અગ્રગણ્ય કવિઓ છે. એમની કૃતિઓનો પણ ખ્યાલ અખા–પ્રેમાનંદના ફાળા સાથે કરીએ તો સુસમૃદ્ધ એવા સત્તરમા સૈકાની સમગ્ર રિદ્ધિનું યથાર્થ દર્શન થાય. સત્તરમા સૈકાના અખા–પ્રેમાનંદ અંગે પ્રમાણમાં ઠીક ઠીક કામ થયેલું છે. 'અખો એક અધ્યયન' (૧૯૪૧) અને 'પ્રેમાનંદ એક અધ્યયન' (૧૯૫૮) પ્રગટ થયેલાં છે. જૈનધારાના નયસુંદર, સમયસુંદર ઋષભદાસ, આનંદઘનજી, યશોવિજયજીનો પરિચય તો ઓછોવત્તો અલબત્ત સાહિત્યના અભ્યાસીઓને છે જ પણ તે કવિઓની રચનાઓનો કડીબદ્ધ અભ્યાસ થાય તો તે સાહિત્યના ઇતિહાસના આકલનમાં નિઃશંક મદદરૂપ નિવડે. આ દૃષ્ટિબિંદુ ધ્યાનમાં રાખી મારા મહાનિબંધ 'સત્તરમા શતકના પૂર્વાર્ધના જૈન ગુજરાતી કવિઓ'માં નયસુંદર, સમયસુંદર અને ઋષભદાસ એ ત્રણેનાં સંપૂર્ણ માહિતીપૂર્ણ અધ્યયનો આપવામાં આવ્યાં છે. 'ઋષભદાસ– એક અધ્યયન' તાજેતરમાં મારી મારફત સ્વતંત્ર રીતે પ્રગટ થઈ ગયું છે. બાકીના બે 'નયસુંદર– એક અધ્યયન' અને સમયસુંદર એક અધ્યકન પણ નજીકના ભવિષ્યમાં સ્વતંત્ર રીતે પ્રગટ થવા સંભવ છે. આનંદઘનજી અને યશોવિજયજી જેવા બીજા અગ્રણી કવિઓના આવા અધ્યયનો પ્રગટ થાય તો ગુજરાતી સાહિત્યના અભ્યાસીને તે ઘણા જ ઉપકારક નીવડે. છેલ્લે એક અતિ અગત્યની નોંધ લેતા આનંદ થાય છે કે તાજેતરમાં જ આપણી ગુજરાતી સાહિત્ય પરિષદે

'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' ચાર દળદાર ગ્રંથોમાં પ્રગટ કરી ગુજરાતી સાહિત્યના ઇતિહાસનું સુંદર આકલન પૂરું પાડ્યું છે.

## ૩. અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં આચાર્ય વિજયલબ્ધિસુરિ તથા આચાર્ય વિજયકીર્તિચંદ્રસુરિનો ફાળો.

'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનધારા'નું આ સંક્ષિપ્ત અવલોકન પૂરું કર્યા બાદ બે અર્વાચીન જૈન કવિવર્યો આચાર્ય વિજયલબ્ધિસૂરિશ્વરજી અને આચાર્ય વિજયકીર્તિચંદ્રસૂરિશ્વરજીએ અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં આપેલા તેમના ફાળાની પણ અત્રે નોંધ લેવી ઉચિત માની છે.

**આચાર્ય વિજયલબ્ધિસૂરિશ્વરજી (ઈ. સ. ૧૮૮૪થી ઈ. સ. ૧૯૬૧ : ૭૭ વર્ષ). તેમની રચનાઓ :**

(૧) આત્મલબ્ધિવિકાસ સ્તવનાવલી : ઈ. સ. ૧૯૨૧.

(૨) પંચજ્ઞાનપૂજા. (૩) તત્ત્વત્રયીપૂજા (૪) નવતત્ત્વપૂજા. (આ ત્રણે પૂજાઓ એક જ અઠવાડિયામાં રચી : (ઈ. સ. ૧૯૨૩).

(૫) પંચમહાવ્રતપૂજા ઈ. સ. ૧૯૨૩. (ત્રણ જ દિવસમાં રચી).

(૬) આષ્ટપ્રકારીપૂજા. ,, | આ કૃતિઓ ૬ કલાકમાં રચી

(૭) મહાવીરસ્નાત્રપૂજા ,, | ,,

(૮) દ્વાદશભાવના પૂજા ઈ. સ. ૧૯૨૪.

(૯) નવપદપૂજા ઈ. સ. ૧૯૨૫.

(૧૦) એકવીશપ્રકારીપૂજા ઈ. સ. ૧૯૨૫.

(૧૧) પંચપરમેષ્ઠીપૂજા. " "

(૧૨) શ્રી મહાવીર કલ્યાણકપૂજા. "

(૧૩) શ્રી શાંતિનાથ કલ્યાણકપૂજા. "

(૧૪) શ્રી વાસુપૂજ્યજિન પંચકલ્યાણક પૂજા : ઈ. સ. ૧૯૨૭.

(૨થી ૧૪ કૃતિઓ "પૂજા તથા સ્તવનાદિ સંગ્રહ" (પ્રકાશક : શ્રી મદ્રાસ જૈનસંઘ:) — માં આપેલી છે.

કવિશ્રીએ ૧૦૦૦ ઉપરાંત ઊર્મિકાવ્યો રચ્યાં છે. તેમની ગુજરાતી સાહિત્યની સેવા વિષે શ્રી ગુણવંતલાલ આચાર્ય લખે છે કે: "ગુજરાતી સાહિત્યની એમણે કદીય ન ભૂલાય તેવી સેવા કરી છે. ગુજરાતી સાહિત્ય ઉપર એમનું કદીયે ન ભૂલાય એવું ઋણ છે."

**૨. આચાર્યવિજયકીર્તિચંદ્રસૂરીશ્વરજી: (જન્મ ઈ. સ. ૧૯૧૬ હાલ ઉંમર ૬૩ વર્ષ.)**

પોતાના દાદાગુરુના પગલે આચાર્ય વિજયકીર્તિચંદ્રસૂરીશ્વરજીએ અનેક સ્તવનો અને સઝ્ઝાયો આદિ રચી સામાન્ય જનતાનું જબરૂં આકર્ષણ કર્યું છે. તેઓશ્રીનો કંઠ મધુર હોવાથી તેમના કોકિલ કંઠે ગવાયેલી તેમની સઝ્ઝાયો આદિ સાંભળવા લોકો સેંકડોની સંખ્યામાં તેમની વ્યાખ્યાનસભાઓમાં ઉપસ્થિત થાય છે અને આચાર્યશ્રી વ્યાખ્યાનના અંત સુધી શ્રોતાઓનાં મનને પોતાની વાણીમાં જકડી રાખે છે.

વિશેષમાં આ આચાર્યશ્રીના ૧૦ ગીતોની એક કેસેટ ઈ. સ. ૧૯૭૯ માં બહાર પાડવામાં આવી છે અને તેણે લોકોનું જબ્બર આકર્ષણ કર્યું છે.

આમ અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં આ બે અર્વાચીન જૈન કવિઓનો–આચાર્યોનો નોંધપાત્ર ફાળો છે જે માટે જૈન સમાજે ગૌરવ લેવા જેવું છે.

## મારા પ્રકાશિત થયેલ 'કવિ ઋષભદાસ (એક અધ્યયન)' ગ્રંથમાં 'હીરવિજયસુરિરાસ'ના વિવેચનમાં અગત્યનો સુધારો.

કવિ ઋષભદાસે પોતાનો 'હીરવિજયસૂરિરાસ'[1] પન્યાસશ્રી સિંહવિમળગણિના શિષ્ય પ્રખર સંસ્કૃત વિદ્વાન પન્યાસશ્રી દેવવિમળ

૧. 'કવિ ઋષભદાસ (એક અધ્યયન)'માં હીરવિજયસૂરિરાસ'ના વિવેચન (પૃ. ૮૭)માં એક ક્ષતિ પ્રત્યે મારું ધ્યાન દોરવા માટે હું બિકાનેરના શ્રી અગરચંદજી નાહટાનો હાર્દિક આભાર માનુ છું. તેમણે મારું ધ્યાન દોર્યું કે 'હીરવિજયસૂરિરાસ' દેવવિમળગણિના સંસ્કૃત 'હીરસૌભાગ્ય-મહાકાવ્ય'-ના આધારે રચાયો છે.

ગણિની સુવિખ્યાત અતિપ્રતિભાસંપન્ન સંસ્કૃત કૃતિ 'હીરસૌભાગ્ય—મહાકાવ્ય'[૨] ના આધારે રચ્યો છે. કવિએ તે કૃતિના નામનિર્દેશ વગર સ્પષ્ટ જણાવ્યું છે કે દેવવિમળગણિની (સંસ્કૃત) કૃતિ (હીર-સૌભાગ્ય–મહાકાવ્ય)ના સોળ સર્ગ છે. અને તેના કુલ ૩૦૦૫ શ્લોક છે, જેના આધારે પોતે પોતાની આ કૃતિ 'હીરવિજયસૂરિરાસ' રચ્યો છે. પન્યાસશ્રી દેવવિમળગણિનો ઋણ સ્વીકાર કરી તેમની કૃતિની મહત્તા ગાતાં કવિ કહે છે:

"વિકટ ભાવ છે તેહના સહી, માહરી બુદ્ધિ કાંઈ તેહવી નહિ,
મેં કીધો તે જોઈ રાસ, બીજા શાસ્ત્રનો કરી અભ્યાસ.
મોટાં વચન સુણીને વાત, તે જોડી આણ્યો અવદાત."

આમ કવિના પોતાના જણાવ્યા પ્રમાણે તેમણે દેવવિમળ-ગણિની ઉપર્યુક્ત કૃતિ ઉપરાંત બીજા ગ્રંથોનો પણ આધાર લીધો છે, અને મોટા પુરુષો- પોતના ગુરુ આદિના હીરવિજયસૂરિ અંગેના વચનો—વાતો જે તેમણે તેમની પાસેથી સાંભળ્યા હશે તેનો પણ તેમણે 'હીરવિજયસૂરિ રાસની રચનામાં ઉપયોગ કર્યો છે. આથી સ્પષ્ટ થાય છે કે 'હીરવિજયસૂરિરાસ' ઋષભદાસની સ્વતંત્ર કૃતિ નહિ પણ 'સંસ્કૃત હીરસૌભાગ્ય—મહાકાવ્ય' આદિના આધારે રચાયેલ કૃતિ છે.

---

૨. અષ્ટસર્ગાત્મક પ્રથમ ભાગ: પ્રકાશક: કાન્તિલાલ ચીમનલાલ કોલસાવાળા, 'ગુડલક', ૯ શ્રીમાળી સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ–૯. અનુવાદલેખિકા–વિદુષી સાધ્વી શ્રી સુલોચનાશ્રીજી. બીજો ભાગ પ્રગટ થયો છે કે કેમ તે મારી જાણમાં નથી.


## લેખકનું પ્રથમ પ્રકાશન

કવિ ઋષભદાસ (એક અધ્યયન) કિં. રૂ. ૧૪–૦૦

### પ્રાપ્તિસ્થાન

(૧) ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રોડ, અમદાવાદ–૧
(૨) પ્રો. ડૉ. વાડીલાલ જીવાભાઈ ચોકશી. ૨૭, જૈનનગર પાલડી, અમદાવાદ ૭
(૩) નવભારત સાહિત્ય મંદિર ૧૬૨, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ ૨

# શુદ્ધિપત્રક

| પૃ. | પંક્તિ | શુદ્ધ | અશુદ્ધ. |
|---|---|---|---|
| ૯ | ૧૮ | પંચમીએ | પંચતીને |
| ૧૩ | ૨૦ | વિવેચન | વિવે |
| ૨૫ | ૬ | ઉછાળ્યા | ઉછળ્યા |
| ૩૭ | ૧૨ | અને શ્રી જયંતસૂરિ સ્વર્ગે સિધાવેલા છે. | સ્વર્ગે સિધાવેલા છે. શ્રી જયંતસૂરિ |
| ૪૦ | ૭ | હતું | છે |
| ,, | ૮ | શકતા | શકે છે. |
| ,, | ૯ | હતી. | છે. |
| ૪૧ | ૧૮-૧૯ | સાંભળવાનો થી પણ સુધી રદ ગણો. | સાંભળવાનો......પણ. |
| ,, | ૨૦ | એ | આ |
| ,, | ,, | હતી | છે. |
| ૪૨ | ૭ | ઈ. સ. ૧૯૬૧ | સં. ૨૦૧૭ |
| ,, | ૧૫ | ઈ. સ. ૧૯૨૧ | સં. ૧૯૭૭ |
| ૪૩ | ૧૩ | રાધનપુરમાં | રાધાનપુરમાં |
| ૪૪ | ૯ | થતી તેથી | થતી, |
| ,, | ૧૪ | મીરાં, (પછી ઉમેરો) દયારામ, દલપતરામ, કાન્ત, કલાપી. | — |
| ,, | ૨૬ | સજઝાયો | સજઝયો |
| ૪૬ | ૧૮ | વસા લે | વસાલે |
| ૫૩ | ૧૦ | પ્રાગ્ | પ્રાગ |
| ૫૬ | ૧ | ષટ્કાકારક | ષટ્કારક |
| ૫૭ | ૩ | પદ્મનાભ | પમનાભ |

| | | | |
|---|---|---|---|
| ૫૭ | ૪ | ઉષાહરણ | ઉપાહરણ |
| ,, | ૭ | ,, | ,, |
| ,, | ૧૬ | એ પહેલાં [ કાઢી નાખો | [......] |
| ૫૮ | | જેની......વિષય છે એ શબ્દો કાઢી નાખો. | — |
| ૫૯ | ૨૬ | બરોબર છે. | બરોબર |
| ૬૧ | ૩ | ઋષભદાસની | ઋષભદાસ |
| ૬૧ | ૪ | દાનશીલતપભાવના સંવાદ | દાનશીલતપ ભાવનાસંવાદ |
| ૬૨ | ૧૪થી ૧૭ પંક્તિઓ રદ કરો | | આ મહાનિબંધનો... છે. |
| ,, | ૨૪ | સુખો | સુખે |
| ૭૦ | ૨૫ | કવિઓએ | કવિઓઓઓએ |
| ૭૨ | ૧૦ | અમીવિજય | અભિવિજય |
| ૭૨ | ૨ | બાલાવબોધો | બાલાનબોધો |
| ,, | ૫ | જંબુદ્વીપપ્રજ્ઞાપ્તિ | જંબુ દ્વીપ પજ્ઞાપ્તિ |
| ૭૪ | ૧૭ | વિનાની | વિનાધી |
| | ૬ | સાહિત્યની | સાત્યિની |
| ૭૫ | ૬ | છે. | તે. |
| ૭૬ | ૩ | કાંઉસનું મેટર રદ કરો. | [વિષયનું સ્પષ્ટીકરણ] |
| ૭૭ | ૬ | ગુજરાતી | ગુજરાત |
| ૭૮ | ૯–૧૦ | આપે છે | માટે અપૂરે તો નથી. (રદ કરવાનું છે.) |
| ,, | ૧૫ | મધ્યકાલીન | મધ્યકાલી |